
વર્ષ ૫ મું
અંક ૧૧ મો
જાન્યુઆરી-૧૯૪૯



શ્રી શત્રુંજય તળેટીમાં શ્રી ધનવસી ટુંક [ બાબુનું મંદિર ]

शिवमस्तु सर्वजगतः

સંપાદક
સોમચંદ ડી. શાહ

ધર્મ, સમાજ, સાહિત્ય અને સંસ્કારનું અદ્યતન માસિક

# : કલ્યાણ :

વર્ષ ૫ મું : અંક ૧૧ : જાન્યુઆરી ૧૯૪૯ : સં. ૨૦૦૫ પોષ

## વિષય દર્શન


તે પૈસા ... ... ... ... શ્રી ધુમકેતુ ૩૭૭

નવી નજરે ... ... ... ... શ્રી સંજય ૩૭૮

માટે હજુ પરતંત્ર છો ... પૂ. પં. શ્રી પ્રવિણવિજયજી મ. ૩૮૧

તેરાપંથી સંપ્રદાય ... ... શ્રી કનૈયાલાલ કોટેચા ૩૮૨

લક્ષ્મી અને સરસ્વતી ... ... ... શ્રી સુકેતુ ૩૮૬

જ્ઞાન ગોચરી ... ... ... ... સં. ગવેષક ૩૯૦

બે મહત્ત્વના પ્રશ્નો ... ... શ્રી મનુ સુબેદાર ૩૯૩

વલ્લભીપુરનું પતન ... પૂ. આ. ભુવનતિલકસૂરિજી મ. ૩૯૫

મધ્યમ વર્ગના જૈનો ... ગાંધી ડાહ્યાચંદ ત્રીભોવનદાસ ૩૯૭

શંકા–સમાધાન ... પૂ. આ. વિજયામૃતસૂરિજી મ. ૩૯૯

સંસ્કારની સાચવણી ... પૂ. મુનિરાજશ્રી ધુરંધરવિજયજી મ. ૪૦૧

તારા–તણખા ... ... ... શ્રી પ્રદીપ ૪૦૩

મુમુક્ષુની મુંઝવણ ... પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મ. ૪૦૮

મહાબળકુમારનો મોક્ષ પૂ. મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી મ. ૪૧૧

હળવી કલમે ... ... ... ... સંપાદક ૪૧૪

આરોગ્યને માટે ... ... ... શ્રી કાંતિ ૪૧૬

લેખકનું મૃત્યુપત્ર ... ... શ્રી નારદ ટા. પેજ ૩ જું


### —: નવા સભ્યોનાં નામો :—

રૂ. ૫૧) શાહ જીવાજી કિશનાજી પોરવાડ જૈન–યુવક સંઘ વાંચનાલય — ગુડાબાલોતરા

રૂ. ૫૧) શેઠ મણીલાલ નગીનદાસ — પેટલાદ

રૂ. ૨૧) શા હીરાલાલ પાનાચંદ — પેટલાદ

રૂ. ૧૧) શ્રી હેમચંદ્રાચાર્ય જૈન પુસ્તકાલય — ધંધુકા

રૂ. ૧૧) શાહ ઝવેરચંદ ચતુરભાઇ — ખડાણા

રૂ ૧૧) શ્રી રતિલાલ સોમચંદ — પેટલાદ

**નવા લેખકોને:** 'કલ્યાણ' માં અવસરે સ્થાન આપવામાં આવે છે. પ્રોત્સાહન આપવું એ અમારી ફરજ છે તેમ લેખ લખવાની પાછળ એટલોજ પરિશ્રમ ઉઠાવવો એ નવા લેખકની ફરજ છે.

**કાવ્ય વિભાગ:** વાંચકોમાં વિશેષ રૂચીકર નહિ થતો હોવાથી દરેક અંકમાં કાવ્યો કે સ્તવનો વગેરે અમે રજુ કરતા નથી. જે લેખકોનાં કવિતો વિશેષ રૂચીકર અને શબ્દ સૌષ્ઠવથી યુક્ત હશે તેજ અવસરે છપાશે.

**જુની ફાઇલો:** જે બન્ધુઓને ત્રીજા અને ચોથા વર્ષની બાઇન્ડીંગ કરેલી ફાઇલો જોઇતી હોય તેઓએ જલ્દિ મંગાવી લેવી. ગણત્રીની ફાઇલો જ સીલીકમાં છે. મૂલ્ય ૫–૦–૦

**જુના અંકો:** 'કલ્યાણ' ના પહેલા વર્ષના અંકો જેઓની પાસે નકામા પડી રહ્યા હોય તેઓ અમને મોકલી આપે. તેના બદલામાં નવા વર્ષના તેટલા જ અંકો આપવામાં આવશે.

**લેખકોને:** પ્રેસની અગવડનાને કારણે જેમ બને તેમ વહેલાસર લેખો મોકલવા કૃપા કરવી, દર અંગ્રેજી મહીનાની ૨૫ તારીખે લેખો અમને મળી જાય તેવી વ્યવસ્થા કરવા મહેરબાની કરશો.

**વિનંતિ:** પૂ૦ આચાર્ય દેવાદિ મહારાજ સાહેબો, વિહારમાં તા ૧૨ સુધીમાં અમને સીરનામું જણાવવા કૃપા કરે.

**૧૫ મી તારીખે:** દર અંગ્રેજી મહીનાની પંદરમી તારીખે 'કલ્યાણ' રવાના થાય છે. તા, ૨૨ મી સુધીમાં આપને ન મળે તો તપાસ કરી અમને જણાવવું.

વર્ષ ૫ મું; અંક ૧૧ મો
સંવત ૨૦૦૫ પોષ જાન્યુઆરી-૧૯૪૯
કલ્યાણ પ્રકાશન મંદિર—પાલીતાણા.

# દુનિયામાં જેનું ચલણ વ્યાપી રહ્યું છે, તે પૈસા —શ્રી ધુમકેતુ

આજનાં વાતાવરણમાં 'પૈસા' હોય કે ન હોય, પણ 'પૈસા' શબ્દ લખવામાં પણ એક જાતનો આનંદ આવી જાય છે. નાનામાં નાના છોકરાને પૈસો બતાવો અને એની આંખ હસી ઉઠશે. એને પણ ખબર છે કે, આ હાથમાં હશે તો આખી દુનિયા એની છે.

આ હવા ઉભી કરવામાં પૈસાનું ચલણ જવાબદાર છેજ; પણ એથી વધુ જવાબદાર માણસ પોતે છે. આંકડામાં રમનાર અને જીવનાર માણસો, આ કાલ્પનિક સ્વર્ગ માટે કાંઈ ઓછા જવાબદાર નહિ હોય. એ ગમે તેમ હોય, પણ આપણે પૈસાને નિંદવા છતાં છેવટે ચાહીએ છીએ તો પૈસાને જ.

મુંબઈના પ્રધાનો પ્રવચનોમાં અમદાવાદી શ્રીમંતોને ઝાડે છે ખરા, પણ સાંજે શીરાપુરી વખતે એમનાં મોટરપગલાં, અનાયાસે એ શ્રીમંતોના દરવાજા પાસેજ દેખા દે છે. એ બતાવે છે કે, માણસ નવી દુનિયામાંથી હવે પૈસાનો બહિષ્કાર કરી શકે તેમ લાગતું નથી. પૈસાને બદલે જરૂરી ચીજોનું સ્વર્ગ ઉભું થાય એવી ઇચ્છા તો સૌની હોય છે, સરકારની તો ખાસ કરીને, પણ સરકાર આર્થિક નિષ્ણાતોની દાસી છે ને આર્થિક નિષ્ણાતો આંકડાના દાસાનુદાસ છે. કાલ્પનિક પૈસાઓને જોવામાં જેટલી એમને મજા આવે છે, એટલીજ લોકોને પણ આવે છે, માટે કલ્પનામાં પૈસા રહેવાના છે, ને પૈસાની કલ્પના પણ રહેવાની છે.

એટલે આપણે એ કાલ્પનિક પૈસાની કવિતા વિષે આજે વિચાર કરવો રહ્યો. પહેલી વાત એ છે કે, પૈસા વિષેની આપણી સમજ ખોટી છે. કેટલાક માને છે તેમ પૈસો એ કોઈ ભયંકર પદાર્થ નથી. એ હોવાથીજ માણસ, માણસાઈ વિનાનો થઇ રહે છે, એ અર્ધસત્ય છે. એ ન હોવાથી માણસ દેવ જેવો લાગે છે, એ પણ અર્ધસત્ય છે. ખરી વાત એ છે કે, અત્યારની પરિસ્થિતિમાં પૈસાના માધ્યમવડે સંસારવ્યવહાર સરળરીતે ચાલી શકે તેમ છે. પણ પૈસાને પૈસારૂપેજ જોયા કરવાથી ઘણી ખરી ગેરવ્યવસ્થા ઉભી થઈ છે. આપણે એને દુનિયાના આ છેડાથી પેલા છેડા સુધીના ઉપયોગી પદાર્થરૂપે જોવો જોઇએ. પણ ઘણુંખરું માણસ એને ભવિષ્યના સંગ્રહરૂપે જુએ છે અને એનું ખરું નુકશાન એની આ સંગ્રહવૃત્તિમાંથી ઉભું થાય છે.

પૈસો એ એકરીતે ગણો તો વહેતો રહેવો જોઇએ. ભવિષ્યની ચિંતાથી, અને પોતાની વિલાસી જરૂરીયાતોના અતિપણાથી માણસ, બીજા માણસના શ્રમનું પૈસામાં મૂલ્યાંકન કરતાં કંજુસાઈ બતાવે છે. એમાંથી લે-પકડની નીતિ શરૂ થાય છે અને છેવટે એને લીધેજ વર્ગવિગ્રહ ઉભો થાય છે.

દરેક માણસ પોતાનાં જીવનને પૈસા માટે ન માનતાં, જીવન માટે પૈસા છે. પછી એ તમામ પ્રકારનાં જીવન માટે છે, એમ જો માનતો થાય તો પૈસાના જેવો મૂલ્યવાન પદાર્થ બીજો કોઈ જ ન ગણાય.
[ એની સફળતાનો આધાર પણ એમાં જ રહેલો છે ]. [ ઉર્મિ ]

# નવી નજરે

**શ્રી સંજય**

**જયપુર ખાતે હિંદી મહાસભાનું ૫૫ મું અધિવેશન ખૂબજ ઠાઠથી પટ્ટાભિસીતારામૈયાના પ્રમુખપદે મળી ગયું, જેમાં ૫૦ લાખનું ખર્ચ થયું છે, જ્યારે ૨૦ લાખની આવક અંદાજવામાં આવી છે.—વર્તમાન.**

હિંદ હમણાંજ આઝાદ થયું છે, પણ ગરીબીના છેલ્લે પાટલે બેઠેલા હિંદની આર્થિક સ્થિતિ ખૂબજ તંગ છે. હિંદ જેવા ગરીબ દેશને ત્રણ દિવસના આવા દબદબા માટે ત્રીસ લાખનું પાણી કરવું હવે કોઈ રીતે પોષાય તેમ નથી. પરદેશી સત્તા જ્યારે હિંદ પર શાસન કરતી હતી, ત્યારે દેશની જાગૃતિને સારૂ આવાં અધિવેશનોની જરૂર હતી, પણ હવે દેશે આઝાદી મેળવી, પરદેશી સત્તાએ ઉચાળા ભર્યા, એટલે હવે તો દેશના રાજકીય આગેવાનોએ હિંદને પગભર કરવા માટે રચનાત્મક કાર્યો પાછળ લાગી જવું, એજ આજના તબક્કે હિતાવહ છે.

**મુંબઈ સરકારે ધાર્મિક મીલ્કતો પર સત્તા મેળવવા સારૂ ટેન્ડુલકર કમીટીના પ્રમુખપણા નીચે તપાસ કમીશન નીમ્યું હતું, તેનો રીપોર્ટ તાજેતરમાં પ્રસિદ્ધ થયો છે. જેમાં ચેરીટી કમીશ્નર નીમવા વગેરેની સૂચનાઓ દ્વારા ટેન્ડુલકર કમીટીએ ધાર્મિક મીલ્કતો પર સરકારની સત્તા કબૂલી છે.—મુંબઈ સમાચાર.**

—કોંગ્રેસ સરકારે સત્તા હાથમાં લીધા પછી, મુંબઈ પ્રાંતના હિંદુઓની ધાર્મિક મીલ્કત પર આંખ અગાડી છે. પ્રાંતમાં મુસ્લીમો છે, પારસીઓ છે, એંગ્લોઇન્ડીયનો છે, અને વહોરાઓ પણ છે; છતાં કેવળ હિંદુઓ અને જૈનોની ધાર્મિક મીલ્કતને અંગે આવી કમીટીઓ નીમવી, એમાં કઈ જાતની મનોવૃત્તિ કામ કરી રહી છે, તે સમજી શકાતું નથી. કોઇપણ સરકાર, ત્યારે જ ઝાઝું જીવી શકે છે કે, જ્યારે તે કોઇપણ કોમના ધાર્મિક કે સામાજિક અધિકાર પર હસ્તક્ષેપ ન કરે! બાકી સત્તા આવ્યા પછી, પ્રજાના હિતને નામે મનફાવતા કાયદાઓ ઠોકી બેસાડવા એ પ્રજાવિશ્વાસનો ગંભીર દ્રોહ છે. મોગલ શહેનશાહત જ્યારે સત્તા પર હતી, ત્યારે પણ પ્રજાહિતને નામે એણે પ્રજાના ધાર્મિક અને સામાજિક રીત-રીવાજોને કચડી નાંખવામાં સત્તાનો દુરૂપયોગ કર્યો હતો. તો આજે વીસમી સદીના જાગૃત યુગમાં પ્રજાના સ્વાતંત્ર્યને કાયદાઓદ્વારા કચડી નાંખવું એ કઇ રીતે યોગ્ય છે?

**અમદાવાદમાં શાંતિચંદ્ર સેવા—સમાજના વાર્ષિકોત્સવનાં સમારંભમાં શ્રીયુત અમૃતલાલ કાલીદાસ જે. પી. એ, જૈન સમાજના ઐક્યને માટે ઘણું જુસ્સાદાર ભાષણ કર્યું હતું.**

શેઠ અમુભાઇ, જૈનસમાજના જુના અને પીઢ કાર્યકર છે. તેઓ લાગણી—પ્રધાન ભાષામાં જુસ્સાપૂર્વક બોલી શકે છે, અને જૈન સમાજની વર્તમાન નિર્નાયક દશા માટે એમનાં હૃદયને જરૂર દુઃખ થતું હશે, પણ તેમના જેવા શક્તિશાળી આગેવાનો ધારે તો, સમાજની શાંતિ માટે બીજું ઘણું ઘણું કરી શકે તેમ છે. આજે શાંતિના કાર્યની ખાતર, ભોગ આપનાર અને એની પૂંઠે ખપી જનારા નીડર, નિષ્પક્ષ, તેમજ મરજીવા સમાજસેવકોની જૈનસમાજને ઘણી જરૂર છે. શ્રીયુત અમુભાઈ ધારે તો આવા શક્તિશાળી કરવૈયાઓનું જૂથ ઉભું કરી શકે તેમ છે. આ સિવાય, સમાજની આજની ગૂંચવણનો કોઇ રીતે ઉકેલ આવી શકે તેમ નથી.

**પાલીતાણાની જૈન ધર્મશાળાઓ હજુયે નિરાશ્રિતોના વસવાટથી ભરચક છે. આથી યાત્રાર્થે આવનાર યાત્રાળુઓ ઘણીજ મુશ્કેલીમાં મૂકાય છે. સૌરાષ્ટ્ર સરકાર, જૈનોની દાદ-ફરિયાદ પ્રત્યે આંખમીંચામણાં કરે છે, ને આપણા જૈન આગેવાનોને આ પ્રશ્ન વિચારવાની ફુરસદ નથી.—એક ફરિયાદ.**

પાલીતાણા ખાતે આવેલું શ્રી શત્રુંજય તીર્થ એ જૈન સમાજનું પ્રાણપ્યારૂં ધાર્મિક તીર્થ છે. તે

તીર્થની યાત્રાર્થે આવનાર યાત્રાળુ ભાઈ-બ્હેનોની-ચતુર્વિધ સંઘની સેવા-ભક્તિને સારૂ જૈનશ્રીમંતોએ ધર્મશાળા આદિ ધર્મસ્થાનોદ્વારા પોતાની કમાણીનો શુભ વ્યય કર્યો છે. તે ધર્મશાળાઓનો ઉદ્દેશ આજે આપણી પ્રજાકીય સરકારના તંત્રમાં ગૂંગળાઇ રહ્યો છે, એ જૈનસમાજને માટે ઓછું દુ:ખદ નથી. એક વેળા દીલ્હી ખાતેની મસ્જીદોમાં સિંધ અને પંજાબના હિંદુ નિરાશ્રિતો કબ્જો લઇને રહ્યા હતા, ત્યારે તે લોકોને મસ્જીદોમાંથી બ્હાર કાઢવા માટે, અને મુસ્લીમ ભાઇઓની દુભાતી લાગણીને શાંત પાડવા, ખુદ મહાત્મા ગાંધીજી જેવાએ આમરણાંત અનશન આદર્યું હતું. તો આજે હિંદભરમાં જૈનોનું પવિત્રમાં પવિત્ર ગણાતું યાત્રાધામ અને તે ધામની પવિત્ર ધર્મશાળાઓનો કબ્જો નિરાશ્રિતોને સોંપી દેવામાં આવે, તેમાં તે લોકો નહિ ખાવા યોગ્ય અભક્ષ્ય ખાય, અને છ-છ મહિનાઓ થવા છતાં ધર્મશાળાઓ ખાલી કરવામાં ન આવે. આ બધી વાતો જૈનસમાજના મોભાને, ગૌરવને કે તેના સ્વમાનને યા લાગણીને આઘાત પહોંચાડનારી નથી કે? જૈન સમાજના વાતોડાહ્યા આગેવાનો હવે ક્યાંસુધી ઉદારતાના નામે આમ ચલાવ્યે રાખશે? આપણી પ્રજાકીય સરકારની સમક્ષ, આપણા મોભાને છાજતી આ બધી હકીકતો રજુ કરવાની આપણા આગેવાનોમાં શું હિમ્મત નથી કે? આ બધા પ્રશ્નો, ભલ-ભલાના દિલને હચમચાવી દે તેવા છે.

**ડચ સરકારે ઇન્ડોનેશીયાની પ્રજાને કચડી નાંખીને તેના દેશનો કબ્જો લઇ લીધો છે. તેના પ્રજાકીય આગેવાન ડૉ૦ સુકર્ણો વગેરેની ધરપકડ કરી છે. જ્યારે દક્ષિણ આફ્રીકાની સરકારે હિંદીઓની વિરૂદ્ધ ધારો પસાર કર્યો છે. અને સીલોનની પ્રજાકીય સરકારે પણ હિંદ વિરૂદ્ધ કાયદાઓ ધારાસભામાં રજૂ કર્યા છે. —રૂટર**

અત્યારસુધી પ્રજાશાસનવાદના નામે યૂરોપના યુદ્ધમાં સાથી રાજ્યોની સાથે રહી, ધરીરાજ્યોની સામે લડવામાં પૂરેપૂરો રસ ધરાવનારી હોલેન્ડની ડચ સરકાર, પોતાના દેશની પ્રજાને સામ્રાજ્યશાહી માનસથી કઇ રીતે કચડી રહી છે, તે આજે ન સમજી શકાય તેવો પ્રશ્ન છે. આ બધા પરદેશીદેશો અત્યારે અગાઉ પ્રજાશાસનની અને પીડિતોની પડખે રહેવાની જે વાતો કરી રહ્યા હતા તે નર્યો દંભ જ કહેવાય કે બીજું કાંઈ? દક્ષિણ આફ્રીકાની સરકાર, અને સીલોનની સરકાર આજે જે માર્ગ લઈ રહી છે, તે પ્રજાતંત્રમાં માનનાર સરકારને કોઇ રીતે શોભે તેમ નથી. કેવળ ફાસીઝમમાં માનનાર દેશો સિવાય આવું પગલું કોણ લઇ શકે?

**એશીયાઇ દેશોની પ્રજા આજે લડાઈના વાતાવરણમાં ઘેરાઇ રહી છે. ચીનની પ્રજા પરસ્પર લડી રહી છે. આરબ અને યહુદીદેશો સ્હામ-સ્હામા તોપો ગોઠવીને બેઠા છે. હિંદ અને પાકીસ્તાન વચ્ચે બીનસત્તાવાર યુદ્ધ ચાલી રહ્યું છે.**

યુરોપની પ્રજા હજુ તો યુદ્ધની હવાના માદક-નશામાં ચકચૂર છે. યુદ્ધનું ઘેન યૂરોપના રાજ્યોની આંખમાં હજી ભારોભાર ભરેલું છે. અમેરીકા અને બ્રિટન, બીજી બાજૂ રશીયા-આ દેશો એક-બીજાની સામે ઘૂરકીયા કરી રહ્યા છે. આનું પરિણામ ભાવિના હાથમાં છે. ત્યાં એશીયાના રાજ્યો, યૂરોપના માંધાતાઓની ભેદી રમતનો ભોગ બની રહ્યાં છે. ચીનની પ્રજા આજે પરસ્પરના કુસંપથી નામશેષ બની રહી છે. માર્શલચ્યાંગ કૈ શેક પોતાના તુમાખી દીમાગથી ચીનની શાંતિને જોખમમાં મૂકી રહ્યા છે. જ્યારે રશીયાના લોખંડી સરમુખત્યાર સ્ટેલીનની દોરવણી હેઠળના સામ્યવાદી બળવાખોરોએ ચીનને ખેદાન-મેદાન કરી મૂકયું છે. આરબ અને યહુદીરાજ્યો એક-બીજા લડી રહ્યા છે, એમાં પણ યૂરોપના ડોલરશાહી અમેરીકાની ચાલબાજી છે. છેવટે હિંદ અને પાકીસ્તાન બન્ને દેશો વચ્ચે કાશ્મીરના યુદ્ધ મેદાનમાં યુદ્ધ ખેલાઇ રહ્યું છે. એકંદરે; વિશ્વના દરેકે દરેક દેશો અને તેની પ્રજા; આજે તો યુદ્ધની માદક હવાના તોફાની નશાના ઘેનમાં ઘેરાઇ રહ્યાં છે.

**ગાંધીજીના સિદ્ધાંતોમાં ખાસ રસ લેનારા તરીકે જાણીતા આચાર્ય શ્રીયુત વિનોબા**

ભાવે એ, જયપુરના કોંગ્રેસ અધિવેશનમાં સર્વોદયપ્રદર્શન ખૂલ્લું મૂકતાં પ્રવચનમાં કહ્યું કે, 'આજે કોંગ્રેસમાં સત્યનું સ્થાન રહ્યું નથી. કોંગ્રેસ કાર્યકરો ઓદ્ધા અને સત્તા લેવા પડાપડી કરે છે, અને દેશ માટે આત્મભોગ આપી સેવા કરવાની ધગશ હવે કોંગ્રેસમેનોમાં રહી નથી.' —સંદેશ.

ઉપરના શબ્દો જો કોઈ બીજી વ્યક્તિના મુખમાંથી બ્હાર પડ્યા હોત તો આજે કોંગ્રેસમેનો અને તેમના વફાદાર છાપાંઓએ તે વ્યક્તિને ઉધડી લઇ નાંખી હોત ! પણ આ શબ્દો કોંગ્રેસમેનોમાં જવાબદારી ભર્યું ઉચ્ચસ્થાન ધરાવનાર આદર્શ દેશસેવકના હૃદયની ઉંડી વ્યથાથી બ્હાર આવેલા સાચા ઉદ્‌ગારો છે. સત્તા હાથમાં આવે કોઇ પણ સંસ્થા કે તેના કાર્યકરો મોટે ભાગે પોતાના સિદ્ધાંતોમાંથી ચલિત થઇ જાય છે. કારણ કે, સત્તા એ લપસણું સ્થાન છે. આથીજ કોંગ્રેસમેનોએ પોતાના જીવનનું નૈતિકધોરણ ઉંચું-તદ્દન ઉંચુ-સર્વોચ્ચ આદર્શ ધોરણ રાખવું પડશે. નહિતર કોંગ્રેસની પ્રતિષ્ઠાને ધક્કો પહોંચતાં વાર નહિ લાગે. સાથે સાથે કોંગ્રેસના વહિવટની વ્યાજબી ટીકા કરનારાઓને-હરિફ પક્ષોને સાંભળવા અને સંભાળવા પડશે. સંરક્ષણધારા હેઠળ હરિફપક્ષોનાં મુખબંધ કરી દેવાથી, સરકારની વહિવટી ભૂલોને હિમ્મતપૂર્વક બ્હાર મૂકનાર કોઈ રહેશેજ નહિ. આ પ્રસંગે મદ્રાસ કોંગ્રેસની કમીટીનો હમણાં પસાર કરેલો ઠરાવ યાદ આવે છે. તેણે એમ ઠરાવ્યું છે કે, 'સરકારી રેશન ઓફીસો, કોન્ટ્રાકટરો કે એવા બીજા ખાતામાં હોદ્દાપર રહેલા કોંગ્રેસ અધિકારીઓએ ભાગ લેવો નહિ' આવા વર્તનથી કોંગ્રેસકાર્યકરોની નૈતિક પ્રતિષ્ઠા જનતામાં વધુ ઉજ્વલ બને છે. મુંબઇની કોંગ્રેસ કમીટીએ પણ આવા ઠરાવો પસાર કરવા જોઇએ. તો આજે તેના જુના કાર્યકરો વચ્ચે જે મનોભેદો ઉભા થયા છે, તેને અવકાશ નહિ મળે.

ભાષાવાર પ્રાંત રચવા માટેના પ્રશ્નપર જે દારકમીશન નીમાયું હતું. તેનો અહેવાલ બ્હાર પડી ચૂકયો છે. જેમાં કમીશને જાહેર કર્યું છે કે, 'હાલ દેશની પરિસ્થિતિનો વિચાર કરતાં દશ વર્ષ સુધી ભાષાવાર પ્રાંત રચવા માટેના કોઇપણ સંયોગો નથી.'

દાર કમીશનની આ ભલામણ, જુદા-જુદા પ્રાંતો બનાવીને હિંદના વહીવટી તંત્રને ડામાડોળ બનાવવા ઇચ્છનારાઓને જબ્બર લપડાક રૂપ છે, કોંગ્રેસના મહામંત્રી શંકરદેવ, હિંદી સરકારના બાંધકામખાતાના પ્રધાન ગાડગીલ, અને હિંદી મહાસભાના ચાલુ રાષ્ટ્રપતિ ડૉ. પટ્ટાભિને કમીશનની આ ભલામણો રૂચિ નથી, માટે જ, જયપુર અધિવેશનમાં આ પ્રશ્ન ફરી ચર્ચાયો અને તેને માટે નવી કમીટી નીમાઈ છે. હિંદ જેવા ગરીબ દેશની કાંધ પર બધા પ્રાંતો, તેની ધારાસભા અને વહિવટી ખાતાના લાખ્ખો-કરોડોના ખર્ચાઓ નાંખવા, એ કેટલે અંશે યોગ્ય છે, આ માટે હિંદના જાણીતા અર્થશાસ્ત્રીઓની સલાહ લેવી, એ પણ આજના તબકકે ખૂબ જ અગત્યની છે, એ હકીકત, કોંગ્રેસે નીમેલી કમીટીએ ખાસ ધ્યાનમાં લેવા જેવી છે.

મુંબઇમાં સેકસેરીયા મીલના મેનેજરની ૩૫ વર્ષની પત્ની કમળાને ઉપાડી જવાના આરોપસર કૃષ્ણરાવ નામના ૨૫ વર્ષના યુવક પર કેસ થયો છે. તેમજ મુંબઈ સરકારના સહ પ્રકાશન મંત્રીની પત્ની લલિતાને ભોળવી તેને ભગાડવાના આરોપસર છાયા પ્રીન્ટરીના માલીક રતિલાલ ગુલાબરાય દેસાઇ પર મુંબઈની ફોજદારી કોર્ટમાં કેસ થયો છે. —મુંબઈ સમાચાર.

હિંદુ સંસારના આવા ભવાડા હમણાં હમણાં છાપાનાં પાનાઓ પર ઠીક-ઠીક દેખા દઈ રહ્યા છે. વ્યક્તિસ્વાતંત્ર્યના વધુ પડતા નાદે આજે સ્વચ્છંદી વાતાવરણ સર્જ્યું છે. પાંત્રીશ વર્ષની પ્રૌઢવયની એક સ્ત્રી, આ રીતે પરપુરૂષની સાથે નાસી જાય, અને તેના ધણીને કાયદાની કોર્ટે ચઢી, પોતાની પત્ની જેની સાથે ચાલી જાય તેના પર 'ભગાડવાનો આરોપ' મૂકી કેસ ચલાવવા જવું પડે, આ બધું હિંદુસમાજની પ્રાચીન સંસ્કૃતિના વારસદાર હિંદુ સંતાનો માટે તદ્દન નાલેશી ભર્યું કહેવાય. સ્ત્રી સ્વાતંત્ર્યવાદના

આજના યુગમાં સ્ત્રીઓની પવિત્રતા કેટ–કેટલી જોખમાતી જાય છે, એ આ બધા કીસ્સાઓ પરથી જાણી શકાય છે. આજે પ્રજાકીય ગણાતી કોંગ્રેસ સરકારે, આ બાબતપર ખૂબજ ઉંડો વિચાર કરવાની જરૂર છે. ને સ્ત્રી–પુરૂષના સદાચારની નૈતિક મર્યાદાઓ સરકારે ખૂબ જ દૃઢ બનાવવી જોઇશે. કારણ કે, જે દેશનાં સ્ત્રી–પુરૂષો સંયમ અને સદાચારનાં નૈતિક બંધનોમાં ઢીલા પડ્યાં છે, તે દેશની આઝાદી ઝાઝો સમય ટકી શકતી નથી. હિંદની વડીધારાસભા સમક્ષ આજે છૂટાછેડાનું બીલ આવ્યું છે, જો તે બીલ પસાર થઈ ગયું, તો આવા અનેક કીસ્સાઓ રોજ–બરોજ બનતા રહેશે, અને કોઇપણ સ્ત્રી–પુરૂષનો સંસાર શાંતિ, સુલેહ અને પ્રેમભર્યો નહી રહી શકે. તેમજ રખડેલ ભામટાઓ આવી રીતે પોતાના હવસની ખાતર આબરૂદાર ગૃહસ્થોની સ્ત્રીઓને ફસાવી, પોતાના પતિ પાસેથી છૂટાછેડા લેવડાવશે. આ કેસમાં ખુદ મેજીસ્ટ્રેટે કહી દીધું છે કે, 'આ પ્રેમ નથી, પણ હવસ છે.–નહિતર ૩૫ વર્ષની પરણેતર સ્ત્રી, ૨૫ વર્ષના યુવકની સાથે ચાલી જાય એ શું કહેવાય ? આ બધા કીસ્સાઓ, આજે સ્ત્રીઓને જે વધુ પડતી છૂટ આપી દેવામાં આવે છે, તેની સામે લાલબત્તી ધરે છે. કોલેજ અને હાઇસ્કુલોમાં મોટી ઉમ્મરની પોતાની છોકરીઓને ભણવા મોકલનારાં મા–બાપોએ પણ આ બનાવો પરથી વેલાસર ચેતી જવા જેવું છે.

---

## માટે જ હજુ પરતંત્ર છો.

પૂ૦ પંન્યાસ શ્રી પ્રવિણવિજયજી મહારાજ.

મરવું ગમતું નથી, છતાં મરવું પડે છે; **માટે જ હજુ પરતંત્ર છો.**

ઘડપણ આવે એ ગમતું નથી, છતાં તે અવસ્થાને આધીન થવું પડે છે; **માટે જ હજુ પરતંત્ર છો.**

સ્નેહીજનોનો વિયોગ પસંદ નથી, છતાં તેમનો વિયોગ તો થાય છે; **માટે જ હજુ પરતંત્ર છો.**

અનિષ્ટ સંયોગ થાય એ ઇષ્ટ નથી, છતાં અચાનક તેના સંજોગોમાં સપડાવું પડે છે; **માટે જ હજુ પરતંત્ર છો.**

માલમિષ્ટાન્ન ખાવાની ઇચ્છા છતાં રોટલા મળવા પણ મુશ્કેલ પડે છે; **માટે જ હજુ પરતંત્ર છો.**

નિરોગી રહેવું પસંદ પડે છે, છતાં એકાએક ભયંકર રોગોથી ઘેરાઈ જવું પડે છે; **માટે જ હજુ પરતંત્ર છો.**

ધનના ઢગલા ગમે છે, છતાં કંગાલીયતનો અનુભવ કરવો પડે છે; **માટે જ હજુ પરતંત્ર છો.**

સલામો ભરાવવી પસંદ છે, છતાં સલામો ભરવી પડે છે; **માટે જ હજુ પરતંત્ર છો.**

સત્તાધીશ થવાના કોડ તો ઘણા છે, છતાં બીજાની સત્તા હેઠળ રહેવું પડે છે; **માટે જ હજુ પરતંત્ર છો.**

દાનેશ્વરી બનવાની ભાવના હોવા છતાં યાચક બનવું પડે છે; **માટે જ હજુ પરતંત્ર છો.**

શેઠાઇ પ્રિય હોવા છતાં નોકર બનવું પડે છે; **માટે જ હજુ પરતંત્ર છો:**

ટુંકમાં તમને જે જોઇએ છે તે મળે નહિ અને નથી જોઇતું તે આવીને ચોટે છે, ત્યાંસુધી તમે કોઇ સત્તાને પરતંત્ર જ છો. તે સત્તાનું નામ કર્મસત્તા. તે સત્તાને જ્યારે જમીનદોસ્ત કરશો ત્યારે જ તમારે ત્યાં સ્વરાજ્ય આવશે.

# તેરાપંથી સંપ્રદાયના આચાર–વિચાર: —શ્રી કનૈયાલાલ કોટેચા.

**તેરાપંથી સંપ્રદાયના પરિચયમાં રહી, તે સંપ્રદાયના દંભી રીત–રીવાજોથી ખૂબ જ અનુભવી બનેલા શ્રીયુત કોટેચાની લેખમાળા આગળ વધે છે. સં૦**

[ ૨ ]

ચુરૂ ગામ બીકાનેરની હદમાં આવેલું મોટી મારવાડનું ધનાઢ્ય ગામ છે, અહિં તેરાપંથી સંપ્રદાયના શ્રાવકોની વસ્તી સારા પ્રમાણમાં છે. અમે જ્યારે ચુરૂમાં આવ્યા, ત્યારે ચુરૂના શ્રાવકો બીજા શ્રાવકોની જેમ મહારાજ સ્થંડીલ જાય ત્યારે 'ઘણી ખમ્મા' 'અન્નદાતા' 'પૂજ્ય પરમેશ્વર'–આદિ અનેક સન્માન સૂચક બિરૂદો બોલતા–બોલતા સાથે ન હોતા આવતા. આ વસ્તુ અમારા સંપ્રદાયના સાધુઓને ખટકતી હતી. આથી કેટલાક સાધુઓએ ત્યાંના શ્રાવકોને કહ્યું; 'તમારા ગામમાં શ્રાવકોની ભક્તિ ઘણી ઓછી છે.' બીજા ગામોમાં તો પૂજયજી મહારાજ, બ્હાર દલે જાય તો ઘણા શ્રાવકો 'ઘણી ખમ્મા' કરતા સાથે આવે છે, અને તમારા ગામમાં આવું દેખાતું નથી.'

આ રીતે, પોતાના સંપ્રદાયનો મહિમા વધારવા માટે ઠેકાણે–ઠેકાણે સાધુઓ, ભોળા બિચારા શ્રાવકોને પ્રેરણા આપ્યા કરતા. આનું તત્કાલ પરિણામ એ આવ્યું કે, શ્રાવકોમાં આ વાત કર્ણોપકર્ણ ફેલાતી ગઇ, અને ગામની આબરૂ રાખવા બીજે દિવસે પૂજ્યજી મહારાજ દલ્લે પધાર્યાં એટલે 'ઘણી ખમ્મા' ના બુલંદ શોરબકોરપૂર્વક શ્રાવકોની લાંબી કતાર પાછળ–પાછળ આવવા લાગી.

અમારા સંપ્રદાયના અનુભવી સાધુ માધોલાલજીએ, એકદિવસ ચુરૂમાં આચાર્ય મહારાજને કહ્યું; 'આપણા સંપ્રદાયમાં આ વસ્તુ શાસ્ત્ર વિરૂદ્ધ છે. માટે કોઈ શ્રાવક શ્રદ્ધાવશ થઈ સાધુઓને માટે ધોવણનું પાણી રાખે તો તે સાધુથી ન લઇ શકાય.' આ વસ્તુ, આચાર્ય મહારાજે ન માન્ય રાખી, આથી માધોલાલજી, તેરાપંથી સંપ્રદાયથી અલગ થઇ ગયા.

ત્યારબાદ, આચાર્ય મહારાજાએ ૫૮ ઠાણા સહિત ચુરૂથી રાજલદેશર બાજૂ વિહાર કર્યો. અને આચાર્ય મહારાજના સગાભાઇ ચંપાલાલજી મહારાજે ૫૮ ઠાણા સહિત સરદાર શહેર બાજૂ વિહાર કર્યો.

અમારા વિહારમાં રસ્તાના ગામોમાં સાધુઓને આહાર–પાણીમાં થોડી પણ તકલીફ ન પડે તે માટે શ્રાવકો સાથે રહી ઠેર–ઠેર રસોડાઓ કરતા હતા. એમ કરતાં આચાર્ય મહારાજ રાજલદેશર પહોંચ્યા. ત્યાં અમે જે મકાનમાં રહ્યા હતા તે મકાનના બારી–બારણાં દોરીથી બાંધેલાં હતાં. આ કમાડોને ખોલવાને માટે, ચોથમલજી મહારાજે દોરી છોડી નાંખી એટલે બારી–બારણાં ખૂલ્લાં થઇ ગયાં, પછી સાંજે બારીનાં બારણાં બંધ કરવા સાધુઓએ શ્રાવકને સૂચના કરી. આ રીતે, પોતાની દરેક પ્રકારની અનુકૂળતા માટે સંકેત આદિથી આ સાધુઓ પોતાનો વ્યવહાર ચલાવતા હતા, અને જ્યારે કોઈ પૂછે ત્યારે જવાબમાં તેરાપંથી સાધુઓ એમ જ કહેતા કે, 'અમારાથી કોઇપણ મકાનનાં બારી–બારણાં ઉઘાડાય નહિ અને બંધ પણ કરાય નહિં'– આ કેટકેટલો દંભ !

આ મકાનમાં કબૂતરો બહુ હતાં. સાધુઓ પોતાના ઓઘાથી એ બિચારા કબૂતરોને વારંવાર ઉડાડયા કરતા હતા. આથી એક વેળા ઉગમરાજ નામના સાધુને મેં કહ્યું; 'આ બિચારા નિર્દોષ અને અનાથ તિર્યંચોને શા માટે ત્રાસ આપો છો, એના ઇંડા વગેરે અહિં હશે તો તેનો અંતરાય લાગશે.' છતાં મારા કહેવા પર કોઇએ કાંઇ જ ધ્યાન ન આપ્યું.

વિહારમાં અમારી સાથે અમારૂં કામ કરવા, અને ધક્કા ખાવા એક નરસિંહ નામનો માણસ સાથે રાખ્યો હતો. તેને પગાર મળતો હતો, પણ સાધુઓ એને રાજી રાખવા, તેમ જ પોત–પોતાનું કામ કરાવવા ગામે–ગામ કાંઇને કાંઇ પૈસા અપાવ્યા કરતા. એક દિવસ માનમલનામના સાધુએ અહિંના શ્રાવકોને કહ્યું; 'આ અમારી સાથે રહેતો નરસિંહ અમારૂં ઘણું કામ કરે છે. પ્રતિક્રમણનો ટાઇમ થાય એટલે મહા સતીઓને ખબર આપી આવે છે. અમારા માટે રાતના પ્રકાશ માટે ફાનસ સળગાવે છે. આચાર્ય મહારાજ અને સાધુઓને માટે સ્થંડિલની જગ્યા

શોધી લાવે છે. વરસાદના ટાઇમે બારીનાં બારણાં વગેરે બંધ કરે છે, અને વરસાદ બંધ થયા પછી બારણાં ખોલી દે છે. આહારને માટે સાથે રહેલાના રસોડાની જગ્યા બતાવે છે. આ રીતે અમારૂં કામ કરે છે.' વગેરે કહી તેને પૈસા અપાવ્યા. પોતાની પાસે રાખેલા માણસની પાસે તેરાપંથી સંપ્રદાયના સાધુઓ કેવાં કામો કરાવે છે, એ આ પરથી સ્પષ્ટ સ્હમજી શકાશે.

અમે જ્યારે રાજલદેસર હતા, ત્યારે આચાર્ય મહારાજના મોટાભાઇ ચંપાલાલજી મહારાજ સરદાર શહેરમાં હતા. તેમણે એક શ્રાવકદ્વારા આચાર્ય મહારાજને પૂછાવ્યું કે, 'અમારે કયા રસ્તેથી જવું?' આચાર્ય મહારાજે કહ્યું; 'અમે રતનગઢ જઇએ છીએ તમે રતનગઢના રસ્તે આવો.' રાજલદેસરથી અમે રતનગઢ પહોંચ્યા. ચંપાલાલજી રતનગઢ આવ્યા, તે વેળા આચાર્ય મહારાજ તેમની સામે લેવા ગયા. આ વસ્તુ તે વેળા તેરાપંથી સંપ્રદાયમાં ચર્ચાનો વિષય બની. કારણ કે, કાલુરામજીની પાટે આવ્યા પછી, તુલસીરામજી, સંપ્રદાયના આચાર્ય બન્યા. એમનાથી કોઇની સામે જવાય નહિ. છતાં વડિલ-ભાઇની શરમથી તેઓ ગયા, આથી સંપ્રદાયના વૃદ્ધ સાધુઓને કચવાટ થયો.

આચાર્ય મહારાજના કાને આ વાત આવી, ત્યારે તેમણે બધાને ધડકાવી નાંખ્યા અને કહ્યું; 'આવી વાતો આચાર્યને આધીન છે. આચાર્યની મરજી હોય તે રીતે થાય. કાલુરામજીએ પણ પોતાના ભાઇનું સન્માન કર્યું હતું. માટે આચાર્ય પોતાની ઇચ્છા મુજબ બધું કરી શકે છે.' ત્યારબાદ, આચાર્ય મહારાજે પોતાના ભાઇના અનુચિત સન્માનની ભૂલનો અનુભવ કરી લીધો.

---

રતનગઢથી બિદાસર જવાનું નક્કી થયું. એટલે હસ્તીમલ નામનો શ્રાવક ઉંટ પર બેસીને આગળ જવાની તૈયારી કરતો હતો. [ આ માણસ પહેલાં અમારા સંપ્રદાયમાં સાધુ થયો હતો. પછી નીકલી ગયો. પણ સંસારમાં એને કાંઈ સાધન નહિ હોવાથી અહિં રહી નિર્વાહ કરે છે. ] મેં તેને પૂછ્યું; 'આમ આગળ કયાં જાય છે?' તેણે કહ્યું; 'પૂજયજી મહા-રાજનો બિદાસર વિહાર થાય છે. માટે આગળનાં સ્થાનનો પ્રબંધ કરવા હું જાઉં છું' બિદાસર બાજુ અમારો વિહાર થયો. સાથે કેટલાયે શ્રાવકો હતા. રસ્તામાં એક નાના ગામમાં અમે પડાવ નાંખ્યો. તે વખતે વરસાદનાં છાંટા પડી રહ્યા હતા. સાધુઓએ આવીને આચાર્ય મહારાજની પાસે આહાર લાવવાની આજ્ઞા માંગી. આચાર્ય મહારાજે કહ્યું; 'શ્રાવકોને પૂછો કે વરસાદના છાંટા પડે છે કે નહિ?'

શ્રાવકોને પૂછતાં કેટલાક શ્રાવકોએ કહ્યું, 'બાપુજી બિલકુલ વરસાદ નથી આવતો,' ને કેટલાક શ્રાવકોએ કહ્યું; 'પૂજ્યજી! થોડો થોડો વરસાદ કયારેક પડે છે.' સાધુઓને તો અનુકૂળ જોઇતું હતું, તેઓ પોતે કાં નતા જોઇ શકતા કે આચાર્ય મહારાજ પણ કાં નતા જોઇ શકતા, છતાં પોતાને જવું હતું એટલે શ્રાવકોના નામે આમ ચલાવ્યું.

થોડી વારમાં તો લગભગ ૧૦૦ ઠાણાઓનો આહાર આવી ગયો, જે શ્રાવકો સાથે હતા, તે લોકોએ આધાકર્મી જે કાંઇ કર્યું હતું તે બધું સાધુઓ વહોરીને લાવ્યા. આવા નાના ગામમાં ૧૦૦ ઉપરાંત ઠાણાઓએ સાથે રહી ઇરાદાપૂર્વક રસોડાઓ રાખીને આધાકર્મી આહાર આરોગવો, આ હકીકત, સાધુપણાની સાથે કઈ રીતે સંબંધ રાખે છે? એ વિચારણા મને તે વેળા વારંવાર આવ્યા કરતી.

પાંચ-છ મીનીટમાં તો વરસાદ જોરથી પડવા લાગ્યો. સાધુઓ ત્રણ-ચાર જગ્યાયે મુકામમાં હતા. સ્થંડિલના બ્હાને સાધુઓએ બધાને આહાર પહોંચાડી દીધો. ચાલુ વરસાદમાં આહાર લાવ્યા. અને ફરીને બધા સાધુઓને આપ્યો. અહિંથી જયગણ ગામ બાજૂ વિહાર થયો. આ અવસરે થોડો-થોડો વરસાદ પડતો હતો. વિહારમાં હું પાછળ રહી ગયો, અને આચાર્ય મહારાજ આદિ બધા સાધુઓ વરસાદમાં વિહાર કરી, જયગણ પહોંચી ગયા. હું જ્યારે જય-ગણ પહોંચ્યો. ત્યારે ચાલુ વરસાદે બધા સાધુઓના આહાર-પાણી આવી ગયાં હતાં. ગામમાં વચ્ચે મને ચોથમલજી મહારાજ મલ્યા. તે એક ઠેકાણેથી બીજે ઠેકાણે આહાર પહોંચાડવા માટે ચાલુ વરસાદે જઈ રહ્યા હતા. કારણ કે, અહિં પણ સ્થાનની સંકડા-શના કારણે સાધુ જુદા જુદા સ્થાને રહ્યા હતા. હું પણ એમની સાથે ગયો. મેં એમને પૂછયું; 'આમારે

ક્યાં રહેવાનું છે ?' તેમણે મને કહ્યું; 'મારી સાથે ચાલો.' તેઓ જ્યાં આહાર આપવા જતા હતા, ત્યાં હું તેઓની સાથે ગયો. તેઓએ ત્યાં અડધો આહાર આપ્યો. તે વેળા વરસાદ તો ચાલુ હતો. ચોથમલજીએ ત્યાંથી નીકલી. અડધો આહાર બીજે ઠેકાણે પહોંચાડયો.

ચાલુ વરસાદે આહાર આવ્યો. અને ચાલુ વરસાદે સાધુઓને જુદે-જુદે ઠેકાણે આહાર પહોંચતો થયો. આ બધું મને ઘણું જ નવાઇ ભર્યું લાગ્યું, મેં ચોથમલજીને પૂછ્યું, તો જવાબમાં એમણે મને કહ્યું; 'મને માત્રાની શંકા હતી, ને હું માત્રું કરવા નીકળ્યો. એટલે સાથેસાથ અહિં આહાર આપવા આવ્યો, અને બાકીનો અડધો આહાર બીજે ઠેકાણે આપી આવી, હું માત્રું જઈશ.' તેરાપંથી સંપ્રદાયના સાધુઓ પોતાના વ્યવહારમાં કેટલું માયામૃષા સેવી રહ્યા છે, તેનો આ એક નમૂનો છે.

જયગણુથી વિહાર કરતાં રસ્તામાં વરસાદના કારણે લગભગ ૧૨ સાધુઓ પાછલા ગામમાં રહી ગયા હતા, એમાં હું પણ હતો. અમારા માટે એક શ્રાવક બાલ-બચ્ચા સહિત આગળ ગયો હતો, તે પાછો આવ્યો, અને અમને કહેવા લાગ્યો; 'મહારાજજી ! વરસાદના કારણે આપનો વિહાર આગળ ન થઈ શકયો, એટલે હું પાછો આવ્યો છું. રસોઇ તૈયાર થઈ રહી છે. કૃપા કરીને ગોચરીને માટે પધારો.' શ્રાવકની વિનંતિ સાંભળી મારી સાથે રહેલા સાધુઓ પોતાના માટે થયેલી રસોઇ તેને ત્યાં વહોરાવી આવ્યા. આવી આવી કેટલીયે હકીકત જયગણુ અને બીજા ગામોમાં બની કે જે સાધુ જીવનને માટે સર્વથા અનુચિત તેમ જ કલંકરૂપ હતી. સાથે રહેલા સાધુઓ પરસ્પર એવી વાતો કરતા કે જે સાંભળતાં મારાં હૃદયમાં અરેરાટી ઉત્પન્ન થતી.

અમારી સાથે રહેલા [ બીજા ] ચોથમલજી નામના સાધુએ મને વાતમાં ને વાતમાં કહ્યું કે, 'જોધપુરમાં સ્થંડીલના બ્હાને સોહનલાલજી જેવા મોટા વિદ્વાન સાધુઓ રાણીબાગ જોવા ગયેલા, અને ઉદેપુરમાં બાગ જોવા ગયેલા.' આ બધું મને નવું સાંભળવા મલ્યું. અહિંથી અમે બિદાસર પહોંચ્યા. આચાર્યજી પણ ત્યાં આવ્યા હતા.

અહિં સૌભાગચંદ નામના એક શ્રાવકને, સુખલાલજી મહારાજે કહ્યું; 'તમારે ત્યાંની બાટી કાચી હતી,' તો બીજા સાધુએ કહ્યું; 'બાટીમાં ઘી ન હતું.' આ પ્રકારની અનેક વાતો કે જે સાધુજીવનને માટે બહુ દોષયુક્ત હતી. આ બધી પ્રવૃત્તિઓ જોઇ, મેં નક્કી કર્યું કે, 'અહિં રહી મારા પોતાના આત્માનું પતન કરવું, અને આત્માને કલુષિત કરવો એ કોઇ રીતે યોગ્ય નથી.' આ બધી વિચારણા મારાં અંતરને વારંવાર ખટકવા લાગી. છેવટે મારાથી ન રહેવાયું, એટલે મેં મારાં હૃદયની આ મૂંઝવણ મારા પુત્ર જેને મારી સાથે દીક્ષા લીધી હતી, તે કનકમલને કહી. મેં એને કહ્યું; 'અહિં સાધુપણાનો લેશ પણ મને દેખાતો નથી. અહિં બધાયે સાધુઓ સૂત્રવિરૂદ્ધ આચરણ કરી રહ્યા છે.' કનકમલ પર આચાર્ય મહારાજને પ્રેમ હતો. તેઓ એને પ્યારથી રાખતા હતા. આથી મેં કહેલી બધી વાતો કનકમલે જઇને આચાર્ય મહારાજને કહી. આચાર્ય મહારાજે આ વાત, અમારા સંપ્રદાયના દીવાન મગનલાલજી મહારાજને કહી. મગનલાલજીએ બીજે દિવસે મને એકાંતમાં બેસાડીને પૂછ્યું; 'તમને શું આ બધા સાધુઓનાં સાધુત્ત્વમાં શંકા રહે છે?' જવાબમાં મેં નીડરતાથી કહ્યું; 'હા, આ બધા સાધુઓનાં આચરણ જોઇને મને જરૂર શંકા થાય છે.'

ત્યારબાદ, મગનલાલજી મહારાજે અને આચાર્ય મહારાજે મારી સાથે ઘણી-ઘણી વાતો કરી. તેરાપંથી સંપ્રદાયને અંગે અને તેના માયાવી આચાર-વિચારોને અંગે મારે જે કાંઇ કહેવા જેવું હતું, તે તદ્દન નીડરતાથી મેં તે વેળા જણાવી દીધું. આખરે વિ. સં. ૧૯૯૬ ના ચૈત્ર વદિ બીજના દિવસે, તેરાપંથી સંપ્રદાયના સાધુઓનાં અસાધુત્ત્વ જીવનથી હું અલગ થઈ ગયો. ત્યારબાદ જગન્નાથજી નામના સાધુ, કે જેમને દીક્ષા લીધે ૨૦ વર્ષ થયા હતા, તેઓ પણ તેરાપંથી સંપ્રદાયથી જૂદા પડી ગયા. આમ એક પછી એક સારા અને વૈરાગી સાધુઓ છૂટા પડવા છતાંયે તે સંપ્રદાયના આગેવાન સાધુઓને પોતાના દોષોનો ટોપલો બીજાનાં શિર પર લાદતાં સ્હેજ પણ સંકોચ નહતો થતો,

આટ-આટલા દંભો, માયાવી આચરણો અને તદ્દન વિપરીત આચાર-વિચારો હોવા છતાં યે, પોતાનાં વર્તનનો બચાવ કરવા માટે તેઓએ મારે અંગે પણ જુદી જ વાતો વ્હેતી મૂકવા માંડી. જ્યારે હું મારા વતન વની [ મારવાડ ] માં આવ્યો, ત્યારે મગનલાલજી મહારાજ મારા છૂટા થવાના કારણમાં લોકોને કહેવા લાગ્યા કે, 'કનૈયાલાલથી સાધુપણાનું પાલન ન થઈ શક્યું. માટે તે નીકળી ગયો.'-આવી હડ-હડતી જૂઠી વાત સાધુ મહારાજ અને તે પણ, તેરાપંથી સંપ્રદાયમાં આચાર્ય મહારાજના દીવાનના જવાબદારી ભર્યા સ્થાને રહેલા બોલે ત્યારે બીજાને માટે શું કહેવું ?

ત્યારબાદ થોડા દિવસમાં આચાર્ય મહારાજ અને મગનલાલજીએ, મારા પર કેટ-કેટલાયે આરોપોવાળો પત્ર અમરચંદ મુથા નામના શ્રાવક મારફતે મારા વતન વનીના શ્રાવકો પર મોકલાવ્યો હતો, આ બધા આરોપોના જવાબરૂપે મારે જે કાંઇ જણાવવા જેવું હતું તે બધું મેં જાહેર પત્રદ્વારા તેરાપંથી સંપ્રદાયના શ્રાવકોને જણાવી દીધું હતું. કેટલાક દિવસ બાદ, મને તેરાપંથી સંપ્રદાયના એક શ્રાવકનો પત્ર મલ્યો હતો; તેમાં લખ્યું હતું કે, 'લાડનૂમાં [મારવાડ] કનકમલનું અકસ્માત્ મૃત્યુ થયું છે. એમાં તેરાપંથી સાધુઓની બેપરવાઈ અને શ્રાવકોની અંધશ્રદ્ધા કારણ હતી.' આ પત્રની નકલ મેં તેરાપંથી સંપ્રદાયના આગેવાન ગણાતા શ્રાવકોને મોકલાવી હતી.

તેરાપંથી સાધુઓને હું અત્યાર સુધી ભગવાન મહાવીરદેવના સાચા અનુયાયી સમજતો હતો, પણ જ્યારે મેં તે સંપ્રદાયની દીક્ષા સ્વીકારી અને એમના પરિચયમાં આવ્યો ત્યારે મને સમજાયું કે, 'આ તો ઉલ્ટી ગંગા વહી રહી છે અને અહિં તો અકલ્યાણ થવાનો પૂરેપૂરો સંભવ છે. આ કારણથી આવા દ્રવ્યગુરૂથી મારે અલગ થઈ જવું પડયું, અને એકલા નીકળ્યા પછી સાધુપણું પાળવાની મારામાં શક્તિ ન હતી. તથા તે દેશનું વાતાવરણ એવું ન હતું. તેમ જ હું સૂત્ર કે સિદ્ધાંતોનો એટલો બધો જાણકાર ન હતો. અને કોઈનો ખાસ મને પરિચય ન હતો. આથી મહાવ્રતોનું પાલન હું ન કરી શકયો.'

આ રીતે, તેરાપંથી સંપ્રદાયના ફંદથી છૂટો પડી હું મારી પૂર્વાવસ્થામાં ફરી આવ્યો. હવે મારા આત્મકલ્યાણનો અવસર ફરી મને મળવો એ બધું કર્માધીન છે.

[ તેરાપંથી સંપ્રદાયના આચાર-વિચારોની શાસ્ત્રીય વિચારણા આગામી લેખાંકોમાં પ્રગટ થશે. ]


જૈન આલમ માટે અજોડ પાક્ષિક

: રત્નજયોત :

દર માસની ૧ લી અને ૧૬ મી તારીખે પ્રગટ થાય છે. જેમાં ધાર્મિક, સામાજિક, રાષ્ટ્રીય, નૈતિક અને મનોરંજક લેખો, કાવ્યો, સમાચારો વિગેરે અપાય છે, આરોગ્ય, શિક્ષણ અને સ્ત્રી ઉપયોગી સાહિત્યની રસથાળ પણ પિરસાય છે. પત્રમાં **તરૂણ જગત** અને **બાળ-જગત** પણ ઉમેરવામાં આવે છે. જેમાં તરૂણો તથા બાળકોના લેખો, વાર્તાઓ અને ટુચકાઓ લેવામાં આવે છે, સ્વીકાર-સમાલોચના અને પ્રશ્નોત્તરીને પણ આ પત્રમાં સ્થાન છે, એકંદર આ પત્ર સર્વ ફિરકાના જૈનોને માટે ખાસ ઉપયોગી છે. વાર્ષિક લવાજમ માત્ર ચાર રૂપિયા. પરદેશમાં છ રૂપિયા.

ચાર આના મોકલી નમૂનાનો અંક મંગાવો !

રત્નજયોત કાર્યાલય

**વઢવાણ કેમ્પ** [ કાઠિયાવાડ ].

**મંગલ** [માસિક] લવાજમ રૂા. ૩-૦-૦ એટલે માનવ માત્રને પ્રભુ શ્રી મહાવીર ઉપદેશક-અહિંસા, સત્ય અને સૌન્દર્યના માંગલિક પાઠ ભણાવતું સ્વતંત્ર ભારતનું અજોડ માસિક. આજે જ મંગાવો !

**મંગલ કાર્યાલય** રીસાલા બજાર-**નવાડીસા.** [ ઊ. ગૂ. ]

# લક્ષ્મી અને સરસ્વતી [ ચાલુ વાર્તા ] —શ્રી સુકેતુ

સંસારમાં લક્ષ્મી અને સરસ્વતી આ બન્ને વચ્ચે સામાન્યરીતે વિરોધ રહ્યો છે. આ કલ્પનાને મૂર્તરૂપ આપતું અને આ બન્નેમાં 'મહાન્ કોણ? એ પ્રશ્નની ચર્ચા કરતું એક શબ્દચિત્ર. **સં૦**

**આગલા પ્રકરણોનો સાર—**

લક્ષ્મી અને સરસ્વતી બન્નેએ વાદવિવાદ કરતાં પોતપોતાની મહત્તા સિદ્ધ કરવા વેશપલટો કર્યો. શરૂઆતમાં સરસ્વતીએ બ્રાહ્મણનું રૂપ લઈ, લોકોને ખૂબ આકર્ષ્યા, એટલે લક્ષ્મીએ ઘરડી ગરીબ ડોશીનું રૂપ લીધું. તેણે, જ્યાં બ્રાહ્મણ કથા કરી રહ્યો છે, તે શેઠના ઘરમાં પ્રવેશ કર્યો અને પાણી માંગ્યું. શેઠાણીને કથા સાંભળતાં અંતરાય પડયો. કંટાળીને તેણે પોતાની પુત્રવધૂને કીધું કે, 'ડોશીને પાણી આપીને કાઢ'. પુત્રવધૂ ડોશીને પાણી આપે છે. ડોશી પોતાની ઝોળીમાંથી રત્નજડિત વાસણ કાઢે છે. શેઠની વહુ આશ્ચર્ય પામે છે અને પૂછે છે. હવે વાંચો આગળ—

**પ્રકરણ :૩: લક્ષ્મીના પાશમાં સપડાયા.**

ડોશીએ કહ્યું, 'બેન! મારી પાસે આવાં રત્નજડિત વાસણો ઘણાં હતાં. પૂર્વે મારો વૈભવ ઘણો હતો, પણ કર્મની ગતિ વિચિત્ર છે. મારી અવસ્થા થઈ, કુટુંબમાં કોઈ રહ્યું નહિ, અને પૈસો-ટકો નાશ પામ્યો, એટલે હાલ હું એકલીજ રહી છું. છતાં મારી પાસે આવાં મહામૂલ્ય રત્નજડયાં વાસણો ઘણાં છે; પણ મારી સેવા કરનાર કોઈ નથી, જે મારી યાવજ્જીવ સેવા કરે તેને આ બધું હું આપી દઉં, મારે આનું કાંઇ પ્રયોજન નથી. લક્ષ્મી કોઇની સાથે ગઇ નથી, જતી નથી અને જશે પણ નહિ. મને આનો કાંઇ મોહ નથી'. આમ કહીને ડોશીએ પોતાની ઝોળી કાઢીને વહુને બતાવી.

વહુએ ઝોળી જોઇ, જોતાં-જોતાં વહુના આશ્ચર્યનો પાર ન રહ્યો. નગરશેઠના ભર્યા ઘરમાં હજુ સુધી જે જોયું નથી, જોવામાં આવ્યું નથી. એવું બધું એણે ડોશીની ઝોળીમાં જોયું. તે ઝોળીની અંદર ઘણાં રત્નમય વાસણો, અનેક રત્નજડિત આભૂષણો, અનેક મોતી-હીરાના દાગીનાઓ ક્રોડોની કીંમતના, પૃથ્વીમાં શોધ્યાં ન જડે તેવાં જોઇ-જોઇને શેઠની વહુ તો કથા સાંભળવાનું ભૂલી ગઇ.

ખરેખર લોભ એ મહાન આકર્ષણ છે. તેને વશ થયેલી વહુએ ડોશીમાને વશ કરવા વિનયયુક્ત ભાષામાં મીઠાશથી કહ્યું; 'માજી! તમે શામાટે દુઃખી થાવ છો! હું તમારી સેવા કરવાને તૈયાર છું. તમે તો મારે મન માતા તુલ્ય છો અને હું તમારી પુત્રી છું. મન, વચન અને કાયાથી યાવજ્જીવ હું તમારી સેવા કરીશ. તમારે કાંઇજ ચિંતા કરવી નહિ. આ ઘરમાં તમે ખુશીથી રહો, અને ભેદભાવ વિના અમને સેવા ફરમાવો!'

પુત્રવધૂએ સુંદર ભદ્રાસન પર ડોશીને બેસવા કહ્યું. ડોશી પણ ધીમે ધીમે પગ મૂકતી મહામુશ્કેલીયે મકાનના બારણામાં પેઠી અને નજીકમાં મૂકેલા સુંદર ભદ્રાસન પર શાંતિથી બેઠી. વહુ પણ ડોશીની બાજુમાં બેસી, ડોશીને 'ખમા-ખમા' કરતી દાસીની જેમ તેની સેવા કરવા લાગી.

થોડીવાર પછી કંપતા સ્વરે ધીરે ધીરે ડોશીમાએ વહુને પૂછ્યું, 'બેન તું મને આ ઘરમાં રહેવાનું કહે છે, પણ આ ઘરનું મૂખ્ય માણસ કોણ છે? ઘરમાં તારૂં જો કાંઇ ચલણ ન હોય તો પારકા ઘરમાં હું રહીને કરૂં શું?'

જવાબમાં વહુએ કહ્યું, 'માજી, એ સંબંધી આપ કાંઇ ચિંતા ન કરો, મારાં સાસુ-સસરા આ ઘરનાં વડિલ છે, છતાં આપની સેવા કરવામાં કોઇ કાંઈ વિક્ષેપ નહિ આવવા દે, મારા જેઠ, દીયર તેમજ જેઠાણી, દેરાણી બધા આપની ભાવપૂર્વક સેવા કરશે'.

ડોશીએ પોતાનો કક્કો ખરો કરાવવા ફરી એનું એજ પીંજરણ ચાલુ રાખ્યું, 'ના, બેન, એમ નહિ, તું તો નાદાન છોરૂ કહેવાય, તારા સાસુ-સસરા અને જેઠ-જેઠાણી આગળ તારૂં શું ચાલે? તું ગમે તેટલો આગ્રહ કરે, પણ જ્યાંસુધી તારા સાસુ-સસરા મને માનપૂર્વક અહિં રહેવાને કહે નહિ, ત્યાંસુધી હું અહિં કેમ રહું? બેન! તું ભોળી છો, ઘરમાં એકના ચિત્તમાં પ્રીતિ અને એકના ચિત્તમાં અપ્રીતિ હોય તો મારા જેવી ઘરડી અજાણી ડોશીની શી દશા

થાય? માટે તારાં સાસુ–સસરાને પૂછી જો, નહિતર હું અહિંથી ચાલી જાઉં.'

ડોશીએ જવાની તૈયારી કરવા માંડી. આવેલી લક્ષ્મી આમ એકાએક ચાલી જાય એ આ નાની વહુને ન ગમ્યું. તે તરત ત્યાંથી ઉઠી અને જતાં–જતાં ડોશીને કહેવા લાગી; 'માજી! આમ ઉતાવળ ન કરો, આવા ઘરડે ઘડપણે અહીંથી જવાનો આગ્રહ મૂકી દો, હું હમણાં જ મારાં સાસુજીને બોલાવી લાવું, તેઓ એક બ્રાહ્મણની પાસે કથા સાંભળવા બેઠાં છે. એમને અહિં તમારી પાસે લઈ આવું છું.'

વહુ તરત જ સાસુની પાસે આવી. સાસુ એ વેળા અર્ધા ઢાંકેલા બારણાની બાજુમાં બેસીને વિદ્વાન બ્રાહ્મણનાં મુખથી કહેવાઇ રહેલી ધર્મકથાનું અમૃત પાન શાંતચિત્તે રસપૂર્વક કરી રહી હતી. વહુએ ધીરે રહીને સાસુને કહ્યું; 'પેલા ડોશીમા તમને બોલાવે છે, જલ્દી ત્યાં આવો, નહિતર એ માજી ચાલ્યાં જશે.'

સાસુ સાંભળવામાં દત્તચિત્ત હતી. વહુના આવવાથી સાંભળવામાં તેને અંતરાય પડયો. તે ચીડાઇને બોલી, 'એ તારી સગલીને કાઢ ઘરમાંથી બ્હાર, એ રાંડ ડોકરી અહિં કયાંથી આવી ચઢી. નાહક મને આવું સુંદર સાંભળવામાં અંતરાય કરે છે. વહુ! તું તો સાવ નાદાન છોકરમત રહી, કોઇ અભ્યાગત–પરોણો કે દીન–દુઃખી ઘરના આંગણે આવ્યું તો તેને ટુકડો રોટલો આપીને વિદાય કરવું, પણ નાહક મને સાંભળવામાં તું શું કામ વિક્ષેપ કરે છે, જા, અહિંથી મારે તારૂં સાંભળવું નથી.'

છણકાઇને સાસુએ વહુને કહી દીધું. પણ વહુએ ડોશીમાની પાસે જે લાલચ જોઈ હતી, તેનાથી એ અંજાઈ ગઈ હતી. તેનાથી ન રહેવાયું, એણે ફરીથી સાસુની ઉપરવટ થઈ કહેવા માંડયું; 'સાસુજી! મારા કહેવા પર ધ્યાન આપો, હું કાંઈ એવી મૂર્ખી નથી કે આવું સારૂં સાંભળવાનું મળતું હોય અને હું સાંભળું નહિ, ને તમને અંતરાય કરૂં! પણ એ વૃદ્ધ ડોશી આપણા પુણ્ય વડે આપણાં આંગણે આવ્યાં છે. સાક્ષાત્ લક્ષ્મીના અવતાર જેવાં એ માજીને કોઇપણ રીતે જવા દેવાય તેમ નથી.'

હજુ સાંભળવાના રસમાં સાસુના હૈયામાં આ વાત ન સમજાઈ. તેણે ફરી વહુને ઉધડી લેવા માંડી; 'નાદાન વહુ, હજુ તું તો જડ જેવી જ રહી. મહાપુણ્યે મળેલાં આવા ધર્મશ્રવણમાં નાહક અંતરાય કરવાથી તું પરભવમાં ગધેડીનો અવતાર પામીશ; તને ખબર છે, આ આખાયે શહેરમાં આપણાં જેવું સુખી ઘર કયું છે? કે જેથી તું પેલી ડોકરીને આટલુંબધું મહત્ત્વ આપે છે, જા, મારે તારી વાત સાંભળવી નથી.'

વહુ આ બધું સાંભળી રહી, તેનાથી હવે ન રહેવાયું; તે ફરી ઘરની અંદર ગઇ, ને પેલું ડોશી પાસે રહેલું રત્નજડિત વાસણ, પોતાના વસ્ત્રમાં ઢાંકીને સાસુ પાસે લાવી, તેણે સાસુને ધીરે રહીને કહ્યું; 'સાસુજી! તમારો સ્વભાવ બહુ ઉતાવળો છે. સ્હામાનું પૂરેપુરૂં સાંભળ્યા વિના એને ધડકાઇ નાંખો છો, પણ હું કહું છું, તે ધ્યાનપૂર્વક સાંભળો, ને લ્યો આ જુઓ, પછી જે કાંઇ બોલવું હોય તે બોલજો!' કહીને વહુએ પ્રકાશથી ઝગઝગ થતું તે વાસણ, પોતાની સાડીમાંથી બ્હાર કાઢી સાસુના હાથમાં આપ્યું.

રત્નોનાં તેજથી ઝળહળતાં વાસણને જોઈ, સાસુ ઘડી ભર થંભી ગઇ. નગરશેઠની સાહ્યબી અને વૈભવોમાં વર્ષો વીતાવેલાં છતાં આવું મહામૂલ્ય વાસણ તેણે જીંદગીમાં પહેલી જ વાર જોયું. તેના આશ્ચર્યનો પાર ન રહ્યો. પેલા વિદ્વાન બ્રાહ્મણની કથા સાંભળવાનું પડતું મેલી તેણે ઉત્સુકભાવે વહુને કહ્યું; 'ગાંડીરે, તારી પાસે આ વાસણ કયાંથી આવ્યું? આ વાત તો તું કરતી યે નથી, તારે પહેલેથી આ કહેવું હતું ને? મને શી ખબર કે તું આ લાવી હશે?' સાસુની વાત સાંભળતાં વહુના ચિત્તમાં ઉત્સાહ આવ્યો. તેણે હરખના આવેશમાં શેઠાણીને કહેવા માંડયું; 'સાસુજી! હું તો પહેલેથી જ કહી રહી છું કે, આ ડોશીમા આપણા પુણ્યોદયે જ અહિં આવ્યાં છે એ માજીની સેવા કરવાથી આવાં તો કેટલાયે કીંમતી રત્નો, હીરા અને જર–જવાહર હાથ લાગે તેમ છે, માટે ચાલો, પધારો અને ડોશીમાને રોકો, નહિતર એ તો ચાલ્યા જવાની વાત કરે છે.'

સાંભળવાનું મૂકીને, જર–જવાહરના લોભે શેઠાણી ત્યાંથી ઉઠયાં. ઘડિ પહેલાં નાદાન અને મૂરખ લાગતી

નાની વહુ, સાસુને હવે ઘરરખ્ખુ અને હુંશીયાર લાગી, તેણે વહુને કહ્યું; 'વહુ! તું તો મારા ઘરની શોભા છે, ઉતાવળમાં મેં તને આડું–અવળું કહી નાંખ્યું, શું કરૂં મારો સ્વભાવ જ એવો છે, બાકી તારા જેવી વ્યવહાર કુશલ વહુ મારા ઘરમાં એકે નથી, આજે તો તેં આપણાં ઘરનું નાક રાખ્યું, ચાલ, બતાવ એ ડોશીમા કયાં છે?'

સાસુ અને વહુ; બન્ને ડોશીમાની પાસે આવ્યાં. વિનયપૂર્વક કોમળ વાણીથી શેઠાણીએ ડોશીમાને કહ્યું; 'માતાજી! તમે આ ઘરમાં આનંદપૂર્વક રહો, આ ઘર અને અમે બધા તમારાં જ છીએ. હું તમારી દીકરી છું, એમ તમારે સમજવું. તમારે જે કાંઈ ખાવું, પીવું, પહેરવું, પાથરવું હોય તે બધું શંકારહિતપણે અમને કહેવું અમે બધાં તમારા દાસ જેવાં છીએ. માટે અમને ગમે તેવો આદેશ કરતાં ખચકાવું નહિ.' બોલતાં–બોલતાં સાસુનાં મોઢામાંથી પાણી છૂટયું.

ડોશીના વેશમાં રહેલાં લક્ષ્મીદેવી, આ બધું નાટક જોઇ મનમાં આનંદ પામ્યાં. પોતાના પાશમાં આ રીતે બન્નેને ફસાયેલા જોઇ, તેમણે પોતાનું નાટક આગળ લંબાવ્યું. ડોશીમાએ શેઠાણીને કહ્યું; 'બેન તમે કીધું તે બરોબર છે. તમારા જેવાની આવી વિનયયુક્ત મધુર વાણી સાંભળી હું આનંદ પામી છું, છતાં તમારા પતિ જો અહિં આવીને મને બહુ માનપૂર્વક વિનંતિ કરે તો હું સ્થિર ચિત્તથી અહિં રહું. કારણ કે, ગમે તેમ તોયે ઘરનો સ્વામી તો પુરૂષ જ કહેવાય- ઘરના સ્વામીની પ્રસન્નતા ન હોય તો મારાથી અહિં કેમ રહેવાય?'

શેઠાણીએ ડોશીમાને કહ્યું; 'માજી, એમાં બીજો વિચાર કરવા જેવો નથી. મારા પતિ તો આવી બાબતોમાં હંમેશા ઉત્સાહવાળા જ છે. તેઓને તો તમારા જેવા સુપાત્રની સેવા કરવામાં અતિશય પ્રસન્નતા રહે છે. છતાં તમને વિશ્વાસ ન બેસતો હોય તો હું હમણાં જ તેમને બોલાવું, તેઓ બ્હાર એક બ્રાહ્મણની કથા સાંભળી રહ્યા છે, તેથી અહિં આવ્યા નથી. પણ હું તેમને બોલાવવા માણસ મોકલું છું.' ડોશીએ જવાબમાં ધીરે ધીરે કંપતા સ્વરે કહ્યું; 'ના, બેન, એમને ધર્મકથામાંથી ન ઉઠાડતા, હું મારે જાઉં છું, પછી કોઇક અવસરે આવીશ'–કહી ડોશી લાકડીના ટેકે ઉભા થવા લાગ્યાં. એટલે તરત શેઠાણીએ ડોશીમાને રોકતાં કહ્યું; 'માજી! ઉતાવળ ન કરો, તમે નિરાંતે અમારા ઘરમાં રહો, હું હમણાં જ શેઠને બોલાવી લાવું છું. એવા તો કેટલાયે બામણો પેટ પુરૂં કરવા રાગડા કાઢીને કથા–વાર્તા કરતા ફરે છે, એથી તમારાં જેવાં સુપાત્રની સેવા મૂકાય કે?'

આમ બોલીને શેઠાણીએ તરત ઘરની અંદર ગઇ, ને તેણે બારણા પર ઉભા રહી ત્યાં ચોકમાં કથા સાંભળી રહેલા શેઠને બોલાવવા માટે, નજીકમાં બેઠેલો પોતાના નોકરને હુંકારો કર્યો. નોકરે પૂંઠે જોયું તો શેઠાણી પોતાને બોલાવી રહ્યાં છે, પણ વિદ્વાન બ્રાહ્મણના મધુર કંઠમાંથી ઝરતા અમૃતના જેવી કથાના રસને મૂકી ઉઠવાનું તેનું મન ન હતું, છતાં દુભાતાં હૃદયે તે શેઠાણીની પાસે આવ્યો. શેઠાણીએ શેઠને બોલાવી લાવવા તેને કહ્યું.

નોકરે જઇને સભાની વચમાં બેઠેલા શેઠના કાનમાં કાંઈક ગુસપુસ કરી. સાંભળવામાં તલ્લીન બનેલા, અને બ્રાહ્મણના મનોહર મુખની સામે એકીટસે જોઇ રહેલા શેઠે, એ કાંઇ ગણકાર્યું નહિ. નોકરે ફરી શેઠના ખભા હલાવ્યા, ને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું: 'ઘરમાં શેઠાણી બોલાવે છે,'

સાંભળતાં શેઠ રોષે ભરાયા અને લાલ આંખો કરી નોકરને જવાબ આપ્યો; તારી શેઠાણીને ખબર નથી કે, આવી ઉત્તમ ધર્મકથા ચાલી રહી છે, તેમાં નાહક અંતરાય નાંખે છે. શું મોટું કામ આવી પડયું છે, જા કહેજે કે, હમણાં ઘોડાને બાંધી રાખો, ઘડી બે ઘડી પછી બધું થશે. હાલ તો ધર્મકથા સાંભળવા દે.'

નોકરે જઇને શેઠાણીને કહ્યું, શેઠાણી ઉતાવળા–ઉતાવળા ચોકમાં આવ્યાં અને નોકરની સાથે શેઠને કહેવડાવ્યું કે, 'ખાસ જરૂરનું કામ છે, માટે ઘરમાં આવો' નોકરે શેઠાણીની શરમથી શેઠની પાસે જઇને કહ્યું, પણ શેઠે એમાં ધ્યાનજ ન આપ્યું. શેઠાણીએ બીજા નોકરને મોકલ્યો, પણ કથા સાંભળવામાં ઉત્સુક શેઠે સાંભળ્યુંજ નહિ. એટલે શેઠાણી ઘરની બ્હાર ચોકમાં બધા બેઠા હતા ત્યાં ફરી હાંફળા–હાંફળા આવ્યા ને મોટા સાદે શેઠને કહ્યું; 'ઘરમાં કામ છે, માટે જલ્દી અંદર આવો.'

સાંભળતાંની સાથે કંટાળીને શેઠ ઉઠયા અને દુભાતા હૃદયે ઘરમાં આવ્યા. આવીને શેઠાણીને કહ્યું 'શું કામ આવી પડયું છે, તે આમ ઉતાવળા થઈ બધાની વચ્ચે મને બોલાવ્યો. કેવું સરસ સાંભળવાનું ચાલતું હતું, તેમાં વિક્ષેપ પડયો, બોલો શું કામ છે'?

શેઠાણીએ ટંડકથી કહ્યું, 'જરા ધીરા પડો, કામ વિના કોઇ બોલાવતું હશે? આપણા મહાન પુણ્યે વૃદ્ધ માતાજી આપણા ઘેર પધાર્યાં છે.' વચ્ચે કંટાળીને શેઠે જવાબ આપ્યો; 'કોણ તારી મા આવી છે? એમાં શું થઇ ગયું તે મને ભરસભામાંથી ઉઠાડયો.'

શેઠાણી વધુ કાંઇ બોલ્યા નહિ. અંદર જઇને તેમણે પેલું રત્નજડિત સુવર્ણપાત્ર લાવી શેઠના હાથમાં મૂકયું. વાસણ જોતાંની સાથેજ શેઠ, પોતાની શુદ્ધ-બુદ્ધ ભૂલી ગયા. તેજના અંબારથી ઝગઝગતા વાસણને જોઈ શેઠે કહ્યું; આવું અદ્ભૂત મોંઘું પાત્ર આવ્યું ક્યાંથી? જવાબમાં શેઠાણીએ અથથી ઇતિ સુધી બધી વાત કહી સંભળાવી.

સાંભળતાંની સાથે 'માયા દેખી મુનિવર ચળે' તેમ શેઠ તો હરખઘેલા બની ગયા. શેઠાણીએ વધુમાં ઉમેર્યું; 'સ્વામી! આપણા ભાગ્યથીજ જંગમનિધાનની જેમ આ ડોશીમા આપણે ત્યાં આવ્યાં છે. એને કોઇ ઓળખતું નથી, જાણતું નથી, પહેલ-વહેલાંજ આ માજી આપણા ઘેર આવ્યાં છે. એને પાસે આવાં આવાં પાત્રો, આભૂષણો અને જર-ઝવેરાત ઘણું છે, માટે તેને વશ કરી, એ બધું આપણે લઇ લઇએ.'

શેઠે તરત જ ડોશીમાની પાસે આવી, તેમને પ્રણામ કર્યાં, ને ડોશીમાને કહ્યું, 'માતાજી! આપ ક્યાંથી પધારો છો? આપની સાથે કોણ કોણ છે?' જવાબમાં ડોશીએ કહ્યું; 'ભાઈ! પહેલાં તો મારે બધું હતું, કર્મની ગતિ વિચિત્ર છે. હાલ તો હું એકલી છું. શું કરૂં વૃદ્ધાવસ્થા છે, કર્યાં કર્મ બધાંને ભોગવવાં પડે.'

જવાબમાં વિનયગર્ભિત કોમળ શબ્દોમાં શેઠે કહ્યું, 'માતાજી! આજથી હવે આપે કાંઇજ અધિરતા રાખવી નહિ. મને તમારા દિકરાની જેમ ગણવો, મારા ઘરના બધાં માણસો તમારાં સેવક જ છે. માટે જે કાંઇ આદેશ કરવો હોય તે ખુશીથી વિના સંકોચે કહેવું.'

અવસર પામી શેઠાણીએ કહ્યું; 'માતાજી! બારણાં આગળ કેમ બેઠા છો, અમારાં ઘરમાં પધારો, આ ઘર આપનું છે.' ત્યાર બાદ શેઠાણી, પુત્રવધૂ અને નોકર-ચાકરોએ ડોશીમાનો હાથ, ખાંધ પર મૂકી, 'ખમા ખમા' કહેતા ડોશીમાને પલંગ પર બેસાડયા ડોશીમાની ચોમેર સઘળા બેસી ગયા અને તેમની પગચંપી કરવા લાગ્યા. શેઠ-શેઠાણી. નોકર વગેરે બધા, પેલા વિદ્વાન બ્રાહ્મણની કથાને પડતી મૂકી, ડોશીમાની સેવા-ચાકરીમાં લાગી ગયા.

લક્ષ્મીદેવી આ બધો, પોતાની માયાનો તમાસો જોઇને મનમાંને મનમાં હરખઘેલાં બન્યાં.

[ચાલુ વાર્તાનો વધુ ભાગ આગામી અંકે]


## પાઠશાળા ઉપયોગી ધાર્મિક પ્રકાશનો

| | |
|---|---|
| સામાયિક સૂત્ર મૂળ ભાવાર્થ સાથે | ૦-૨-૬ |
| દેવસી-રાઈ મૂળ ભાવાર્થ સાથે [પાકું પુઠું] | ૦-૮-૦ |
| પંચપ્રતિક્રમણ મૂળ ભાવાર્થ સાથે | ૧-૮-૦ |
| પોકેટ પંચપ્રતિક્રમણ સૂત્ર મૂળ [પાકું પુઠું] | ૧-૬-૦ |
| સામાયિક ચૈત્યવંદનાદિ સાર્થ તથા દેવસીરાઇ મૂળ (પરીક્ષાના કોર્સ સાથે, | ૧-૪-૦ |
| દેવસીરાઇ સાર્થ | ૨-૦-૦ |
| વિધિયુક્ત દેવસિ-રાઇ પ્રતિક્રમણસૂત્ર | ૧-૪-૦ |
| પ્રાચીન સ્તવનાવલી (પાકું પુઠું) | ૧-૪-૦ |
| અક્ષયનિધિ આદિ ચાર તપ વિધિઓ | ૦-૨-૦ |
| મહામાંગલિક નવસ્મરણ | ૦-૮-૦ |
| નિત્ય પ્રકરણ સ્વાધ્યાય સંગ્રહ | ૨-૮-૦ |
| સાધુ સાધ્વી આવશ્યક ક્રિયાનાં સૂત્રો | ૦-૮-૦ |

**માસ્તર રતીલાલ બાદરચંદ શાહ**

ઠે૦ દોશીવાડાની પોળ-**અમદાવાદ.**

# જ્ઞાન ગોચરી

સં. ગવેષક

[ તાજેતરમાં જઇ આવેલા હિંદી લોકસભાના સ્પીકર શ્રીયુત વાસુદેવ માવલંકરે, અમદાવાદની, જુદી-જુદી સભાઓમાં યૂરોપનો અનુભવ જણાવ્યો હતો. તે ટૂંકમાં અહિં રજૂ થાય છે. **સં૦**

## કેટલાંક સંસ્મરણો

[ **પ્રજાબંધુ.**—શ્રી માવલંકર ]

### યુદ્ધનો ભય

આજે યુરોપનું વાતાવરણ યુદ્ધના ભયથી ભરેલું છે, એનો ખ્યાલ અહીં આપણને આવે તેમ નથી. સામાન્ય રીતે દરેક માણસના મગજ ઉપર એકજ વાત જોર કરતી હોય છે કે, દુનીયાની શાંતિ જળવાશે ખરી ? આપણે બીજા વિશ્વયુદ્ધમાં ઉતરવું પડશે ? રશીઆ સાથે અથડામણ થશે ?

### સારો પગાર : સારૂં કામ

અમે ઈંગ્લેંડના જુદા જુદા પ્રદેશોમાં ફર્યા એથી અમને ત્યાંના આર્થિક અને સામાજિક સ્થિતિનો સારો ખ્યાલ આવ્યો અને અંગત રીતે પણ સારો આનંદ મળ્યો. ત્યાંના ગંજાવર કારખાનાં અમે જોયાં. ઓસ્ટીન મોટર વર્કસમાં ૨૦ હજાર કામદારો કામ કરે છે અને રોજની ૫૦૦ મોટરો તે કાઢે છે. સીંગર કંપની અઠવાડીએ નવ હજાર સંચા કાઢે છે તોય એની માંગ રહ્યાજ કરે છે.

ત્યાંની સ્ત્રી કામદારને સારી રોજી મળે છે. મેં કારખાનાવાળાને પૂછ્યું કે, આટલી ગંજાવર રોજી આપની શી રીતે પરવડે છે? તો એ કહે કે, અમે સારો પગાર આપીએ છીએ અને મજુરો સારૂં કામ આપે છે. મજૂરો પણ જાગૃત છે. ઈંગ્લેન્ડના માથે, ભારે આર્થિક કટોકટી છે એનો એમને ખ્યાલ છે અને ઇંગ્લેંડને માથેથી દેવું ઓછું કરવા સારો માલ તૈયાર કરી બહાર મોકલી રહ્યા છે.

### નાગરિક તરીકેની તાલીમ

અમે તો આઝાદ દેશના પ્રતિનિધિ તરીકે ગયા હતા અને બન્ને સરખા છીએ એવા સમાનતાના ધોરણે નિરીક્ષણ કરીએ ત્યારે સત્ય મળી આવે. દુનિયાની બીજી આઝાદ પ્રજા કેવી હોય છે અને તે કઈ રીતે આઝાદી ટકાવી શકે છે તે અમે જોઇ શકયા. અમને બધું જોયા પછી લાગ્યું છે કે, હિંદને તેના વાસ્તવિક સ્થાને મૂકવું હોય તો ઝટ કામે લાગી જવું જોઇએ, શું કામે લાગવું તે કહેવું જરા મુશ્કેલ છે. આઝાદી ટકાવવા માટે મુઠીભર માણસો ન ચાલે. માત્ર નેતાઓના ગુણગાન કરીને સ્વરાજ્ય ચલાવી શકાય એમ નથી લાગતું, 'તેમની મદદ ને માર્ગદર્શન તો મળશેજ પરંતુ પ્રજાનું સરેરાશ ધોરણ ઊંચું લાવવું જોઇએ. નાગરિક તરીકેના હક્કની સાથે જવાબદારી પણ વિશેષ છે, તેનું આપણને ભાન થવું જોઇએ.

અમદાવાદમાં ટ્રાફીક પોલીસ જ ન હોય તે આપણે કલ્પી શકીએ ? પોલીસ ન હોય તો શું થાય ? આપણને એવી ટેવજ પડેલી છે કે, ઉપરથી દબાવનાર હોય તો કામ થાય. આપણે જાણે પારકાના નિરીક્ષણ ને હુકમથી ટેવાયેલા છીએ. સંયમથી આપણે ટેવાયેલા નથી. હું સ્વીટઝરલેન્ડ ગયો ત્યાં પોલીસ જોયો નથી. ફ્રાંસમાં થોડાક જોયા, લંડનમાં પણ વ્યવહારના પ્રમાણમાં થોડા, પણ ત્યાંની પ્રજા ભીડમાં ધક્કો ન મારે, અને જ્યારે અહિં તો આપણા નેતા આવે તો સારા ગણાતા લોકો દલીલો કરીને ઝઘડે અને પહેલા મળવા અંદર ઘૂસે. આ વસ્તુ નાની લાગે છે, પરંતુ એથી આપણને નાગરિક તરીકેના ભાનનો દાખલો મળે છે; નાગરિક તરીકેની ભાવના અને સમયસરપણું એ ખાસ ગુણો પરદેશની પ્રજામાં અમે જોયા. અનુભવ પરથી મેં જોયેલું કે, અંગ્રેજ જજ હોય તો વેળાસર કામ પતે, જ્યારે દેશી અમલદાર હોય તો બધાને અદ્ધર રાખે ને સાહેબ થઇને વર્તે. આ યોગ્ય નથી કેમકે, એકને કારણે અનેકનો સમય બરબાદ થાય. આ વખતસરપણું અમે ત્યાં પરદેશમાં જોયું એમને

પારકાના સમયની પણ કિંમત હોય. દાખલા તરીકે મારે મી. બટલરને મળવું હતું. એથી મારા મંત્રીને કહ્યું કે, અનુકૂળ સમયે મુલાકાત ગોઠવવાનું તેમને કહો, ત્યારે તેમણેજ ઉલટું સામેથી કહેવડાવ્યું કે તમે થોડા સમય માટે આવ્યા છો માટે અમે જાતે જ તમને મળવા તમારી હોટેલ પર આવી જઈશું. મુંબઈના ગવર્નર સર જહોન કોલવીલ પરિષદમાં મળ્યા ત્યારે તેમણે તુરત ઉભા થઈને પોતાની જાતે પોતાની ઓળખાણ આપીને યાદ તાજી કરાવી. આ બધું તેમનું સૌજન્ય બતાવે છે અને સમયની કિંમત બતાવે છે.

## વ્યવસ્થા અને વિવેક

જો સ્વરાજ્ય ચલાવવું હોય તો દરેકનું સ્વમાન જળવાવું જોઈએ. ગમે તેવો નાનો માણસ હોય પણ એનું સ્વામાન જળવાવું જોઈએ. જો આપણો દાવો ૩૦ કરોડના સ્વરાજ્યનો હોય તો એક સામાન્ય ભંગી અને વડાપ્રધાન બન્ને માનવતાની દૃષ્ટિએ સમાન ગણાવા જોઈએ; પણ અહિં એવું જણાતું નથી; બંધારણો ઘડવાથી, મતદાર મંડળો રચવાથી અને ચૂંટણી લડવાથી સ્વરાજ્ય સ્થપાય તેમ હું માનતો નથી, વર્તન અને સ્વભાવમાં લોકશાહી આવે તોજ સ્વરાજ્ય સ્થપાય. ઈંગ્લેન્ડમાં અમે કોઈને ચીઢાયેલો જોયો નહિ. દરેક માણસ અમને મદદ કરવા ઉત્સુક, અને આવા ગુણો હોય તોજ સ્વાતંત્ર્ય ટકી શકે, વળી ત્યાંની પ્રજામાં વ્યવસ્થાશક્તિ પણ વિકસેલી હોય છે. અમારો જે કાર્યક્રમ નક્કી થયેલો તે નિયમ મુજબ તેમણે પાર પાડયો. આપણા દેશમાં યોજનાઓની વાતો થાય છે. ગુજરાતમાં દુષ્કાળ આવે ત્યારે જાગીએ ને પછી સુઈ જઈએ. સવારે દાતણ કરતી વખતે પણ આપણે દિવસની યોજના ઘડતા ~~નથી, ને લોકો~~ રાષ્ટ્રિય નિયોજનની વાતો કરે છે તેથી મને હસવું આવે છે, લંડનમાં અમે ટ્રાન્સપોર્ટની પ્રીલમ જોઇ. ત્યાં રોજ લાખો માણસોની અવરજવર થાય છે. ભૂગર્ભમાં રેલવે ખૂબ નિયમિત ચાલે છે. ત્યાંની બસ જોઈએ તો જાણે કાલેજ આવી હોય તેવી. પણ તેને તેના વાપરનારા અને ઉતારૂ બધી સ્વચ્છતા જાળવે. સ્વચ્છતાનું આ ધોરણ જોયું ત્યારે મને થયું કે, આ ધોરણ હોવું જોઈએ.

## આધુનિક ગોકુળ : સ્વીટ્ઝર્લૅન્ડ

અંગ્રેજોની શિસ્ત બેનમુન છે. ત્યાંના લોકો કાળા બજારમાં ઘઉં ન ખરીદે. ત્યાં દૂધની અછત જણાઈ, ત્યારે મેં પૂછયું કે, કેમ તમારે ત્યાં ઓછું પેદા થાય છે ? ત્યારે તેમણે જણાવ્યું કે "અમારે ત્યાં તમારા કરતાં પણ વધુ દૂધ પેદા થાય છે પરંતુ તેની વહેંચણી ખૂબ વ્યવસ્થિત છે." ત્યાં દરેક બાળકને રોજ રતલ દૂધ અપાય છે, અને તેથી ખરા ગોપાળ તો મેં ઇંગ્લેન્ડમાં જોયા. ગાયની સાચી સેવા ત્યાં જોઇ. સ્વીટ્ઝર્લૅન્ડમાં જે ગાયની સેવા જોઈ તે બીજે ક્યાંય ન જોઇ. આપણા ગોવર્ધન ગોપાલ અને ગોવિંદનાં નામોજ રહ્યાં છે અને સાચું ગોકુળ-વૃંદાવન તો મેં ત્યાં જોયું. ખેડુતના ગળા પરના ચિત્રમાં પણ ગાય જ હોય.

## આઝાદ રાષ્ટ્રની પ્રજા

પરદેશમાં જઈએ છીએ ત્યારે આપણી નાનામાં નાની ટેવ પર ત્યાંના લોકોનું ધ્યાન રહે છે અને એ આપણી ટેવોને અંગત ટેવો તરીકે જોતા હોય તો ઠીક પણ એવી ટેવ સારાય દેશની હશે એમ તેઓ માને છે. રાજકારણમાં પણ આપણે ત્યાં યુરોપના દેશો જેવી સૂક્ષ્મતા હજી આવી નથી. આપણે આંખ અને કાન બંધ રાખીને જીભને છુટી મૂકીએ છીએ. મેં તો પ્રતિનિધિમંડળના સભ્યોને કહ્યું હતું કે, આપણે જીભ બંધ રાખી, આંખ અને કાન ખુલ્લા રાખવા છે. પહેલાં જીભ છુટી રાખી હતી તે ચાલ્યું પણ હવે આઝાદ હિંદમાં તે ચાલી શકે તેમ નથી.

યુરોપના દેશોની મુસાફરી પરથી આઝાદ દેશની પ્રજા કેવી હોઈ શકે એનો ખ્યાલ આપણને આવી શકે છે. કપડાંની બાબતમાં ચોકખાઈ, શરીરની તંદુરસ્તી, ક્રોધનો અભાવ અને સત્ય અને પ્રમાણિકતાનો આગ્રહ, આ પ્રજાઓ પાસેથી આપણે શીખવાનો છે ને તો જ એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે આપણે ટકી શકીશું. સ્વીટઝરલેન્ડના ઈન્ટરલાકત ગામમાં હું ગયો હતો. ત્યાં રેલ્વેના ક્રોસીંગ આગળ આપણે ત્યાં જેમ ઝાંપા છે તેમ ઝાંપા કે વાડ નહોતી છતાં ત્યાં એકે અકસ્માત થતો નથી. ગાડી આવવાની ઘંટડી વાગે એટલે લોકો આપોઆપ રસ્તાની બે બાજુ થોભી જ જાય. સ્વીટઝરલેંડમાં મેં કોઇ ઠેકાણે

પોલીસ ન જોયો. રેલવે સ્ટેશને ઝાંપા નથી, અને ટીકીટ તપાસનાર માસ્તરે નથી.

આ બધી વસ્તુઓ દેખાય છે નાની પણ તેની પાછળ એ પ્રજાની શિસ્ત ને આત્મસંયમનો ખ્યાલ તમને આવશે.

## દેશનું ગૌરવ

[ સંસ્કૃતિ –શ્રી ઉમાશંકર જોષી ]

દેશમાં ગરીબ કુટુંબો—આખાં ને આખાં કુટુંબો અસહ્ય ગરીબીને લીધે સામૂહિક આત્મહત્યા કરવાના સમાચારો વારંવાર છાપામાં ચમકી જાય છે. એ સંયોગોમાં ગરીબોને માટે જેની આંતરડી કકળી ઉઠેલી છે, એવા પં. જવાહરલાલને મોંએ મોટા–મોટા પગારોનો દેશના અને રાજ્યના ગૌરવના નામે બચાવ થતો સાંભળવા મળે એ એવડું નવાઈ ભર્યું છે. હિંદના વડા હાકેમનો પગાર દુનિયામાં આજસુધી પૂરો વગોવાયેલો છે. આપણે લડત વખતે એની સામે રોષ ઠાલવવામાં બાકી રાખી નથી. આજે રાજાજી જેવા નેતા એ પદે આવ્યા ત્યારે પણ એ જૂના ખર્ચો જ ચાલુ છે: માસિક પગાર રૂ. ૨૦૯૦૦ ઉપરાંત રૂ. ૩૭૫૦ અને રૂ. ૨૯૧૬૬ એલાઉન્સ, મોટરો નિમિત્તે રૂ. ૫૨૫૦ અને રહેવાના ખર્ચના રૂ. ૫૦૦૦૦, વાઇસરીગલ લોજના સ્વતંત્ર હિંદમાં ઇસ્પિતાલ તરીકેના ઉપયોગની સંભવિતતા ગાંધીજીએ સૂચવી હતી.

પણ પંડિતજી આજે કહે છે કે, ' આ બધું અકબંધ રાખવાનું છે, કેમકે રાજ્યના ગૌરવને સોષણું ન પડે એ ઇચ્છવા જોગ છે.' વલી બચાવમાં એમણે કહ્યું. ' રાજાજી જેવો સાદાઇવાળો માણસ હિંદમાં કોઈ છે નહિ. ' ખરે જ વડાપ્રધાન તરીકે જે પોતાનાં કપડાં હાથે ધોતા હતા, તે રાજાજી પોતે પણ આ શી રીતે ચલાવી લે છે એ આશ્ચર્ય છે.

પંડિતજીએ પરદેશી એલચી ખાતાના ખર્ચના આંકડા આપ્યા એ પણ છાતીએ વાગે એવા છે. અલબત્ત નવેસરથી હિંદે એલચીખાતાં સ્થાપવાનાં હોઇ આરંભમાં કરોડોનો ખર્ચ થાય એ સમજી શકાય એવું છે, પણ આકાશને અડતા પગારો અને અત્યંત ખર્ચાળ રહેણી એ હિંદનું ગૌરવ સાચવવા માટે અનિવાર્ય હશે, એમ માનવું મુશ્કેલ છે.

મોસ્કો ખાતેનાં એલચી શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતને માસિક સૌથી વધુ રૂ. ૧૨૫૦૦ મળે છે. મોસ્કોમાં એમને સ્વીડિશ રાચરચીલું જોઇએ છે. બ્રિટન ખાતેના હાઇકમીશ્નર શ્રી કૃષ્ણમેનનની તહેનાતમાં નવ મોટર ગાડીઓ છે. જેમાં એક રોલ્સ-રોયસ હમણાં જ રૂ. ૫૪૬૦૦ ની મોટી કિંમતે ખરીદવામાં આવી છે. અને તે એમની પદવીના 'ખાસ મહત્ત્વ અને મોભાને નજરમાં રાખીને.'

પરદેશમાં આપણા એલચીઓ, યતિઓનું જીવન ગાળે એવી કોઇ અપેક્ષા ન રાખે. પણ બીજા પાશ્ચાત્ય દેશોની સરસાઇ કરવી હોય તો પણ હિંદી પ્રજાજનની સરેરાશ આવક જરી વધે ત્યાં સુધી એ પ્રજાજનની દરિદ્રતાની પરદેશોમાં ઠેકડી ઉડે એ જાતની રહેણી તો તેઓ નજ રાખે. હિંદી પ્રજાજનની સરેરાશ આવક દુનિયામાં સૌથી વધારે હોય ત્યારે પણ હિંદ પોતાનું ગૌરવ પરદેશમાં ખર્ચાળ એલચીઓથી નહિ સાચવે, હિંદના આત્માની મોટાઇ પ્રગટ કરીને જ દાખવશે. હિંદ પાસે દુનિયાને આ અપેક્ષા રહેવાની જ.


## ખાસ વસાવવા લાયક પુસ્તકો

| | |
|---|---|
| ભાગ્યનિર્માણ | ૩–૪–૦ |
| વિક્રમાદિત્ય હેમુ | ૫–૦–૦ |
| સજ્જન સન્મિત્ર-મોટું | ૬–૦–૦ |
| પ્રાકૃત વિજ્ઞાન પાઠમાલા | ૪–૦–૦ |
| સતી ચંદનબાલા | ૩–૦–૦ |
| અભયકુમાર ચરિત્ર | ૩–૦–૦ |
| ઇલાચી કુમાર | ૨–૮–૦ |
| જગડુશાહ | ૩–૦–૦ |
| મગધરાજ નરકેસરી | ૪–૮–૦ |
| દેવકુમાર ચરિત્ર | ૩–૦–૦ |
| મહામંત્રી શકટાલ | ૪–૮–૦ |
| અનોપમા દેવી | ૫–૦–૦ |

**મહેતા નાગરદાસ પ્રાગજી**

ઠે. પતાસા પોળના દાળમાં–અમદાવાદ

# આઝાદ હિંદના બે મહત્ત્વના પ્રશ્નો.

—શ્રી મનુ સુબેદાર

હજુ હિંદુસ્તાન પર બે મોટી આફત છે, જેમાંથી તેણે છૂટા થવાનું છે. આ બેમાંથી એક મોટો મામલો મોંઘવારીનો છે, જ્યારે કેનેડામાં લડાઇ પહેલાંની કિંમતો સરખાવતાં ફક્ત પચાસ ટકાનો વધારો થયો છે. યુનાઈટેડ સ્ટેટસમાં ફક્ત બાસઠ ટકાનો વધારો થયો છે, ઈંગ્લાંડમાં ૭૨ ટકા થયો છે, ત્યારે હિંદુસ્તાનમાં જીવનધોરણ ૨૬૦ ટકા ઉપર ગયું છે. લડાઇ દરમ્યાન જેમ નોટો છપાતી તેમ આજે પણ કાગળિયાંઓ છપાવી બહાર પાડવામાં આવે છે. સરકારના હાથની પુરાંત દરવર્ષે ૧૦૦થી૧૫૦ ક્રોડ જેટલી ઓછી થતી જાય છે.

હિંદુસ્તાનનું નાણાંવિષયક ધોરણ સુવ્યવસ્થિત નથી, અને કાંઇક ખોટામાર્ગે દોરાયેલું છે, એમ કહ્યા વિના છૂટકો નથી. સરકારને આ વિષયની સારી માહિતી છે, અને હમણાં હમણાં આ મામલો સુધારવા માટે કંઇક કંઇક માર્ગો શોધાઇ રહ્યા છે, તે સારૂં ચિહ્ન છે. પણ નાણાંવિષયક ગેરવ્યવસ્થા એ સમસ્ત પ્રજાને બધી રીતે નીચે લાવનારી છે અને બધાની રોટલી ઘટાડનારી છે.

આ ઉપરાંત, એક બીજો મહત્ત્વનો પ્રશ્ન આજે પ્રજા પાસે છે અને તે પ્રાંતીયભાવનાનો છે. અંગ્રેજોએ પ્રાંતો બનાવ્યા પોતાની સગવડને માટે અને તેમણે જુદા જુદા પ્રાંતો વચ્ચે અદેખાઈ ઉભી કરી ને હિંદુસ્તાનને પાછળ રાખ્યું. હવે પ્રધાનપદ અને બીજી પદવીમાંથી બકાત રહી ગયેલા માણસો પ્રાંતોની ભાષાવાર વહેંચણી કરવા ઉંચાનીચા થઈ રહ્યા છે.

અંગત સ્વાર્થ સાધવા સિવાય આમાં કોઇ મોટો હેતુ દેખાતો નથી. મોટે ભાગે પ્રાંતના બજેટમાં ખાધ છે, જે પૂરી કરવાને માટે નવા કરો નાંખવાની પેરવી થઇ રહી છે. હિંદુસ્તાન જેવા ગરીબ મુલકને આઠ પ્રાંતો શા માટે જોઇએ? આઠ ઠેકાણે ધારાસભાઓ બેસે છે એકજ વિષયના કાયદા કરવા માટે. તેને લગતા ખરચાઓ કર્યા પછી આઠ ઠેકાણે પ્રધાનમંડળ બેઠું છે. તેમાં રાજ્યવહિવટના અનુભવી બહુ થોડા છે, તેઓમાં અદેખાઈ ઘણી છે અને પ્રાંતીય પ્રધાનમંડળોને હાથે ઘણે ઠેકાણે ઘણી ગંભીર ભૂલો થઈ રહી છે. અનુભવવાળા જે થોડા સિવિલસર્વંટો છે, તેઓ પ્રાંતની સેક્રેટરિયેટોમાં પ્રધાનોને પ્રથમ પાઠો શીખવાડવામાં રોકાઇ ગયા છે.

જ્યારે દીલ્હીથી અમદાવાદ, ઔરંગાબાદ અને હૈદરાબાદ પહોંચતાં એક મહિનો લાગતો, ત્યારે દિલ્હીથી રાજતંત્ર થતું હતું. તો આજે એક મિનીટમાં ટેલીફોનમાં વાત થાય છે અને ત્રણ કલાકમાં જ્યાં જવું હોય ત્યાં પહોંચી શકાય છે, તે વખતે દિલ્હીથી રાજ્યતંત્ર ચલાવવામાં મુશ્કેલી શા માટે પડે તે મને સમજાતું નથી. પ્રાંતોનાં પ્રધાનમંડળો કાઢી નાંખ્યા હોય તો સો–સવાસો કરોડ રૂપિયા દરવર્ષે બચી જાય અને આવી રકમમાંથી પ્રજાની ઉન્નતિનાં કેટલાબધાં કાર્યો થઈ શકે તેનો ખ્યાલ વાંચકને સ્હેજે આવશે.

પ્રાંતિય ભાવનામાં બીજી જાતનું ઝેર પણ રહ્યું છે, તે આસ્તે આસ્તે દેખાવા લાગ્યું છે. હિંદુસ્તાન આખાનું બળ વધારવાની કોશિશ કરવાને બદલે બધા પોતપોતા તરફ થોડું થોડું ખેંચે છે. કેટલાક પ્રાંતો હવે ઉદ્યોગનાં કારખાનાં પોતાને ત્યાં નંખાવવાને મથી રહ્યા છે. કેટલાક પ્રધાનો પોતાની ચુંટણી પાછી બરોબર થાય તે માટે પ્રજાનાં નાણાં જુદે જુદે રસ્તે વાપરી રહ્યા છે. જમીનદારીની નાબુદી, દારૂનિષેધ અને બીજા કેટલાક સારા, પણ

તુરતમાં જેની વ્યવસ્થા ન થાય તેવા સવાલો કંઇક વધુ પડતી ઉતાવળથી અને આખા દેશની સગવડ–અગવડનો વિચાર કર્યા વિના પ્રાંતીય પ્રધાનો એકદમ હાથમાં લઇ ધસી જવા માગે છે.

હિંદુસ્તાનના ભાગલા થવા પહેલાં મુસલમાનોને સંતોષવા પ્રાંતીય સરકારને વધુ સત્તા આપી હતી અને તેટલા માટેજ કોંગ્રેસે ભાષાવાર પ્રાંતની વાત નક્કી કરી હતી, પણ હવે આ બાબતનો ફરી વિચાર કરવો ઘટે છે. પ્રધાનો અને બીજા જાહેર કાર્યકરોને કરવાનું કામ ઘણું છે; પણ રાજ્યતંત્ર ચલાવવામાં તેમની શિથિલતા અને અયોગ્યતા ઘડી–ઘડી ઉપર દેખાઈ આવે છે. સામાન્ય રીતે કહીએ તો કોઇપણ પ્રાંતમાં એકપણ જરૂરી સવાલનો બહુ ઝડપથી અને બહુ વ્યવસ્થાશીલ નિકાલ થયો જ નથી.

આ રીતે હિંદુસ્તાનની પાસે જે મોટા સવાલો છે, તેનું નિરાકરણ તે કેવી રીતે કરે છે, તેના પર બીજી પ્રજાઓની નજર છે. મોંઘવારી અને પ્રાંતીયતા એ બે સવાલો મજબૂતીથી સમાવી દેવામાં આવે તો હિંદુસ્તાનની પ્રજાનું ગૌરવ ખરેખર વધે અને દુનિયામાં બીજા લોકો પણ તે કબૂલ કરે તેમાં શક નથી.

મધ્યસ્થ સરકારે ઘણી ચીજો ઘણી રીતે સરખી કરી છે, અને આ બે વિષય પર પણ તેઓ સમયસર જોઈએ તેવાં પગલાં લેશે એમ આપણે આશા રાખીશું.

[ અખંડ આનંદ ]

૧૮૪૮ ૧૯૪૮

એકસો વર્ષ

જીંદગીના વિમાનો અનુભવ, આપની સેવામાં.

ગ્રેશમ જીંદગીના વિમા ઉતારનારી સોસાયટી, લીમીટેડ.

ઑરગેનાઈઝર :—
નરહરિ એમ. ઓઝા,
પાલીતાણા (કાઠીયાવાડ).

ચીફ ડીસ્ટ્રીક્ટ ઓફીસ
ભદ્ર પાસે, પો. બો. નં. ૬૦.
અમદાવાદ.

# વલ્લભીપુરનું પતનઃ——— પૂ૦ આ૦ વિજયભુવનતિલકસૂરિજી મહારાજ

મારવાડ દેશમાં વ્યાપાર અને ધનિકોનું મૂખ્ય ગણાતું 'પાલી' નામનું ઘણું જ પ્રાચીન ઐતિહાસિક શહેર છે. પાલી શહેરમાં કાકુ અને પાતક એ બન્ને ભાઈઓ નિવાસ કરતા હતા. એક ભાઈ ભાગ્યશાળી અને બીજો ભાઈ દુર્ભાગી. મોટો ભાઈ કાકુ આખો દિવસ ખેતરનું વ્યવસાયી કામ કરીને, થાકેલો હોવાથી રાત્રિને વિષે ભરનિદ્રામાં સુતો હતો. નાનાભાઈ પાતકે આવીને તેને જગાડયો, અને કહ્યું કે,

'ભાઈ! ખેતરને સંભાળવાનું છોડીને સુઈ કેમ રહ્યો છે? કયારાઓનું પાણી બહાર નીકળતું હશે? વાવેલાં બીજો નકામાં જશે.'

આવો, નાના બંધુનો ઉપાલંભ સાંભળી, ખેતરનાં ઓજારો ઉઠાવી, એકલવાયો ચાલી નીકળ્યો. માર્ગમાં ખેતરનાં કામને સંભાળીને આવતા કેટલાક ચાકરો જોયા, અને પૂછયું.

'તમે કોણ છો?

તેઓ બોલ્યા કે, 'તમારા નાનાભાઈના નોકરો છીએ.'

ત્યારે કાકુએ પૂછયું કે, 'મને કોઈ કામમાં રોકે અને આ રાત્રિની દોડ–ધામની ધમાલ મટી જાય; એવું કોઈ સ્થળ છે?' ત્યારે પાતકના પેલા પુરૂષોએ જણાવ્યું કે,

'વલ્લભીપુર તરફ તમારૂં ભાગ્ય ખીલશે તે ક્ષેત્ર તમોને પોકારે છે.'

એકાએક રાત્રિના ઉઠીને, એક માટલામાં પોતાનો મામુલી સામાન મુકીને ઝડપથી ગામ છોડીને નીકળ્યો. વલ્લભીપુર પહોંચ્યો, અને ગામ બહાર એક દરવાજા પાસે એક ઝુપડું બાંધીને નિવાસ કર્યો. પુણ્યનો સાચો પ્રકાશ પથરાવાનો હોય ત્યારે અનેક સાધન, સન્મુખ આવીને મલી જાય છે.

એક સંન્યાસી ફરતા–ફરતા આવ્યા, અને જેઓને કાશી તીર્થની યાત્રાએ જવાની ઈચ્છા હોવાથી પોતાની પાસે સ્વર્ણ–રસનું એક તુંબડું હતું. તે તુંબડું વાણીઆને ત્યાં અનામત તરીકે મુકીને ચાલ્યા. એ વાણીઓ ગરીબ હતો, જેથી તેનું 'રંક' એવું નામ લોક–પ્રસિદ્ધ થયું હતું. રંક વાણીઆએ પોતે પોતાના હાથે પોતાની ઝુંપડીમાં કોઈ પર્વ દિવસે રસોઈ બનાવતાં તાંબાની તપેલી ચૂલા પર ચડાવી હતી. ગરમીના તાપે ઉપરની તુંબડીમાંથી એક બિંદુ પડયું અને જે તાપથી તપેલી સોનાની બની. પોતે સમજ્યો કે, તુંબડીમાં દુર્લભ સિદ્ધ રસ ભર્યો છે. પોતાના હાથે પોતાની ઝુંપડી સળગાવી. પોતે ગામમાં એક ઘર લઈને રહ્યો, અને સુખી થયો.

એક સમયે ઘી વેચનાર કોઈ ઘીવાળી તેના ઘરમાં ઘી આપવા આવી, પણ ઘી ખુટતું નહિ. પોતે સમજ્યો કે, જરૂર ઘીની નીચે ચીત્રા–વેલી હોવી જોઈએ. બાઈને પટાવીને તે પણ પોતે પડાવી લીધી. પાપાનુ–બંધી પુણ્યના ઉદયથી મળેલી લક્ષ્મી અઢળક ભેગી તો થઈ પણ એક કોડી પણ સુકાર્યમાં ખરચ ન કરી શકયો. માત્ર લોભમાંને લોભમાં મગ્ન બન્યો હતો.

વાણીયાની પુત્રી રત્ન–જડિત કાંસકીથી માથાના કેશ ઓળતી હતી. શિલાદિત્ય રાજાની પુત્રીના જોવામાં એ કાંસકી આવી અને તે લેવા લલચાઈ. અને પોતાના પિતા–રાજાની પાસે હઠ–લઈને એજ કાંસકી મંગાવી. અને તે લેવામાં કંઈક બળાત્કાર થયેલો. જેથી વાણીઆના હૃદયમાં એ બાબતના વેરનો વેલો રોપાયો. અને નિર્ણય કર્યો કે, ગમે તેટલી લક્ષ્મી વ્યય કરીને, પણ રાજાને પદ–ભ્રષ્ટ કરાવું ત્યારે જ હું સાચો વાણીઓ!

ગામ છોડીને પોતે મ્લેચ્છ દેશમાં ગયો, અને ત્યાંના રાજાને કેટલીક સોનામ્હોર આપીને રાજાને રીઝવ્યો, અને અવસરે પાણી ચડાવીને

વલ્લભીપુર તરફ મોટા સૈન્ય સાથે ચડાઇ કરાવી. કેટલુંક પ્રયાણુ થયા પછી એક દિવસ રાત્રિના એક છત્ર-ધર કોઇ વિશ્વાસુ આદમી સાથે વાત કરતો હતો. આપણો રાજા વિના વિચારે વાણીઆના અનુરોધથી, સૂર્યના પુત્ર સાથે લડવા જાય છે. કોઇપણ અક્કલવાળો, દીર્ઘ-દૃષ્ટિ મંત્રી પણ નથી. આ વાત રાજાએ સાંભળી અને પ્રયાણ અટકાવ્યું. વાણીઆને ખબર પડતાં રાજાને પુનઃ દિવ્ય-રત્નો ભેટ કરીને લડાઇ માટે ઉશ્કેર્યો. અને પ્રયાણ આગળ કરાવ્યું.

વલ્લભીપુરમાંથી શ્રી ચંદ્રપ્રભપ્રભુની પ્રભાવિક મૂર્તિ, અંબાદેવી અને ક્ષેત્ર-પાલના બલથી આકશમાર્ગથી ઉડીને પ્રભાસ-પાટણ પહોંચી અને વર્ધમાન પ્રભુની પ્રભાવિક મૂર્તિ, અધિષ્ઠાયકના પ્રયોગથી રથમાં બેસીને શ્રીમાલ નગરમાં આસો સુદિ પૂર્ણિમાના દિવસે પધારી. અહીં બીરાજેલા ધર્મપ્રભાવક જૈનાચાર્યશ્રી વર્ધમાનસૂરિજી મહારાજની પાસે અધિષ્ઠાયક દેવીએ આવીને જણાવ્યું કે,

'ગુરૂદેવ ! આ નગરમાં ઉત્પાત થશે.' રડતી અને ઉદાસીન સ્ત્રી વેષધારી દેવીને ગુરૂ-મહારાજે પૂછયું કે,

'આ નગરમાં અન્ય શું થશે ?'

દેવીએ જણાવ્યું કે, 'આ નગરનો પ્રત્યક્ષ હું નાશ દેખું છું. તમો અહીંથી પ્રયાણ કરી જાઓ. તમોને મળેલ દુધ-પાક રૂધિર બની જશે. જે સ્થળે પુનઃ દુધ-પાક બને તેજ સ્થળમાં પરિવાર સહિત તમે સુખે નિવાસ કરજો.' એમ ભવિષ્ય વાણી કહી દેવી અંતર્ધાન થઈ.

જલધિના જલની જેમ વેગથી મ્લેચ્છ સૈન્યોએ, વલ્લભીપુરને ચારે બાજુથી ઘેરી લીધું, રંક વાણીઆએ વાજીંત્ર વગાડનારાઓને વિપુલ દ્રવ્ય સમર્પીને સમજાવ્યું કે,

'લડાઇમાં લડવા રાજા ઘોડે ચડે તે સમયે તમારે ભયંકર શબ્દોથી વાજાં વગાડવાં જેથી ઘોડો ચમકે અને ભડકે.' તેઓએ કબુલ્યું હતું.

સંગ્રામ બ્યુગલ વાગ્યું, મ્લેચ્છ સૈન્ય પણ મોટા ગર્જારવથી લડાઇમાં ઉતર્યું. શિલાદિત્ય પણ સંગ્રામ માટે. જ્યારે ઘોડા પર ચડવાને તૈયાર થયા કે, તુર્તજ ભયંકર શબ્દો વાજીંત્રમાં નીકળ્યા, અને અચાનક ઘોડો ભડકયો, અને આદર્શ માર્ગે આવ્યો હતો તે માર્ગે ઉડી ગયો. રાજા વિચારમાં પડ્યો, અને ગભરાટથી નીચે પડ્યો કે, તુર્તજ મ્લેચ્છોએ માર્યો અને આખું રાજ્ય લુંટી લીધું. રાજ્ય કુટુંબ અને નગરલોકો પરદેશ ભાગી ગયા. વલ્લભીપુરનું પતન થયું. આ ઇતિહાસ દરેક રાજવીઓને એક સત્ય-સંદેશો પાઠવે છે, કે 'અમર રાજ્ય સત્તા કોઇના હાથમાં રહેતી નથી. અનીતિનું ઝેર જે રાજ્યમાં પ્રસરે છે. તે રાજ્ય ચેન-કેન નાશ-પંથે પડે છે. માનવોને પણ સ્વ-જીવનના વિકાસ પંથે આ વસ્તુ સમજવાની પુરી જરૂર છે.

આ એક ઐતિહાસિક પ્રાચીન શહેરની સત્ય ઘટના છે.

**જીવન વિકાસ**
વાર્ષિક
લવાજમ
રૂા. ૪-૦-૦

વડોદરા રાજ્યે આ માસીકને શિક્ષણ સંસ્થાઓ અને લાયબ્રેરીઓ માટે મંજુર કરેલ છે. આ માસીક આપની ગૃહલાયબ્રેરીમાં હોવું જ જોઇએ. ઘણી રીતે એ તમને સહાયક થશે, બાળ-કુમાર, સ્ત્રી-વૃદ્ધ સૌને 'જીવન વિકાસ' સમાનોપયોગી છે. જરૂર વસાવો. છુટક નકલ ૦-૬-૦

**"જીવન વિકાસ" કાર્યાલય. ઉજ્જૈન** (મધ્યભારત)

# રીબાતા મધ્યમ વર્ગના જૈનો !———ગાંધી ડાહ્યાચંદ ત્રીભોવનદાસ

કાળના પરિવર્તન સાથે દુનિયાનું પણ અજબ પરિવર્તન થઈ રહ્યું છે. એક સમય એવો હતો કે, જ્યારે હિંદમાં ધનિક વર્ગની સાથે મધ્યમ વર્ગના જૈનો પણ પોતાની આવશ્યકતા મુજબ સુખી હતા. અત્યારે તેથી તદ્દન ઉલટુંજ દેખાય છે. હાલના ધનિક વર્ગને બાદ કરતાં મધ્યમ વર્ગની સ્થિતિ તદ્દન કફોડી થતી જાય છે, અને તેથી પણ હલકી સ્થિતિવાળાની દશા તો આંખમાં આંસુ લાવે એવી દયામણી થઈ ગઈ છે. એક વખત એવો હતો કે, જ્યારે દરેકના ઘરમાં ઓરડે અજવાળું હતું. અત્યારે બહાર અજવાળું છે અને ઓરડે અંધારાં થઇ ગયાં છે. શરીરે સશક્ત હતા, અત્યારે તદ્દન નિર્માલ્ય જેવી સ્થિતિ થઇ છે. તે વખતે ધનિક કે મધ્યમ વર્ગના દરેક જૈનની એવી ભાવના હતી કે, મારો સ્વામીભાઈ કોઇ રીતે દુઃખી થાય તો તેને પોતાનાથી બનતી મદદ કરી તેની સ્થિતિ સુધારી લેતા હતા. અત્યારે મધ્યમ વર્ગની ગમે તેવી ઉંચ ભાવના હશે પણ તે કોઇને મદદ કરતો નથી અગર કરી શકે તેવી સ્થિતિમાં નથી અને ધનિકો તો આજના મોજશોખમાં પડી જઇને તેઓ પોતાના સ્વામીભાઇઓ તરફ તદ્દન બેદરકાર થઇ ગયા છે. જે અફસોસ કરવા જેવું છે. એક વખત માંડવગઢમાં લાખો જૈનો બધા લક્ષાધિપતિ રહેતા હતા. તેવા વખતે બહારગામથી કોઈ સાધારણ સ્થિતિના સ્વામીભાઈ ત્યાં રહેવા આવે તેને સારી સ્થિતિમાં લાવવા દરેક લક્ષાધિપતિઓ તેને એક રૂપિયો અને સાથે સાથે એક માટીની ઇંટ આપતા, જેથી તે પોતાનું મકાન ચણાવી લે અને લક્ષાધિપતિ પણ થઈ જાય. પોતાના ગામમાં કોઈપણ સ્વામીભાઈ દુઃખી હાલતમાં રહેવો જોઇએ નહિ. એવી ઉંચ ભાવના હતી અને અત્યારે તેવી ઉંચ ભાવનાવાળા ભાગ્યેજ કોઈ હશે ! એ પણ સમયનીજ બલિહારી ગણાયને ?

બીજા વિશ્વયુદ્ધ પછીનો સમય ઘણોજ બદલાઈ ગયો છે; તેમાં મોટાં શહેરોમાં વસતા મધ્યમ વર્ગના જૈનો પૈકીના કેટલાક મહામુશ્કેલીએ પોતાનું પેટ ભરતા હશે. જ્યારે નાનાં શહેરોમાં અને ગામડાંમાં વસતા વર્ગની, હાલની અસહ્ય મોંઘવારીના લીધે તથા કંટ્રોલવાળી દેશની રાજ્યનીતિથી વેપાર ધંધો ખોઈ બેઠા છે. તેવા પોતાનું અગર પોતાના વડવાઓનું સંગ્રહ કરેલું જે કાંઇ હશે તે વેચી વેચીને પુરૂં કરી રહ્યા છે અને દયામણી સ્થિતિ તરફ ધકેલાઇ રહ્યા છે. જ્યારે તદ્દન છેલ્લી સ્થિતિના માણસોને એક ટંક પણ ખાવાનું મળવાનાં ફાંફાં પડી રહ્યાં છે. તેમાં પણ અગાઉના વખતની એકલી વિધવાઓ જેમને વાર્ષિક રૂા. ૬૦, થી ૭૫ ભરણપોષણના મળતા હશે તેઓ બીચારાં અત્યારે કેવી રીતે ચલાવતાં હશે. તેમની ભીતરનો ઇતિહાસ તપાસવામાં આવે તો ગમે તેવા નિષ્ઠુર હૃદયના માણસને પણ આંખમાં આંસુ આવ્યા વગર રહે નહિ.

દુનિયામાં જ્યારે આવી ભયંકર સ્થિતિ પ્રવર્તે છે ત્યારે ધનવાનો અને ઉદ્યોગપતિઓ પોતાના સ્વામીભાઇ તરફની ફરજ ચુક્યા છે.

ઓ ધનવાનો અને ઉદ્યોગપતિઓ ! તમે ભલે પૈસા કમાઓ અને સંગ્રહ કરો તેના માટે અમને કાંઈ અદેખાઇ નથી. તમારી પુન્યાઈ છે અને તમે કમાશો, પણ તમે તમારા સ્વામીભાઇ તરફની ફરજ બજાવો એજ અમારી તમને નમ્ર પ્રાર્થના છે.

પૈસા કમાવવાનું સાફલ્ય એજ હોઈ શકે કે, તમે તમારા ઉપયોગમાં વાપરો અને વધારો. પણ વધારો તમારા પાડોશી, સગાંવ્હાલાં,

ન્યાતીલા તમારા સ્વામીભાઈઓ અને અન્ય લોકો જે દુઃખી થતા હોય તેઓને સંપૂર્ણ રીતે સહાય થવામાં વાપરો. જો તમે એમ સમજતા હશો કે, અમારી કમાણી અમે વાપરીએ કે સંગ્રહ કરી રાખીએ, તેમાં કાંઈ ખોટું નથી; પણ લક્ષ્મીનો સ્વભાવ ચંચળ છે તેને ગોંધી રાખીએ એથી કાંઈ રહેવાની નથી તે ક્યારે પગ કરી જશે એ તમારા ખ્યાલમાં પણ નહિ આવે અને લક્ષ્મી વગરના થઈ જશો. લક્ષ્મીનો જેમ સદ્વ્યય વધારે કરશો તેમ તેથી થતા પુન્યે તેમાં ઘટવાને બદલે વધારો થતો જ રહેશે. લક્ષ્મી માટે કહેવત છે કેઃ-' માંગે તેથી આઘે અને ત્યાગે તેને આગે. જેમ જેમ તેની વધુ ઈચ્છા કરતા જશો, તેમ તેમ તે દૂર જશે અને તમે ત્યાગ કરવાની ઇચ્છા કરશો, તેમ તેમ તે આગળને આગળ આવતી જશે.

ઋષિમુનિઓ તેનો ત્યાગ કરે છે તો તેમને અનેક સિદ્ધિઓ મળે છે. વસ્તુપાળ-તેજપાળ કે ધન્નાશાળીભદ્રના દૃષ્ટાંતથી માલુમ પડશે કે, જેમ જેમ તેઓ ઇચ્છા ઓછી કરતા હતા, તેમ તેમ તેમને જમીનમાંથી અનેકગણી લક્ષ્મી મળતી હતી. તમે પણ તમારી લક્ષ્મીનો સદ્વ્યય કરશો તો તમને તે ખુટવાને બદલે તેમાં અનેક રસ્તે વધારો થયે જશે. જો તમે લક્ષ્મી ભેગી કરી, સંગ્રહ કરવાનો વિચાર રાખશો તો તમારી સાથે ફક્ત તેના ઉત્તમ ઉપયોગથી બંધાયેલા પુન્ય, સિવાય કાંઈ જ આવવાનું નથી. લક્ષ્મી તો અહિં પડી રહેશે, અને તમારે તો ખાલી હાથે જ જવું પડશે.

બાદશાહ સીકંદરનો દાખલો જુઓ, તેણે અનેક મનુષ્યોના લોહી રેડીને કે અનેક મનુષ્યોને લુંટીને અનર્ગળ લક્ષ્મી ભેગી કરી હતી, તેની છેલ્લી ઘડીએ તે લક્ષ્મીના જોરે અનેક ધનવંતરી જેવા વૈદ્યો પણ બચાવી શકયા નહી અને તે છોડીને ચાલી જવું પડયું હતું. તેણે મેળવેલી બધી લક્ષ્મી તેની આગળ ઢગલા કરાવીને તે પોકે-પોકે રડયો કે આટલી મહેનતે, અનેક મનુષ્ય હત્યાએ આ મેળવેલી બધી લક્ષ્મી મને બચાવી શકતી નથી, અને મારી સાથે પણ તે આવતી નથી, અને ખાલી હાથે જવું પડે છે. તેથી તેણે હુકમ કર્યો હતો કે, જ્યારે મારી નનામી નીકળે ત્યારે બંને બાજુએ મારા હાથ ઉઘાડા રાખજો કે જેથી લોકો જાણે કે, હું મારી સાથે કાંઈ પણ લઈ જઈ શકતો નથી.

લક્ષાધિપતિઓ! તમે તમારી લક્ષ્મી તમારા છોકરાંને આપી જશો, અને તેઓ ભોગવશે, તેમ ધારવામાં પણ તમે ભૂલ ખાઓ છો. તમારી આપેલી લક્ષ્મી તમારાં છોકરાંના હાથમાં કાયમ રહેશે કે જતી રહેશે તે તમે કાંઇ જાણી શકતા નથી, જો છોકરાંનાં નસીબમાં તે લક્ષ્મી રહેવાની નહી હોય તો તેમના હાથમાં આવ્યા પછી પણ અનેક રસ્તે તે ચાલી જશે. અને તેમ છોકરાં માટે કાંઈ લક્ષ્મી મુકી નહી હોય પણ તેમના નસિબમાં લક્ષ્મી મળવાની હશે તો તેને અનેક રીતે આવી મળશે. આવા અનેક દૃષ્ટાંતો અત્યારે મોજુદ છે. રાયના રંકને રંકના રાય બનેલા અત્યારે પણ આપણી આગળ હયાત છે, માટે લક્ષ્મી ઉપરનો મોહ ઓછો કરી, તેનો સદ્વ્યય કરશો એ જ સારૂં છે.

ઉપરની હકીકતથી હે સુખી અને સખી દીલના ગૃહસ્થો! તમે ખુબ વિચાર કરજો અને તમને જેમ યોગ્ય લાગે તેવી રીતે તમારા દુઃખી થતા અને રીબાતા સ્વામીભાઈઓ તરફ કરૂણાદૃષ્ટિથી બની શકે તેટલી સંપૂર્ણ સહાય કરો. તમારા એકલાથી જો આ કાર્ય બની શકે તેમ ના હોય તો તમારા જેવા બીજા ગૃહ-

# શંકા અને સમાધાન

પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયામૃતસૂરીશ્વરજી મહારાજ

**શં૦** ગુણી અને નિર્ગુણીનું લક્ષણ શું?

**સ૦** જે પુણ્યાત્માઓ પોતાના દોષોની નિન્દા કરે, અને ગુણવાનોના ગુણની પ્રશંસા કરે તે પુણ્યાત્માઓને ગુણવાન જાણવા, અને જેઓ પોતાની જીભે પોતાની બડાઈ ગાય, અને વ્યક્તિદ્વેષથી પરની નિન્દા-કરવામાં જે આત્માઓ તત્પર હોય તેઓને નિર્ગુણી જાણવા.

**स्वश्लाघा परनिंदा च, लक्षणं निर्गुणात्मनाम्।**
**परश्लाघा स्वनिंदा तु, लक्षणं सद्गुणात्मनाम्॥**

**ભાવાર્થ**—પોતાની પ્રશંસા કરવી અને પારકી નિન્દા કરવી એ નિર્ગુણી આત્માઓનું લક્ષણ છે; અને પરની પ્રશંસા કરવી અને પોતાની નિન્દા કરવી, એ સદ્ગુણી આત્માઓનું લક્ષણ છે. —શ્રાદ્ધવિધિ પાનું ૨૯

**શં૦** નિકટ ભવિજીવનું લક્ષણ શું?

**સ૦** પરમતારક શ્રીજિનેશ્વરદેવોએ કહેલા ધર્માનુષ્ઠાનોને સદા વિધિ મુજબ આચરવાનાં પરિણામ થવાં, એ નિકટ ભવિજીવનું લક્ષણ છે. વિધિ ત્યાગનાં પરિણામ અને અવિધિ પ્રત્યે બહુમાનનાં પરિણામ રાખનારો જીવ કાં તો અભવિ છે અને કાં તો દૂરભવ્ય છે.

**आसन्नसिद्धिआणं विहि परिणामो होई सयकालं**
**विहिचाओ अविहिभत्ती अभव्वजिअ दूरभव्वाणं॥**

આ ગાથાથી ઉપર લખેલ ભાવાર્થ સ્પષ્ટ છે.

—શ્રાદ્ધ વિ. પાનું ૬૨

**શં૦** વિના નિયમે ધર્મ કરીયે તો ફળ મળે કે નહિ?

**સ૦** મળે, પણ નિયમ લેઈને જે ધર્મ કરનાર છે તેનાથી ઘણું જ ઓછું ફળ મળે; આ કારણે અધિક ફળના અર્થીએ નિયમ લેવા-પૂર્વકજ ધર્મારાધનમાં તત્પર રહેવું જોઇએ.

**अनियम सनियम भेदाद्,**
**द्वेधा धर्मश्चिरार्जितोप्यार्धः।**
**प्रमिता नियत फलोऽन्यस्त्व-**
**प्यल्पोऽनंत नियत फलः॥**

**ભાવાર્થ**—ધર્મના બે પ્રકાર છે ૧ વિના નિયમે ધર્મ કરવો અને ૨ નિયમ લઇને ધર્મ કરવો. એમાં વિના નિયમે લાંબા કાળથી ઉપાર્જન કરેલો પણ ધર્મ, પ્રમાણમાં અને અનિયત ફળ આપનારો છે; અને નિયમ લેવા-પૂર્વક કરેલો અલ્પ પણ ધર્મ અનંત અને નિયત ફળ આપનારો છે.

લોકવ્યવહારમાં પણ વિના કહે વ્યાજ મળતું નથી. ભલે ઘણાં વર્ષો સુધી ઘણી રકમ

---

સ્થોને સમજાવીને, સંઘબળ જમાવીને પણ ગોઠવણ કરો. દુનિયામાં એક પણ કાર્ય એવું નથી કે, મનુષ્ય જો ખરા હૃદયથી અને ખંતથી ધારે તો તે ન બની શકે.

મહાન્ આચાર્યો અને વિદ્વાન મુનિમહારાજોની ફરજ છે કે, તમારા અનુયાયીઓ જો દુઃખી થતા હોય તો તેમને સહાય કરવા સારૂ તમારી વ્યાખ્યાન શૈલીમાં ફેરફાર કરીને, સુખી માણસોને સમજાવીને તેમની ભાવનાઓ ઉંચ થાય, તેમ કરો. કે જેથી તેઓ દુઃખી સ્વામીભાઈઓને મદદ કરવા કટિબદ્ધ થાય. તમારા સિવાય આવી ભાવનાઓ ઉત્તેજીત કરવા બીજાઓની કાંઈજ તાકાત નથી. તમે જો આ બાબત મનપર લેશો તો અગાઉના મહાન આચાર્યોની માફક તમે પણ ઘણું જ કરી શકશો એવી અમો આશા રાખીએ છીએ.

અનામત રહી હોય પણ આપતી વેળાએ વ્યાજ ઠરાવ્યું હોય તોજ મળે છે. અરે, ઉંઘમાં પણ મળે છે; અન્યથા એક રાતી પાઈ પણ મળતી નથી.

આ રીતિએ ધર્મને વિષે પણ નિયમ કર્યો હોય તો ધર્મ કરવાનાં નિરંતર પરિણામ હોવાથી ધર્મનું ખૂબજ ફળ મળે છે.

વળી નિયમપૂર્વક ધર્મ કરનારને વિરતિ ધર્મની પ્રાપ્તિ થાય છે. પ્રભુઆજ્ઞાનું પાલન થાય છે અને અવિરતિનું પાપ રોકાય છે.

નિયમ નહિ કરનારને અવિરતિનું પાપ આવ્યાજ કરે છે. પ્રભુઆજ્ઞાનું પાલન થતું નથી. જો નિયમ લેવાની શ્રદ્ધા ન હોય તો મિથ્યાત્વનું પણ પાપ લાગે છે; આથી વગર નિયમે ધર્મ કર્યાનું ફળ અલ્પ પ્રાપ્ત થાય એ સ્પષ્ટ છે, અને નિયમપૂર્વક ધર્મ કર્યાનું ફળ અધિક થાય એ પણ સ્પષ્ટ છે. આથી નિયમ લેવાપૂર્વક ધર્મ કરવો જોઈએ.

—શ્રા. વિ. પાનું ૯૮

**શં૦** તત્ત્વવેત્તાઓ પણ જીંદગી પર્યંત નિયમ વગરના રહે તેનું શું કારણ ?

**સ૦ "श्रेणिकवत्तत्त्वविदोऽप्य विरत्युदये हि न नियम प्राप्तिः।**

આ વચનથી સ્પષ્ટ જણાય છે કે, તત્ત્વના જાણકારો પણ અવિરતિના ઉદયે **શ્રી શ્રેણિક** મહારાજાની માફક જીંદગીભર પણ નિયમ ન પામે તેય બને છે —શ્રા. વિ. પાનું ૯૮

**શં૦** નિયમ પામ્યા પછી કષ્ટમાં દઢ કોણ રહી શકે છે ?

**સ૦ तत्प्राप्तावपि विधुरे दृढता त्वासन्नतर सिद्धेः॥** —શ્રા વિ. પાનું ૯૮

આ વચનથી સ્પષ્ટ જણાય છે કે,—

નિયમની પ્રાપ્તિ થયા પછી પણ કષ્ટમાં તેજ પુણ્યાત્માઓ દઢ રહી શકે છે કે, જેઓ અતિશય નજીક કાળમાં મુક્તિ નગરમાં જવાના હોય.

### શંકા-સમાધાનમાં સુધારો.

ગતાંકના દશમા અંકમાં બીજી શંકાના સમાધાનમાં જ્યાં "બીજા ભાંગામાં થોડો દોષ છે અને ત્રીજો--ચોથો ભાંગો શ્રાવકને સર્વથા વર્જ્ય છે" આમ છપાયું છે, તેના બદલે "ત્રીજા ભાંગામાં થોડો દોષ છે અને બીજો અને ચોથો--ભાંગો શ્રાવકને સર્વથા વર્જ્ય છે." આ પ્રમાણે સમજવું.


## ઉપયોગી અમારાં પ્રકાશનો

**વિવિધ પૂજા સંગ્રહ—**

ભાગ ૧ થી ૯ સામાન્ય કાગળ ૨–૮–૦ ઉંચા કાગળ મૂલ્ય રૂા, ૩–૦–૦

**નિત્ય સ્વાધ્યાય સ્તોત્રસંગ્રહ—**

૪૫૦૦ ગાથાનો સંગ્રહ મૂલ્ય ૨–૮–૦

**પર્વ તિથિ સ્તવનાદિ સમુચ્ચય—**

જેની અંદર બાર માસના પર્વોનાં ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ, સજ્ઝાયો ને ઉપરાંત શ્રી નવપદજી, શ્રી સિદ્ધાચલજી, દિવાળી વગરેનાં ચૈત્યવંદનો વગેરેનો સંગ્રહ મૂલ્ય ૩–૮–૦ સારા ઉંચા કાગળો પાકું છીંટનું પુઠું.

**નગીનદાસ નેમચંદ શાહ**
ડોસીવાડાની પોળ—**અમદાવાદ**

## કર્મગ્રંથ સાર્થ ભાગ ૧ લો

**૧ થી ૪ છપાય છે.**

અગાઉથી ગ્રાહક નામ નોંધાવો !

**સોમચંદ ડી. શાહ-પાલીતાણા.**

# સંસ્કારની સાચવણી

પૂ૦ મુનિરાજશ્રી ધુરંધરવિજયજી મહારાજ

[ લેખાંક ૫ મો ]

**વિદ્યાર્થી જીવનમાં ધાર્મિક સંસ્કારોઃ—**

વિદ્યાર્થીઓમાં, ને તેમાં પણ પ્રાથમિક શિક્ષણ લેતા વિદ્યાર્થીઓમાં ધાર્મિક સંસ્કારના બીજકો ત્યારે જ આવે કે, જ્યારે બાળકનું આજુબાજુનું વાતાવરણ ધાર્મિક હોય. જે કુટુંબમાં બાળક ઉછરતો હોય, તે કુટુંબ ધાર્મિક રીતરીવાજોનું સારી રીતે પાલન કરતું હોય. બાળમાનસ ઉપર સૌથી વધારે અસર વાતાવરણની પડે છે, એટલે વિશુદ્ધ વાતાવરણ એ પ્રથમ જરૂરી અંગ છે.

એ અંગ, આ રીતે સચવાય. બાળક જે ધર્મનો હોય, તે ધર્મના દેવતત્ત્વ ઉપર બહુમાન જાગે, એવાં આચરણ તેની પાસે કરાવવાં. દેવની ઓળખાણ, દર્શન અને મહત્ત્વની વાતો બાળકને કહેવી. ધર્મગુરૂના સંસર્ગમાં બાળકોને મુકવા. ધર્મગુરૂની વિશિષ્ટતા બાળકના હૃદયમાં ઉતારવી, ગુરૂ પ્રત્યે પૂજ્યબુદ્ધિ ઉત્પન્ન કરવી. ધર્મના સૂક્ષ્મ વિચારો નહિ–પણ સ્થુલ વિચારો બાળકને સમજાવવા–તે સંબંધી વાતો બાળકને રૂચે એ રીતે કહેવી.

ભૂતકાળમાં બાળકોને શિક્ષણ ખાસ કરીને એવા ધાર્મિક પુરૂષો મારફત આપવામાં આવતું કે જેથી ધાર્મિક વિચારો સ્વાભાવિક રીતે બાળકમાં પ્રવેશતા.

ચાલુ શિક્ષણમાં એવી કોઈ પણ જાતિની વ્યવસ્થા નથી. ઉલટું ધર્મ–વિરોધી વિચારો ધરાવતા શિક્ષિતોને હાથે બાળક કેળવાય છે, એટલે એ કુમળા માનસમાં એવાં ઝેરી બીજકો પડી જાય છે કે, જીવનમાં ધર્મ કરતાં જુદી દિશામાંજ તે ચાલ્યો જાય છે. ધર્મ પ્રત્યે સદ્ભાવ વધારવાની વાત તો દૂર રહી પણ ઘૃણા ન વધે એટલુંએ જો સાચવવામાં આવે તો ઘણું છે. બાકી વાતચિત અને વાતાવરણમાં ધર્મભાવના પ્રત્યે એટલી સુગ દર્શાવવામાં આવે છે કે, આગળ વધતો બાળક ધાર્મિક તો નથી બનતો પણ ધર્મવિરોધી બને છે.

આમ થવામાં ખાસ કારણ તો એ છે કે, શિક્ષિતો–જેની પાસે બાળક ભણે છે તે વર્ગ, ધર્મ અને ધર્મની મહત્તા સમજ્યો નથી. શિક્ષકના પોતાના જીવનમાં ધર્મ નહિ હોવાને કારણે, ધાર્મિક દૃષ્ટિએ તે ઉતરતો ગણાય છે. વિદ્યાર્થી પાસે પોતાનું મહત્ત્વ ટકાવી રાખવા તે ધર્મની નિન્દા તરફ વળે છે અને એવાજ કારણોસર ધર્મના સાચા–ખોટા વિરૂદ્ધ વિચારો તે વાંચે છે ને ફેલાવે છે.

બાળકને ધાર્મિક બનાવવા માટે આ સદન્તર બંધ થવું જોઇએ.

ધર્મપ્રધાન આર્યાવર્તની વિશિષ્ટતા બીજી કોઇ રીતે હોય તે કરતાં ધર્મવિચારણાથી સર્વથી અધિક છે. એ જો દૂર થશે તો ખચીત માની લેવું કે, બીજી રીતે અન્ય દેશો સમક્ષ આર્યાવર્ત કંગાળ ગણાશે.

ધર્મ અને આત્મહિત માટે બાહ્ય સુખસાહ્યબીનો સર્વથા ત્યાગ કરી, કુમળીવયના બાળકો ભેખ લે છે તે આર્યાવર્તમાં–બીજે એવાં દર્શન તો શું, વાત પણ સાંભળવા નહિ મળે.

ભૌતિક વિકાસમાં સર્વસ્વ સમાયું છે, એ અનાર્ય ભાવનાની આયાત છે. જરૂર ધાર્મિક ભાવના કાંઈક અંશે ન છાજતા ભૌતિક વિકાસને અવરોધતી હશે? પણ એથી ધાર્મિક ભાવના વ્યાઘાતક છે એ માનવું કે મનાવવું તદ્દન ભૂલભરેલું છે. આજ, એ અનાર્યની સત્તા નીચે ઉછરેલું આર્યાવર્ત અધ્યાત્મને વિસરી ગયું છે. ભૌતિક પ્રગતિને પ્રધાનતા આપી, પ્રવૃત્તિ કરી રહ્યું છે.

આ ભૌતિક ભાવનાનું ઝેર એટલું કાતિલ છે કે, તેની અસર જેને જેને પહોંચી છે, તેને કોઈપણ ઓસડ લાગુ પડતું નથી. ભવિષ્યની પ્રજાને જો તે ઝેરી અસરથી બચાવવી હોય તો પ્રાથમિક શિક્ષણમાં એવી વ્યવસ્થા કરવી જરૂરી છે કે, જેથી બાળક કાંઇક આત્માના હિતને સમજે. ભૌતિકમાં સર્વસ્વ ન માને.

આ ભૌતિકવાદની માયાજાળ પણ એટલી તો વિચિત્ર છે કે, જેમાં ભલભલા મૂંઝાયા કરે છે. એમાં ફસાએલા ઠીક ગણાતા કેટલાએક એવી માન્યતા ધરાવે છે કે, રાષ્ટ્રોન્નતિ એજ ધર્મ છે. છેલ્લા વર્ષો દરમીઆન રાષ્ટ્રભાવના તરફ જનતાનું વલણ એટલું બધું વધી ગયું છે કે, ધર્મભાવના ભૂલી જવાઈ છે, પણ એથી કાંઈ સાર નથી.

વ્યક્તિ કે સમષ્ટિ, રાષ્ટ્ર કે વ્યવહાર, કોઈનો પણ ઉજ્વળ વિકાસ ધર્મને આધીન છે. ધર્મને વિસારીને તે વિકાસ સાધવા માટે જે કાંઈ કરવામાં આવે છે, તે સર્વ ભ્રમ માત્ર છે.

અધર્મનાં આચરણોથી જો ઉન્નતિ થઈ શકતી હોત તો ઝેર ખાઇને પણ જીવી શકાય. ઝેર ખાઇને જીવી શકાતું નથી એ જ પ્રમાણે અધર્મ આચરીને સુખી થઈ શકાતું નથી ને વિકાસ સાધી શકાતો નથી.

અહિં એક વસ્તુ સ્પષ્ટ કરવી જરૂરી છે—કે, કેટલાએક અધર્માચરણ કરતા હોય છે, ને સુખી હોય છે, એ કેમ બને? પણ એ શકય છે. કારણ કે, સુખમાં કારણભૂત ધર્મ-પુણ્ય પણ પૂર્વસંચિત તે આત્મા પાસે હોય છે. વર્તમાનમાં વ્યાપાર—ઉદ્યમ ન કરતો હોય પણ બેઠા—બેઠા ખાતો હોય એટલે એમ ન સમજવું કે, વગર ઉદ્યમે તે સુખી છે. પૂર્વોપાર્જિત ધન સંચય તેની પાસે છે, તે તે ભોગવે છે, તે પૂર્ણ થયે—ખૂટી ગયે તે હતો એવો થઈ જશે. એ જ પ્રમાણે પૂર્વસંચિત પુણ્ય ખલાસ થયે બાજી બદલાઇ જાય છે. કેટલીક દેખીતી ઉન્નતિ એવી હોય છે, કે જે પરંપરાએ અવનતિને માર્ગે ખેંચી જાય છે. પાપ કરતાં સુખી થતા આત્માઓ એ પ્રકારમાં આવે છે.

આ સર્વ વ્યવસ્થિત રીતે જનતા નથી સમજી શકતી, તેમાં કારણ એ જ છે કે, બાળવયથી જ વિચિત્ર ખ્યાલો પોષાયા હોય છે.

વધૂ તો શું પણ ચાલુ જડવાદ, જનતાના માનસ ઉપર એટલી અસર કરી ગયો છે કે, 'આત્મા' નામની કોઇ વસ્તુ છે કે નહિં? એવો સંશય ઘણા ધરાવે છે, આત્મા નથી એમ માનનારા પણ ઓછા નથી. આત્મા જેવા પદાર્થનો સદન્તર અપલાપ કરનાર શું ભયંકર આચરણ ન કરી શકે એ કલ્પવું અઘરૂં નથી. આ સર્વ વિચિત્રતા અટકાવવાને સમર્થ એક જ વસ્તુ છે. બાળકને પ્રથમથી એવા નાસ્તિક ખ્યાલો બાંધવા ન દેવા, ને આત્મા વગેરે છે તે દૃઢ ઠસાવવું. એક આત્મા છે, એટલું જ સ્પષ્ટ અને મજબૂત ઠસી જાય તો અનેક વિરૂપ આચરણ કરતો આત્મા અટકી જાય છે.

બાળક સ્વતંત્ર નથી, તેને જેવું શિખવશો તેવું તે ગ્રહણ કરશે, તેને કેવું શિખવવું એ તેના પાલકના હાથમાં છે.

શિક્ષણથી—સાચા શિક્ષણથી બાળકને વંચિત રાખતા પાલક સમા કોઇ તેના શત્રુ નથી અને બાળકને હિતકર શિક્ષણ આપી તેને ઉન્નતિને માર્ગ લઈ જનાર સમા તેના કોઈ ઉપકારક નથી.

બાળકનું હિત શેમાં છે? એ માટે સુજ્ઞને વધૂ કહેવાપણું ન હોય. બાકી તો ચોર માત—પિતા પોતાના બાળકને એમ જ સમજાવે કે, ' ભાઇ! આ ચોરીનો ધંધો શિખ-

ઇંગ્લાંડના સુપ્રસિદ્ધ નાટ્યકાર બર્નાર્ડશૉ એક વખતે કોઇ સુશોભિત કલબમાં જઇ પ્હોંચ્યા. બારણે છત્રી મૂકી તે અંદરના ભાગમાં પેઠા. પણ જ્યારે તેઓ બ્હાર આવ્યા, ત્યારે છત્રી ત્યાંથી ઉપડી ગયેલી. શૉએ હોહા કર્યા વગર પાસેના બોર્ડપર એક નોટીસ લખી; 'જે અમીરે મારી છત્રીને છૂમંતર બનાવી હોય તેમણે મહેરબાની કરીને તેને પાછી મૂકી જવી. એક અમીરે શૉને, અમીરો સામેના આવા કટાક્ષ માટે ઠપકો આપ્યો. શૉએ જવાબમાં કલબના બોર્ડ તરફ ધ્યાન ખેંચ્યું. તે પર લખેલું હતું', 'ફક્ત અમીરો અને સદ્‌ગૃહસ્થો માટે.' એટલે શું કહેવા માગો છો?' અમીરે શૉને આશ્ચર્યપૂર્વક પૂછ્યું. શૉએ હસતાં હસતાં કહ્યું, 'સદ્‌ગૃહસ્થ હોય તે છત્રી ચોરે નહિ, ત્યારે તે સિવાય અહિં આવનાર અમીરો છે, માટે એ ધંધો અમીરોનેજ માફક આવેને?' પેલો અમીર નીચી મુંડીએ આ સાંભળી રહ્યો.

અવંતીપતિ ભોજ, નગરજનોનાં સુખદુઃખ જાણવાને માટે રાત્રે ઘણીવેળા ગુપ્તવેશે રાજ-મહેલમાંથી બ્હાર નીકળી પડતો. એવા એક સમયે નદી-કિનારે તેણે એક દરિદ્ર છતાં તેજસ્વી બ્રાહ્મણ કુટુંબ સૂતેલું જોયું. કુટુંબની પુત્રવધૂનાં અલૌકિક સૌંદર્યથી તે મૂંઝાયો. ચાલાક પુત્રવધૂ જાગતી હતી, તે અવસરે ભોજે કહ્યું, 'આ અસાર સંસારમાં કેવળ મૃગનયના રમણીઓ સાર છે.'

પુત્રવધૂ રાજા ભોજને પારખી ગઈ, તેણીએ સૂચક વાણીમાં કહ્યું, 'જેની કુક્ષીથી હે ભોજ રાજા, તમારા જેવા નરપુંગવો જન્મે છે.' સાંભળતાંજ ભોજની આંખો ખૂલી ગઈ. તે બ્રાહ્મણ પુત્રવધૂને પગે પડી ભોજે કહ્યું, 'આ-જથી તું મારી માતા છો.'

એક અંગ્રેજ રમણીએ ઇટલીમાં એક કિંમતી ઘડિયાળ ખરીદ્યું, પણ જ્યારે તે ઇગ્લાંડ પહોંચી, ત્યારે તપાસ કરતાં તેને ખબર પડી કે, 'એ ઘડિયાળ ખરીદવામાં પોતે ઠગાઇ છે.' આથી તેણે તરત જ ઇટલીના સરમુખત્યાર સિનોર મુસોલિની પર ઠપકાનો પત્ર લખ્યો. વળતી ટપાલમાં મુસોલિની તર-ફથી તે બાઇને દિલગીરીના ઉત્તર સાથે નુક-શાની પેટે પૈસા મળ્યા. બીજે દિવસે ઘડિયાળ વેચનાર વ્યાપારી તરફથી એ બાઇને આજીજી-ભર્યો પત્ર મળ્યો. તેમાં લખેલું હતુ કે 'અમારી ભૂલ માટે ખરા દિલથી માફી ચાહીએ છીએ. હવે મહેરબાની કરીને આપ જો અમને ભલા-મણ આપો તો જ અમારી દુકાન ઉઘડે, વ્યાપારમાં અનીતિ કરવાના આરોપસર અમારી દુકાનને સીલ લગાવવામાં આવ્યાં છે.' ને જ્યારે તે બાઇએ વેપારીને માફ કરીને તેને ભલામણ પત્ર લખી આપ્યો ત્યારે જ તેની દુકાન ફરી ઉઘડી શકી.

કાશીના મહારાણી કરૂણા, એકવાર નદી-માંથી સ્નાન કરી બ્હાર નીકળ્યાં. તે વેળા

---

વામાં જ તારૂં હિત સમાયેલું છે.' પણ તે હિતને શિષ્ટ સમાજ હિત ન માને ભયંકર અહિત માને.

સોનું તે સોનું છે ને કથિર એ કથિર છે. એ જ પ્રમાણે હિત અને અહિત વ્યવસ્થિત છે. હિતને ઓછે વત્તે આચરી શકાય એ જુદી વાત છે પણ તેથી ખરાબને સારૂં માનવા જેવી ભૂલ કરવી એ જરા પણ ઠીક નથી.

એટલે બાળકના ભલાની ખાતર હિતને માટે તેને સંસ્કારી-ધાર્મિક બનાવવો, ને તે અંગે સર્વ કાંઇ કરી છૂટવું. એ જ સર્વને માટે હિતકર છે.

વિદ્યાર્થી જીવનમાં આગળ વધતાં મધ્યમ શિક્ષણ કેવા પ્રકારનું હોવું જોઇએ એ હવે પછી—

તેમનું શરીર ઠંડીથી ધ્રૂજતું હતું. તેમણે નદીકાંઠે તાપણું કરવાને પાસે રહેલી કેટલીક ઝુંપડીઓ સળગાવી મૂકવાની સાથેની સખીઓને આજ્ઞા ફરમાવી. તે ઝુંપડીઓ ગરીબ કુટુંબોની હતી. રાણીની આજ્ઞાનો તરત અમલ થયો.

ઝુંપડીના ગરીબ રહેવાસીઓ રાજા પાસે ફરિયાદ કરવા ગયા. રાજાએ રાણીની પાસે એ અન્યાયનો જવાબ માંગ્યો. રાણીએ તુમાખીથી જવાબમાં કહ્યું, 'મારા સંતોષ કરતાં ઝુંપડીઓની કિંમત કાંઈ વધારે છે? ઠંડી દૂર કરવા એ સળગાવી એમાં શું અન્યાય થઈ ગયો?'

રાજાએ ગર્વપૂર્વક જવાબ આપ્યો, 'કાશીના મહારાણીપદે તમને એની કિંમત ન સમજાય.' ને રાણીને સખ્તાઈથી ફરી કહ્યું, 'આજથી એક વર્ષ પર્યંત તમે હવે કાશીનાં મહારાણી નથી. ભીખ માગીને–મજુરી કરીને તમે પૈસા રળો. એનાથી એ ઝુંપડીઓ ફરી બંધાવી આપજો, ને પછી કહેજો કે, ઝુંપડીઓની શી કિંમત છે? ને એ સળગાવતાં શો અન્યાય થાય?'

o o o

અવંતીમાં એક મેઘલી રાત્રે એક સુંદરી પોતાના મૃત પિતાને સંભારી, 'હા તાત, હા તાત.' એ પ્રમાણે વિલાપ કરતી હતી. રાજમહેલમાં એ વિલાપના પડઘા પડતાં રાજા ભોજે તે સુંદરીનો પિતા-પ્રેમ વખાણ્યો; પણ ચકોર રાજરાણીએ જવાબમાં કહ્યુ, 'એ પિતા-પ્રેમ ન હોય, વ્યવહાર છે.'

'એમ શાથી કહો છો?' રાજાએ પૂછ્યું, રાણીએ કહ્યું, 'કેમકે એ સ્ત્રી વેશ્યા છે.'

'તમે એ કઈરીતે જાણ્યું.' રાજાના પ્રશ્નનો જવાબ આપતાં રાણીએ ફરી કહ્યું, 'સ્વામીન્! તે સ્ત્રી વિલાપમાં એકલો 'તાત' શબ્દ બોલે છે. જ્યારે રૂદન કરતી વેળા પિતા શબ્દ વપરાય, પણ પોતાના ઓઠ પરનો રંગ ન ભૂસાઈ જાય એ માટે તે સ્ત્રી ઇરાદાપૂર્વક ઓષ્ઠ્યસ્થાનીય શબ્દો વાપરતી નથી. એથી એ વેશ્યા છે, અને વ્યવહારથી 'તાત તાત' બોલે છે.'

ભોજ, પોતાની મહારાણીના ખુલાસાથી આશ્ચર્યપૂર્વક આનંદ પામ્યો.

o o o

અમેરિકાના પ્રેસીડેન્ટ વિલ્સનને કોઇએ પૂછ્યું; 'દશ મિનિટ ભાષણ કરવું હોય તો તમારે કેટલી તૈયારી કરવી પડે?'

વિલસને જવાબ આપ્યો; 'બે અઠવાડિયાં'

પેલાએ ફરી પૂછ્યું; 'એક કલાક ભાષણ કરવું હોય તો?'

તેમણે કહ્યું; 'તો એક અઠવાડિયું'

'વારૂ, બે કલાક ભાષણ કરવું હોય તો?'

પ્રેસીડેન્ટે તરત જ કહ્યું; 'ચાલો! હમણાં જ હું તૈયાર છું.'

o o o

એક સાંજે યૂરોપના જાણીતા લેખક ડી૦ કવીન્સીની મકાન માલિક બાઇએ તેની ઓરડીમાં ભારે ધબાકો થતો સાંભળ્યો. ઉપર જઈ તેણે બારણું ખખડાવ્યું. પણ જવાબમાં બીજો ધબાકો સંભળાયો. બારણું તોડાવી એ બાઈ અંદર ગઈ. તેણે જોયું તો કવીન્સી ગળામાં કોઇ તૂટેલા ચિત્રની ફ્રેમ પહેરીને વિર–વિખેર ફરનીચર વચ્ચે પડયો હતો.

તેને પૂછતાં ખૂલાસામાં તેણે કહ્યું; 'માખીઓ ઓરડીની છત પર ચાલતી હતી એ જોઇ મને વિચાર આવ્યો કે, હું પણ એમ કેમ ન ચાલી શકું? ને એટલા માટે ઉંધે માથે છત પર ચાલવાનો પ્રયત્ન છેલ્લા એક કલાકથી હું કરી રહ્યો છું.'

મકાન માલિક બાઇ, યૂરોપના પ્રસિદ્ધ

લેખકની આ ધૂન પર હસવું ન ખાળી શકી. ડી૦ કવીન્સીની લખવાની ટેવ પણ ઘણી વિચિત્ર હતી. એ લખી–લખીને પથારી, ટેબલ ને આખો ઓરડો કાગળના ઢગલાથી ભરી મૂકતો. એટલે સુધી કે, પછી એમાં રહી શકાતું નહતું. આ પછી તે નવું ઘર ભાડે લેતો, ને જુનાનો ઉપયોગ પોતાનાં લખાણોનો સંગ્રહ કરવા માટે કરતો, મરતી વખતે તેની પાસે આવા છ ઓરડા ભરેલા હતા. જેનું ભાડું એ ભરે જતો. રે આદત !

o o o

**એ**ક વખત કોઇ પત્રના તંત્રીએ, બર્નાર્ડ શૉને દુનિયાના બાર મહાન લેખકોનાં નામ આપવા કહ્યું. જવાબમાં શૉ મહાશયે પોતાની લાક્ષણિકતાથી લખી મોકલ્યું;

૧ જ્યોર્જ બર્નાર્ડ શૉ. ૨ જી૦ બર્નાર્ડ શૉ. ૩ જી. બી. શૉ ૪ જ્યોર્જ બી. શૉ. ૫ જી૦ બી૦ એસ ૬ જ્યૉર્જ શૉ. ૭ બર્નાર્ડ શૉ. ૮ જ્યોર્જ ૯ બર્નાર્ડ ૧૦ શૉ. ૧૧ બી૦ જર્યૉર્જ શૉ. ૧૨ શૉ જ્યૂૉર્જ બર્નાર્ડ.

o o o

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી સિદ્ધરાજની રાજસભામાં ખભાપર કામળ અને હાથમાં દાંડો લઇ, અન્ય સાધુઓની સાથે પધાર્યા. તે વેળા છ દર્શનોના વિદ્વાન પંડિતો, આવતા સૂરિજીના તપતેજને નહિ સહી શકતાં બોલી ઉઠયા;

**आगतो हेमगोपालः दण्डकम्बलमुद्वहन्**

‘દાંડો અને કંબલને ધારણ કરનાર હેમ ગોવાળ આ આવ્યો ’

નૈસર્ગીક પ્રતિભાથી પૂ. સૂરિદેવે જવાબ આપ્યો;

**षड्दर्शनपशूस्तुँल्यान् चारयन् जैनवाटके**

‘હા, છ દર્શનોરુપ પશુઓને જૈન વાડીમાં ચરાવનાર હું આવ્યો.’ કલિકાલ સર્વજ્ઞ આચાર્ય મહારાજના આ જવાબથી, સિદ્ધરાજની રાજસભાના એ પંડિતો શરમથી ધરતી ખોતરવા લાગ્યા.

o o o

**મ**હા ગૂજરાતના મંત્રીશ્વર વસ્તુપાલ–તેજપાલની જાહોજલાલીને નહિ સહન કરનારા કેટલાક ચુગલીખોરોએ રાજા વીરધવલના કાનમાં ઝેર રેડયું; ‘મહારાજા, સત્તા આપની, ધન–વૈભવ આપનો અને સમગ્ર રાજ્યમાં બોલ–બાલા મંત્રીશ્વરની બોલાય છે, મંત્રીશ્વર અને તેના ઘરમાં આપનાં નામને કોઈ યાદ કરતું નથી.’ રાજા વીરધવલનાં હૃદયમાં એ શલ્ય ખૂંચી ગયું. તે એકવાર ગુપ્ત વેશે વસ્તુપાલના આવાસમાં જઇ ચઢયો. તેજપાલની શાણી અને ઘરરખ્ખુ સુશીલ દેવી અનુપમા, એ વેળા રસોડામાં જાતે સાધુ મુનિવરોની ભક્તિ કરતા હતા. એક મુનિવરનાં પાત્રમાં ખીર વહોરતાં પાત્રની બ્હાર ખીરની ધાર રેલાતી હતી. તે અવસરે અનુપમાદેવીએ પોતાની કિંમતી સાડીના છેડાથી એ ધાર લુંછી નાંખી. તે વેળા મુનિરાજે કહ્યું; ‘ કિંમતી સાડીથી આ શું કરો છો ?’

જવાબમાં અનુપમાદેવીએ કહ્યું ‘ભગવાન ! દેવ–ગુરૂના પ્રભાવે અને મહારાજા વીરધવલની કૃપાથી અમને કંઇ જાતની ન્યૂનતા નથી.’

ગુપ્તવેશમાં રહેલા મહારાજા વીરધવલ, આ સાંભળતાં આનંદ પામ્યા. ને પોતાના મંત્રીશ્વરના ઘરમાં સ્વામી પ્રત્યેની વફાદારી કેટ–કેટલી ભારોભાર ભરી છે. એ જાણી એનું હૈયું હર્ષના સાગરમાં ન્હાઇ રહ્યું,

o o o

# શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ—પૂના.

**[ સ્થાપના તા. ૧૪-૫-૧૯૪૮ ]**

પરમ મંગલકારી શ્રી જિનેશ્વર ભગવંતના અણમોલ તત્ત્વજ્ઞાનના વ્યાપક પ્રચાર અર્થે સ્થપાએલી અમારી વિદ્યાપીઠે તા. ૨૭–૬–૪૮ પ્રારંભિક પરીક્ષા અનેક કેન્દ્રોમાં લીધી હતી. એક મહિનામાં પરિણામ જાહેર કરી, ઉત્તીર્ણ થએલાઓને **પ્રમાણપત્રો** એનાયત કરવામાં આવ્યા હતાં. તાજેતરમાં પણ તા. ૭–૧૧–૪૮ પ્રારંભિક અને પ્રવેશ પરીક્ષા ૧૩ કેન્દ્રોમાં લેવાઈ હતી. તેનું પરિણામ તા. ૧૦–૧૨–૪૮ના મુંબઇ સમાચારમાં પ્રગટ થયું હતું. બેઉ પરીક્ષામાં પ્રથમ આવનારને રૌપ્ય–ચંદ્રક અર્પણ કરવામાં આવ્યા હતા. ૨૨૨ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓમાંથી ૧૭૦ ઉત્તીર્ણ જાહેર થએલ છે. આવતા જુલાઈ મહિનામાં **પ્રારંભિક, પ્રવેશ** અને **પરિચય** એમ ત્રણ પરીક્ષાઓ લેવામાં આવનાર છે. હિંદુસ્તાનભરની ધાર્મિક પાઠશાળાઓમાંથી અમારી માનભરી પરીક્ષાઓ અપાવશે એવી આશા છે. હવેથી વર્ષમાં એકજ વખત, એટલે જુલાઇ મહિનાની આખરે એ પરીક્ષાઓ સૌને અનુકૂળ હોવાથી રાખવાનો નિર્ણય થયો છે. "ગુલાબ" માસિકમાં વિદ્યાપીઠ અંગેની જાહેરાતો આપવામાં આવશે, તે જોવા ભલામણ છે.

## અમારી છ પરીક્ષાઓ

**૧ પ્રારંભિક, ૨ પ્રવેશ, ૩ પરિચય, ૪ પંડિત, ૫ જૈન વિશારદ, ૬ જૈનરત્ન.**

પ્રારંભિક પરીક્ષાનો અભ્યાસક્રમઃ—[ મૌખિક ૧૦૦ ગુણ, ને લેખિત ૧૦૦ ગુણ ].

પ્રવેશ પરીક્ષાનો શિક્ષણક્રમઃ—[ બે લેખિત પ્રશ્નપત્રો ૧૦૦+૧૦૦ ગુણ ].

ઉપરના બેઉ અભ્યાસક્રમ અગાઉ પ્રગટ કરેલ છે, મંગાવવાથી મોકલાવાશે.

**પરિચય પરીક્ષાનો શિક્ષણક્રમ** [ ત્રણ લેખિત પ્રશ્નપત્રો પ્રત્યેકના ગુણ ૧૦૦ ].

**પ્રશ્નપત્ર ૧.**

(i) નવકારથી પાંચ પ્રતિક્રમણ સંપૂર્ણ અર્થ સહિત. સૂત્રો પણ લખતાં શુદ્ધ આવડવાં જોઇએ. (ii) પૂ. શ્રી **આનંદઘનજી** મહારાજ કૃત બે સ્તવનો. ૧. અભિનંદન જિન દરિસણ તરસીએ. ૨. ધાર તરવારની સોહિલી દોહિલી. તથા શ્રી **જ્ઞાનવિમળસૂરિ** મહારાજ કૃત સ્તવન. આપો આપોને લાલ મોંઘામૂલા મોતી. આ ત્રણ સ્તવનોનો વિચારણાપૂર્વક અભ્યાસ કરવો.

**પ્રશ્નપત્ર ૨.**

(i) 'વિશ્વ વિભૂતિઓ' એ ચોપડીનો પ્રાચીન–ઐતિહાસિક દૃષ્ટિથી અભ્યાસ કરવો.

(ii) 'પ્રાર્થના' એ પુસ્તકનો પદ્ધતિસરનો અભ્યાસ કરવો.

**પ્રશ્નપત્ર ૩.**

(i) પૂ. મુ. શ્રી **જિતેન્દ્રવિજયજી મહારાજ** કૃત 'શ્રી નવપદ મહાપૂજા' માંથી નવેય પદના સ્વરૂપનો સૈદ્ધાન્તિક દૃષ્ટિથી મનનપૂર્વક અભ્યાસ કરવો. (ii) પંડિત પ્રવર પૂ. શ્રી **વીરવિજયજી** મહારાજ કૃત સ્નાત્રપૂજાનો પ્રણાલિકા દૃષ્ટિથી સમજણપૂર્વક અભ્યાસ કરવો. પરિચય પરીક્ષા આપવાની ફી એક રૂપીઓ છે.

ઉપર જણાવેલી ૪, ૫, ૬, એ ત્રણ પરીક્ષાઓ ઉત્તીર્ણ થનારને વિદ્યાપીઠ તરફથી માનદ પદવીઓ એનાયત કરવામાં આવશે. વધારે વિગત માટે ચાર આનાની ટિકિટ મોકલી પૂછાવો.

વ્યવસ્થાપકઃ— ૧૨૦૪/૮ ઘોલે રોડ, **પૂના ૫.**

# આપણું જૈન સાહિત્ય

**અંગ્રેજી અનુવાદ, નોટ્સ, કોશ સાથેનાં સાત સંપાદનો નિચે પ્રમાણે ટીકા સાથે**

| | |
|---|---|
| અન્તગડદસાઓ ને અણુત્તરોવવાઇયદસાઓ [એમ. સી. મોદી એમ. એ.] | ૩– ૦ |
| સમરાઇચ્ચકહા બે ભાગ પાકું પુંઠું ,, | ૫– ૦ |
| સમરાઇચ્ચકહા ભવ ૬ ઠ્ઠો ,, | ૨– ૮ |
| પંચસૂત્તમ્ [વી. એમ. શાહ એમ. એ.] | ૧– ૪ |
| બંભદત્તચરિયમ્ ,, | ૧– ૪ |
| નિરયાવલિયાઓ સટીક [વી. જે. ચોકસી, એમ. એ. ને ગોપાણી પી. એચ. ડી.] પાકું પુંઠું | ૩–૧૨ |
| વિવાગસુયં સટીક (એમ. સી. મોદી ને વી. જે. ચોકસી) | ૩– ૦ |
| સિરિસિરિવાલકહા ૧–૨ (વી. જે. ચોકસી | ૪– ૦ |
| અનેકાર્થ સાહિત્ય સંગ્રહ (સં. ચતુરવિજયજી) | ૨– ૦ |
| રાજપ્રશ્નીય સટીક [દેવનાગરી ટાઇપમાં પત્રાકારે અનુવાદ સહિત] (સં. પં. બેચરદાસ) | ૭– ૦ |
| પર્યુષણપર્વનાં વ્યાખ્યાનો મુંબઇ ૧-૨-૩ | ૧– ૮ |
| આધ્યાત્મિક વિકાસક્રમ (પં. સુખલાલજી) | ૦– ૬ |
| સોળ સતી (ધીરજલાલ ધ. શાહ | ૧– ૮ |
| સાંતુ મહેતા ૧–૨–૩,. (જૈન નવલકથા) | ૭– ૮ |
| પ્રાકૃત માર્ગોપદેશિકા | ૪– ૪ |
| ધર્મ ને ધર્મનાયક | ૦–૧૨ |
| જૈન બાળગ્રંથાવલિ પ્ર. શ્રેણી | ૩– ૦ |
| ,, ,, બી. શ્રેણી | ૩– ૦ |
| અર્હન્નિતિ [દોશી મ. ન.] | ૧– ૪ |

## શ્રી જયભિક્ખુ કૃત

| | |
|---|---|
| રાજા શ્રીપાલ | ૦–૮–૦ |
| મહર્ષિ મેતારજ | ૪–૪–૦ |
| કામવિજેતા સ્થુલીભદ્ર | ૪–૮–૦ |
| મગધરાજ | ૪–૮–૦ |
| ઋષભદેવ | ૪–૮–૦ |
| ભાગ્યનિર્માણ | ૩–૪–૦ |

**દર્શન અને ફિલોસોફીનો મહાન્**

**—: શાસ્ત્રીય ગ્રંથ :—**

## 'આર્હત્ દર્શન–દીપિકા'

વિવેચક: પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયા M. A,

મૂળ લેખક; ન્યાયવિશારદ, ન્યાયતીર્થ ઉપા૦ શ્રી મંગળવિજયજીનાં સૂત્રો પર, અનેક ગ્રંથો, શાસ્ત્રો અને વાર્તિકોનું દોહન કરીને સુન્દર ગુજરાતી ભાષામાં રજુ થતો વિદ્વત્તાપૂર્ણ ગ્રંથ. ક્રાઉન ૮ પેજી સાઈઝ : ૧૨૫૦ પૃષ્ટ, પાકું પુંઠું : કીંમત આઠ રૂપીયા.

## ભરતેશ્વર બાહુબલિવૃત્તિ

સુન્દર ભાષાંતર ભાગ ૧–૨
સુબોધ ધર્મપ્રાણ પુરૂષોનાં
જીવનો, કીંમત : રૂ૦ પાંચ

## સાન્તુ મહેતા

ભાગ ૧–૨–૩

ગુર્જરેશ્વર જયસિંહદેવની પ્રાણવાન નવલકથા

કિંમત : સાડાસાત રૂા.

## ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય.

ગાંધી રોડ; **અમદાવાદ.**

# એક મુમુક્ષુની મુંઝવણનું નિરાકરણ :

પૂ૦ મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ

મુમુક્ષુભાઈના હૃદયમાં સહજ—સ્વાભાવિક રીતે તત્ત્વ અને શુભ અનુષ્ઠાનોને લગતી કેટલીક શંકાઓ ઉપસ્થિત થઈ હતી. તે શંકાઓને પત્રદ્વારા પૂ. મહારાજશ્રીને લખી જણાવતાં, પૂ. મહારાજશ્રીએ શાસ્ત્ર-સિદ્ધાંત શૈલી મુજબ શંકાઓનું નિરાકરણ લખી મોકલ્યું હતું. એ પત્રોનો સાર, તત્ત્વ-જિજ્ઞાસુ આત્માઓને ઉપયોગી હોવાથી લેખરૂપે અમે અહિં રજુ કરીએ છીએ. સં૦

લેખાંક ૧ લો

૧ **'અત્યારે હવે મારે શું કરવું જોઈએ એ મારે મન મોટી મુંઝવણ છે.'** એની નીચે હકીકત લખી તે જાણી. આ મુંઝવણનો ઉપાય તદ્દન સ્હેલો છે, એ મુંઝવણ જે વિચાર-ધારામાંથી ઉત્પન્ન થયેલી છે, તે વિચારધારા મૂળમાંથીજ ખોટી છે, એ નિશ્ચય થવાની અત્યંત જરૂર છે. ઘણા વિચારશીલ મનુષ્યોને પણ કોઈ કોઈ વખત આવી સ્થિતિ આવી જાય છે. છદ્મસ્થ અવસ્થામાં અનેકવાર આવી જવા સંભવ છે, આવવી સહજ છે. તેની સામે બચાવ કરનારે કોઈપણ સમર્થ વસ્તુ હોય તો તે બે છે. એક આપણો 'વિનીતભાવ' અને બીજી આપણી તત્ત્વ સમજવા માટેની 'સાચી ધગશ'. સાચી ધગશ હોય તો જ કોઈ એક પક્ષમાં અટકી ન જવાય અને વિનીતભાવ હોય તોજ અતીન્દ્રિય વિષયોમાં બહુશ્રુતોને શરણે રહેવાય. કોઈપણ વિષયમાં અંતિમ નિર્ણય પર આવવા પહેલાં તેની ચારે બાજુથી પુખ્ત વિચારણા ચાલુ રહેવી જોઈએ' અને જ્યાં સુધી આપ્તપુરૂષોનું સમર્થન ન મળે ત્યાં સુધી 'મતિની અલ્પતા અને શાસ્ત્રોની ગહનતા'નો વિચાર કદીપણ છોડી ન દેવો જોઈએ અને એ તેઓથીજ બને કે જેઓની તત્ત્વજિજ્ઞાસા, ભવ્યત્વના પરિપાકથી જન્મેલી હોય તથા જન્મજાત કુલિનતાને વરેલા હોય, તેવા જીવો તત્ત્વ માટે જે કાંઈ મંથન કરે, તેમાં ભૂલભરેલા નિર્ણયો પણ અનેકવાર થાય, છતાં આગ્રહરહિતતા હોવાથી **પ્રજ્ઞાપક** મળતાંની સાથેજ અસદ્ નિર્ણયોને ફેરવતાં વાર કરતા નથી. એ સદ્ગુણને શાસ્ત્રોમાં 'પ્રજ્ઞાપનીયપણું' કહ્યું છે.

**ગુરૂ વચને પન્નવણિજ્જ તે, આરાધક હો, હોવે સરલ સ્વભાવ.'** અથવા

**અનુચિત તેહ ન આચરે, વાળ્યો વળે જિમ હેમ.** એ શબ્દોમાં જ્ઞાનીઓએ એ સદ્ગુણને વખાણ્યો છે. તમારા લખાણોમાં તે જરૂરી સદ્ગુણોની છાયા તરી આવે છે, તેથી ફરીવાર પણ મને આ પત્ર લખવાનું દીલ થયું છે.

૨. **'ભાવપૂજામાં મન વિશેષ આત્માભિમુખ થતું લાગે છે.'** એ ઘણુંજ ઉત્તમ ચિહ્ન છે. તમારા જેવા ચિન્તન પ્રધાનને તેજ રૂચે, છતાં તેજ ચિન્તનના બળે 'રોગીને ઔષધની જેમ' દ્રવ્ય રોગીને અર્થાત્ આરંભ પરિગ્રહ, મોહમમત્વ અને વિષયાદિકની અંદર રહેલા—ખૂંચેલા ગૃહસ્થવર્ગને તે રોગનું નિવારણ કરવા માટે દ્રવ્યપૂજા પણ કેટલી સમર્થ અને ઉપયોગી છે, તે સમજવાની યોગ્ય સામગ્રી મળ્યે સમજાયા સિવાય રહેતું નથી. ૧૨૫ ગાથાના સ્તવનની ૮, ૯, ૧૦ એ ત્રણ ઢાળોમાં એ વિષય ખુબ સ્પષ્ટ કર્યો છે. જેને વાંચવાથી દ્રવ્યપૂજાના પરિણામ સહૃદયજીવનાં સતેજ થયા સિવાય રહેતાં નથી. દ્રવ્યપૂજા કરનારા **બીજાઓ**ના જીવન અશુદ્ધ અને મલિન છે, એમ વિચારવા કરતાં જેઓનાં અંતર મલિન નથી અને જ્ઞાનીઓની આજ્ઞાનું આરાધન કરવાના પરિણામમાંથી જેઓને 'દ્રવ્યપૂજા'-

ની કરણી કરવી છે, તેઓને માટે એ અનુષ્ઠાન 'કૂપ'ના દૃષ્ટાંતથી સંસારને પાતળો કરનારૂં થાય છે, એ વાત સિદ્ધ છે. તેથી ગૃહસ્થોને અપેક્ષાએ ભાવપૂજા કરતાં પણ દ્રવ્યપૂજા પરમ-મંગળ કરનારી છે અને દ્રવ્યપૂજાપૂર્વકની ભાવપૂજાજ શાંતિ આપનારી છે, એવો અનુભવ થયા સિવાય રહેતો નથી. દ્રવ્ય વિના એકલી ભાવપૂજા થોડો વખત રૂચિકર લાગે તોપણ તે રૂચિ ચિરંજીવી બનતી નથી. તેને ચિરંજીવી બનાવવામાં દ્રવ્યપૂજાપૂર્વક ભાવ-પૂજાનો જ્ઞાનીઓએ બતાવેલો ક્રમ એજ ફળ-દાયી બને છે, એવો જ્ઞાની પુરૂષોનો એટલે પૂ. હરિભદ્રસૂરિ આદિ સૂરિપુંગવોનો ચોક્કસ અભિપ્રાય છે.

૩ **'એવું સાંભળવા અને વાંચવામાં આવે છે કે, શુભ અનુષ્ઠાનોમાં વિશેષ શુભભાવની વૃદ્ધિ થાય છે પણ એવું અનુભવમાં આવતું નથી.** ઈત્યાદિ.' એવો અનુભવ નહિ થવાનું કારણ તત્ત્વ–જ્ઞાનની ન્યૂનતા અથવા અસ્પષ્ટતા સિવાય બીજું કાંઈ સમજવું નહિ. એ ન્યૂનતા કે અસ્પષ્ટતા શું છે, તે આજ પત્રમાં આગળ આવશે, તે મનનપૂર્વક વાંચવાથી ખાત્રી છે કે 'શુભ અનુષ્ઠાનો, શુભભાવની વૃદ્ધિ માટે અનિવાર્ય છે' એવો વિશ્વાસ જાગ્યા સિવાય રહેશે નહિ.

૪ **'માર્ગાનુસારિના ગુણો એ ધર્મનો પાયો છે.'** એવો તમારો નિશ્ચય વ્યાજબી છે. એજ રીતે **ધર્મરત્ન પ્રકરણ**માં બતાવેલા 'અક્ષુદ્રત્વાદિ' શ્રાવકના ૨૧ ગુણો પણ ધર્મરત્નની પ્રાપ્તિ માટેની યોગ્યતાના મુખ્ય હેતુઓ છે તથા બીજા પણ પાત્રતા વિકસાવનારા 'ઔદાર્ય, દાક્ષિણ્ય, ગાંભીર્ય, ધૈર્ય, સૌજન્ય' આદિ ગુણોના વિકાસની ઘણી જરૂર છે અને એ રીતે પાત્રતા કેળવાયા બાદ **'पात्रमायान्ति सम्पदः'** પાત્ર–જીવોને સંપદાઓ આવી મળે છે. અર્થાત્ પાત્રવ્યક્તિઓને ગુણરૂપી સંપદાઓ બોલાવ્યા વિના કે ઈચ્છા કર્યા વિના પણ સમુદ્રની તરફ નદીઓ ખેંચાઇ આવે છે, તેની જેમ સ્વયમેવ ખેંચાઈ આવે છે. તેથી પાત્રતા કેળવવાનો વિચાર ઘણો સર્વોત્તમ છે અને એ જ સૌથી શ્રેષ્ઠ અને નિર્ભય માર્ગ છે. એ ક્રમે ચઢેલા આત્માઓના પતનનો સંભવ રહેતો નથી અથવા ઘણો ઓછો રહે છે. તે સંબંધમાં માત્ર એટલું જ વિચારવાનું રહે છે કે, એકલી માર્ગાનુસારિતા ઉપર જ વધારે પડતું વજન આપવા જતાં એ માર્ગાનુસારિપણાનાજ ગુણો જેમકે **'प्रत्यहं धर्मश्रवणम्' 'अविरोधेन त्रिवर्गसाधनम्।' 'अनभिविनिष्टत्वम्।' 'वृत्तस्थज्ञानवृद्धानुसारित्वम्।' 'दीर्घदर्शित्वम्।' 'विशेषज्ञत्वम्।' 'कृतज्ञत्वम्।'** ઈત્યાદિ ઘણા ગુણો ઘવાય છે. છેલ્લો ગુણ ઘણો મહત્વનો છે, જે સંસાર અપેક્ષાએ માતા-પિતાદિ ગુરૂજન માટે લાગુ પડે છે, તેટલોજ ધર્મ અપેક્ષાએ દેવ, ગુરૂ, સંઘ ઈત્યાદિ પ્રત્યે પણ લાગુ પડે છે અને એ બધા ગુણોના ગર્ભમાં આપણને સન્માર્ગ પ્રત્યે દૃઢીકરણપણું ટકાવી રાખવા માટે ઘણી સામગ્રી ગોઠવાયેલી છે; તેથી માર્ગાનુસારિતાની વ્યાખ્યા પણ કેવળ 'ન્યાયસંપન્ન વિભવાદિ' જેટલી સંકુચિત જ ન રહેવી જોઇએ. અને એ રીતે તે ગુણોની સાધના અપૂર્વ યોગ્યતાને પેદા કરનારી થાય, એમાં જરા પણ શંકા નથી.

૫ **'સામાયિક, પ્રતિક્રમણ, તપ વગેરેમાં હાલ તે મુજબનો ભાવ આવવો સંભવિત લાગતો નથી. ઉપરથી દંભ, અભિમાન, અવિધિ, આશાતના વિગેરે દોષોનો પ્રાદુર્ભાવ સ્વાભાવિક લાગે છે'** ઈત્યાદિ તથા '**જ્યાં સુધી સ્વાભાવિક**

**રૂચિ ન પ્રગટે ત્યાં સુધી તે ક્રિયાઓ ગૌણ કરવાની ભાવના થયા કરે છે.'**
આનો ઉત્તર ગત પત્રમાં લખ્યો હતો કે, વીતરાગ ભગવંતોએ સમ્યગ્દર્શન આદિ ગુણસ્થાનકોની ઉત્પત્તિ કેવળ નિસર્ગથી કહી નથી પણ નિસર્ગ અને અધિગમ ઉભયથી કહી છે. અનેક વખતનો અધિગમ એ નિસર્ગ રૂપે પરિણમે છે. ક્રિયાઓ એ અભ્યાસ સ્વરૂપ છે, અને અભ્યાસનું જ બીજું નામ અધિગમ છે. કેવળ ઉપદેશ શ્રવણ, તત્ત્વચિન્તન કે પુસ્તક વાંચનથી 'અધિગમ' થાય અને સત્ક્રિયાઓનું સેવન નિષ્ફળ જાય, એમ કહ્યું નથી. ઉલ્ટું એમ કહ્યું છે કે–તે તે ગુણસ્થાનને ઉચિત તે તે ક્રિયાઓ અપ્રાપ્ત ગુણને પ્રાપ્ત કરાવે છે. પ્રાપ્તને સ્થિર કરે છે અને વધારે છે. વળી સામાયિક, પ્રતિક્રમણ-દાન-શીલ-તપ-પૂજન આદિ ક્રિયાઓ ઉપર આટલો અરૂચિ ભાવ શા માટે? એમ જીવને ખરા અંતરથી પૂછીએ તો જવાબ મળ્યા વિના રહે નહિં કે–કેવળ પ્રમાદ સિવાય બીજું કોઈ કારણ છે જ નહિ. કારણ કે, તે બધી ક્રિયા નિરવદ્ય છે. કોઈને પણ પીડાકારક છે, એમ નથી, સમયની બરબાદી કરનાર છે, એમ પણ નથી કારણ તે તે સમયે તેથી સમયનો વધારે સારો ઉપયોગ કરાવે, એવાં બીજાં કાર્યો આપણી સામે છે નહિ. ધનવ્યય કરવો પડે છે એમ પણ નથી અને જે અલ્પ ધનવ્યય કરવો પડે છે, તે પણ સ્થાને છે. શક્તિનો પણ દૂર્વ્યય થતો નથી, ઉલ્ટો શારીરિક, વાચિક કે માનસિક શક્તિનો સંચય થાય છે. સમત્વ ભાવની વૃદ્ધિ થાય છે, એજ શક્તિનો સંચય છે. ક્રિયાનાં સૂત્રો પણ જ્ઞાનગંભીર છે; મહાપુરૂષો પ્રણીત છે, પરમ મંત્ર સ્વરૂપ છે. અંતરાત્માને પરમાત્મ ભાવની સાથે વારંવાર મીલન કરાવી આપનાર છે, વિવિધ પ્રકારની મુદ્રાઓ, તીર્થંકર–ગણધરાદિ મહાપુરૂષો પ્રત્યે વિનય–બહુમાનાદિની સૂચક છે. આત્માના જ્ઞાનાદિ ગુણોના વિકાસને અનુલક્ષીને જ આવશ્યકાદિ ક્રિયાઓની રચના થયેલી છે. તેમાં કોઈપણ જગ્યાએ દંભ, અભિમાન કે સ્વાર્થનું પોષણ છે નહિ. પરલોકપ્રધાન સત્પુરૂષોએ પારલૌકિક કલ્યાણની સિદ્ધિ માટે એ મંગળકારી ક્રિયાઓ વિહિત કરેલી છે, અને સમગ્ર સંઘમાં એવી ઓતપ્રોત કરી દીધી છે કે, જેથી એ ક્રિયાઓના બળે સમગ્ર સંઘની એક વાકયતા એક સરખી જળવાઈ રહે. છે. **તત્ત્વજ્ઞાન એ ક્રિયાઓનો પાયો છે. સમત્વ એનો પ્રાણ છે. સમાધિ, સદ્ગતિ અને બોધિ એનું લક્ષ્ય છે. ગુણવાન પુરૂષોનું બહુમાન, પાપની જુગુપ્સા, આત્માનું અવલોકન, સંસારથી પરાઙ્મુખતા ઈત્યાદિ સદ્ગુણોનું સાક્ષાત્ આચરણ એની સુવાસ છે.** એ ક્રિયાઓના બળેજ સંઘ જીવતો દેખાય છે, અને એના બળેજ પંચમ કાળના અંતપર્યંત એનું આયુષ્ય ટકાવી રાખવાનો છે. જીવનમાં પ્રત્યક્ષ આચરણ વિના કોરૂં તત્ત્વજ્ઞાન કદી દીર્ઘજીવી બની શકતું નથી. તપ, જપ, દાનાદિક પ્રવૃત્તિઓનો એક સરખો ધોધ જૈન સંઘમાં ચાલી રહ્યો છે, તેની પાછળ ક્રિયાઓનો જ મોટો ફાળો છે. સર્વ મહાપુરૂષોએ જીવનમાં સ્વયં અપનાવીને એને ટેકો આપ્યો છે. પોતાનાથી અધિક ક્રિયાનું આચરણ કરનારને પ્રશંસ્યા છે. એની અંદર થઇ રહેલી અવિધિ–આશાતનાને પોષી નથી. દૂર કરવા પુરતી તકેદારી રાખી છે; તેમ છતાં મનુષ્ય સ્વભાવની નબળાઇને વશ થતી અવિધિના અનુબંધને વિધિ પ્રત્યેની ભક્તિ વડે વિચ્છેદ કરી શકાય છે, એમ કહીને આશ્વાસન આપ્યું છે. અવિધિથી કરવા કરતાં ન કરવું એને ઉત્સૂત્ર ભાષણ કહ્યું છે. કરવું તો વિધિયુક્ત જ કરવું

## મહાબળકુમારનો મોક્ષ:—— પૂ. મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી મહારાજ

**આ** ભરતક્ષેત્રમાં હસ્તિનાપુર નામના નગરમાં અતુલ બળવાળો **બળ** નામે રાજા હતો. તેને દેદિપ્યમાન કાંતીવાળી **પ્રભાવતી** નામની રાણી હતી. એક વખત રાત્રે સુખે સુતી હતી, તે વખતે રાણીએ સ્વપ્નમાં સિંહ જોયો. તત્કાળ જાગૃત થઇ, હર્ષ પામીને તેણીએ તે સ્વપ્ન રાજાને કહી, તેનું ફળ પૂછયું. રાજાએ કહ્યું.

'આ સ્વપ્નથી તને આપણા કુળરૂપી સમુદ્રને ઉલ્લાસ કરવામાં ચંદ્ર સમાન પુત્ર થશે.,

તે સાંભળી હર્ષ પામેલી રાણીએ ગર્ભ ધારણ કર્યો. અનુક્રમે સમય પૂર્ણ થયે રાણીએ શુભ લક્ષણોથી યુક્ત એવા મનોહર પુત્રને જન્મ આપ્યો, ત્યારે બળરાજાએ હર્ષપૂર્વક મોટો મહોત્સવ કરી, તેનું **મહાબળ** નામ સ્થાપન કર્યું.

પાંચ ધાત્રીઓથી લાલનપાલન કરાતો તે કુમાર કળાના સમુહને પ્રાપ્ત કરી, મનોહર યુવાવસ્થાને પામ્યો. ત્યારે રાજાએ તેને જાણે આઠે દિશાઓની લક્ષ્મી હોય તેવી આઠ રૂપવાન રાજકન્યાઓ મહોત્સવપૂર્વક પરણાવી. પછી રાજાએ કુમારને તથા વહુઓને ઘણી સમૃદ્ધિ આપી. તેથી તે કુમાર સદ્ગુણોથી મનોહર એવી આઠે પ્રિયાઓ સાથે ઇચ્છા પ્રમાણે પાંચે વિષયોના ભોગોને ભોગવવા લાગ્યો.

એકદા તે નગરના ઉદ્યાનમાં પાંચસો શિષ્યોના પરિવાર સહિત શ્રી વિમળનાથ તીર્થંકરની પટ્ટપરંપરામાં થયેલા શ્રી ધર્મઘોષ નામના આચાર્ય મહારાજા પધાર્યા. તેમનું આગમન સાંભળી આનંદ પામેલો મહાબળ કુમાર આચાર્ય મહારાજ પાસે ગયો. તેમને વંદના કરી, કર્મમળને ધોવામાં જળસમાન ધર્મદેશના સાંભળી, મંદભાગ્યવાળા પ્રાણીઓને દુર્લભ એવા વૈરાગ્યને પામ્યો. ત્યારબાદ ગુરૂને નમસ્કાર કરી વિજ્ઞપ્તિ કરી કે,

'હે પૂજ્ય, રોગી માણસને જીવાડે તેવા ઔષધની જેમ મને આ ધર્મ રૂચ્યો છે, તેથી હું મારા માતાપિતાની રજા લઈ, દીક્ષા લેવા માટે અહીં આવું, ત્યાંસુધી આપ અહીં રહેવા કૃપા કરશો;' તે સાંભળી આચાર્ય મહારાજે કહ્યું કે,

'હે રાજકુમાર! તમારો વિચાર યોગ્ય છે. માટે આ બાબતમાં વિલંબ કરવો નહિ.'

પછી કુમારે ઘેર જઇ માતપિતાને પ્રણામ કરી કહ્યું કે, 'હું ધર્મઘોષ ગુરૂની ધર્મદેશના સાંભળી આનંદ પામ્યો છું. તેથી આપ પૂજ્યોની અનુજ્ઞાથી હું તેમની પાસે દીક્ષા લેવા ઇચ્છું છું. વહાણ મળ્યા પછી કયો માણસ સમુદ્રમાં ડુબતો રહે?' આ પ્રમાણે કુમારનું વચન સાંભળી, પ્રભાવતી રાણી પૃથ્વી ઉપર મૂર્છા ખાઇને પડી ગઈ.

પછી શીતોપચારથી સાવધાન થતાં, રૂદન કરતી બોલી કે,

'હે પુત્ર! અમે તારા વિયોગને સહન કરવા શક્તિમાન નથી, તેથી જ્યાંસુધી અમે જીવીએ ત્યાંસુધી તું ગૃહસ્થાશ્રમમાંજ રહે, પછી સુખેથી દીક્ષા ગ્રહણ કરજે.'

---

અન્યથા ન કરવું, એ મનોવૃત્તિને અભિમાન જનિત ગણાવી છે. કોઇપણ ક્રિયા અભ્યાસથી જ શુદ્ધ થઈ શકે છે, તેથી અભ્યાસ દશાની અવિધિને આગળ કરીને, અભ્યાસને છોડી દેવાનું કહેવું, એ પ્રમાદને પોષનારૂં તથા મૂળ વસ્તુનું મૂલ્યાંકન ઓછું કરનારૂં છે, એમ ભારપૂર્વક બતાવ્યું છે. અશુભ ક્રિયાથી અશુભ ભાવનો અનુભવ થવો જેટલો સહજ છે તેટલો શુભક્રિયાથી શુભભાવનો અનુભવ થવો સહજ નથી, એજ એમ બતાવે છે કે, એના અધિક અભ્યાસની એટલે વારંવાર સેવનની જરૂર છે. —ચાલુ

કુમારે કહ્યું કે, આ જગતમાં સર્વ સંયોગો સ્વપ્નની જેમ ક્ષણિક અને અસત્ છે, તથા મનુષ્યનું આયુષ્ય વાયુથી હાલતા દર્ભના અગ્ર ભાગ ઉપર રહેલા જળના બિંદુ જેવું ચંચળ છે; તેથી હું નથી જાણતો કે, પહેલું કોણ મરી જશે? માટે મને આજે જ પ્રવ્રજ્યા લેવાની આજ્ઞા આપો.'

માતાએ કહ્યું, 'હે વત્સ! આ તારૂં યૌવન-વયવાળું શરીર અતિ મનોહર અને સુકોમળ છે, માટે હમણાં ભોગ ભોગવ અને પછી વૃદ્ધાવસ્થામાં ચારિત્ર ગ્રહણ કરજે.'

કુમારે કહ્યું, 'હે માતા! આ શરીર રોગોથી વ્યાપ્ત છે, અશુચિથી ભરેલું છે, મલથી મલીન છે અને કારાગૃહની જેવું અસાર છે. આવા શરીરથી મનુષ્યને શું સુખ છે? વળી શરીરમાં શકિત હોય ત્યારેજ ચારિત્ર લેવું યોગ્ય છે. વૃદ્ધાવસ્થામાં શરીર અશક્ત થવાથી ચારિત્ર બરાબર પાળી શકાતું નથી અથવા તે વખતે મન હોય તોપણ વ્રત પાળવું દુષ્કર છે, માટે યુવાવસ્થામાંજ લીધેલી દીક્ષા સફળ થાય છે.'

પ્રભાવતી રાણી બોલી કે, 'સમગ્ર ગુણોના સ્થાનરૂપ એવી આ આઠ સ્ત્રીઓની સાથે હમણાં તું ભોગ ભોગવ. હમણાં વ્રત લેવાથી શું?'

મહાબળ કુમારે કહ્યું કે, 'કષ્ટથી સાધી શકાય એવા, અજ્ઞાની જનોએ સેવેલા, દુઃખના અનુબંધવાળા એટલે ભોગવતાં દુઃખ અને પછી પણ દુઃખને જ અપાવનારા અને વિષ-ફળની ઉપમાવાળા ભોગોથી શું ફળ છે? વળી મોક્ષને અપાવનારા એવા આ મનુષ્યભવને કયો ડાહ્યો માણસ ભોગને માટે હારી જાય? એક કોડીને માટે રત્નને કોણ ગુમાવે? સુંદર એરાવત હાથીને વેચી રાસભને કોણ ખરીદે? માટે હે માતાજી! મને દીક્ષા લેવા માટે રજા આપો.'

માતા બોલી, 'હે પુત્ર! આ વંશપરંપરાથી મળેલા દ્રવ્યનો ભોગવટો કર, આ પણ પુણ્ય રૂપી વૃક્ષનું જ ફળ છે.'

કુમારે કહ્યું, 'હે માતા! જે ધન ક્ષણ-વારમાં ગોત્રીઓ, ચોર અને અગ્નિ વિગેરેને આધીન થાય છે, તે ધનથી મને લોભ કેમ પમાડો છો? વળી અનંત સુખને આપનારો ધર્મ, પરભવમાં પણ સાથે જ આવે છે અને ધન તો તેનાથી વિપરીત છે, તેથી ધર્મ અને ધનની તુલ્યતા શી રીતે થઇ શકે?'

માતાએ કહ્યું, 'હે પુત્ર! ચારિત્ર તો અગ્નિની જ્વાળાનું પાન કરવા જેવું દુષ્કર છે, તે તું સુકુમાર અંગવાળો શીરીતે પાળી શકીશ?'

ત્યારે કુમાર બોલ્યો, 'હે માતાજી! એવું શું બોલો છો? કાયર પુરૂષોને જ વ્રત દુષ્કર હોય છે. જે વીર પુરૂષો હોય તે તો પ્રાણનો નાશ થાય તો પણ પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરે છે. મોક્ષના અર્થીને તે વ્રત કોઇ પણ રીતે દુષ્કર નથી. તો હે પૂજ્ય માતુશ્રી! મારા પરના મોહનો ત્યાગ કરી મને ચારિત્ર લેવાની અનુજ્ઞા આપો. બીજો પણ કોઈ ધર્મનું આચરણ કરતો હોય તેને પ્રોત્સાહન આપવું જોઇએ તો પોતા-નાજ પુત્રને ઉત્સાહ આપવો તેમાં શું કહેવું?'

આ પ્રમાણે ઉત્કટ વૈરાગ્યને પામેલા તે કુમારને તેના માતા-પિતા મોહમાં પાડી શકયા નહીં એટલે નિરૂપાય થઈ કુમારને વ્રત લેવાની રજા આપી.

ત્યાર બાદ તે મહાબળકુમારને, તીર્થના જળ વડે અભિષેક કર્યો, ચંદ્રિકાના જેવા ચંદનના દ્રવ્ય વડે તેના શરીરને વિલેપન કર્યું, અશ્વના મુખના ફીણ જેવા ઉજ્વલ બે દેવદુષ્ય વસ્ત્રો કુમારને પહેરાવ્યાં, પગથી મસ્તક પર્યંત મણિમય આભૂષણો વડે તેને શણગારવામાં

આવ્યા. વિકસ્વર કમળની જેવું શ્વેત છત્ર તેના મસ્તક ઉપર ધારણ કરવામાં આવ્યું. બન્ને બાજુ ઉછળતા જળતરંગોની જેવા ચપળ ચામરો વીંઝાવા લાગ્યાં. એ રીતે હજાર મનુષ્યોથી વહન કરાતી શિબિકામાં કુમાર બેઠા. તેની પાછળ બળરાજા સર્વ સૈન્ય સહિત ચાલવા લાગ્યા. તે વખતે ભેરી, ભુંગળ વિગેરે વાજીત્રોના નાદ વડે મેઘગર્જનાની ભ્રાંતિથી મયૂરો પણ નૃત્ય કરવા લાગ્યા.

વળી જે નવા યૌવનવાળો છતાં મનોહર રાજ્ય-લક્ષ્મીનો ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરે છે, તે આ રાજકુમારનો જન્મ કૃતાર્થ છે.' ઇત્યાદિક અનેક પ્રકારે લોકો મહાબળ કુમારની પ્રશંસા કરવા લાગ્યા. ચિંતામણીની જેમ અર્થીઓને વાંછિત દાન આપતા મહાબળ કુમાર નગરીની બહાર નીકળી શ્રી ધર્મઘોષ આચાર્ય મહારાજ પાસે ઉદ્યાનમાં આવ્યા.

ત્યારબાદ કુમાર શિબિકામાંથી નીચે ઉતર્યા. રાજા તથા રાણીએ કુમારને આગળ કરી, ગુરૂ પાસે જઇ હાથ જોડી મસ્તક નમાવી બોલ્યા કે,

'આ અમારો પ્રિય અને વહાલો પુત્ર સંસારથી વિરક્ત થયો છે, તેથી આપની પાસે દીક્ષા ગ્રહણ કરવા આવ્યો છે, તેથી અમે પણ આપને શિષ્ય રૂપી ભિક્ષા આપીએ છીએ.'

તે સાંભળી ગુરૂએ કહ્યું, 'બહુ સારૂં.'

એટલે કુમારે ઈશાન ખૂણામાં જઇ સર્વ અલંકારોને, જાણે વિકાર હોય એમ દૂર કર્યા, તે અલંકારોને ગ્રહણ કરતી પ્રભાવતી રાણી મુક્તાફળ જેવા અશ્રુના બિંદુઓને ઝરતી બોલી કે,

હે વત્સ ! તું કદાપી ધર્મકાર્યમાં પ્રમાદ કરીશ નહિં, અને ઉત્તમ મંત્રની જેમ ગુરૂમહારાજની નિરંતર આરાધના કરજે.'

પછી ગુરૂ મહારાજાને નમસ્કાર કરી રાણી સહિત રાજા પોતાના આવાસ ભણી ગયા.

મહાબળકુમારે જાતે પોતાના કેશનો પંચમુષ્ટિ લોચ કર્યો અને શ્રી ધર્મઘોષ ગુરૂને ભક્તિ વડે નમસ્કાર કરીને વિજ્ઞપ્તિ કરી કે,

'હે પૂજ્ય, સંસાર સાગરમાં ડૂબતા મને દીક્ષા રૂપી નાવ આપો.'

ત્યારે સૂરિ મહારાજે મહાબળકુમારને વિધિપૂર્વક દીક્ષા આપી. મહા બુદ્ધિમાન તે મહાબળ મુનિએ વ્રતનું તીવ્ર પાલન કરતાં ચૌદ પૂર્વનો સંપૂર્ણ અભ્યાસ કર્યો. બાર વર્ષ સુધી અતિ ઉગ્ર તપકરી. છેવટે એક માસનું અનશન કરી, કાળ કરી, પાંચમા દેવલોકમાં દશ સાગરોપમના આયુષ્યવાળા દીવ્ય કાંતિવાળા દેવ થયા.

ત્યાં દશ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી ચ્યવીને વાણીજગ્રામનામના ગામમાં **સુદર્શન** નામે શ્રેષ્ઠી થયા. ત્યાં પણ શુદ્ધ સમકિતવડે પવિત્ર આત્માવાળા તે સુદર્શન શ્રેષ્ઠી ચિરકાળ સુધી શ્રાવકધર્મનું પાલન કરવા લાગ્યા. એક વખતે તે ગામમાં શ્રી મહાવીરસ્વામી સમવસર્યા. તે સાંભળી, શ્રેષ્ઠી અત્યંત આનંદ પામ્યા. ત્યારબાદ શ્રી જિનેશ્વર ભગવંત મહાવીરસ્વામી પાસે જઇ મન, વચન અને કાયાએ કરી વંદના કરી, પ્રભુ પાસે ધર્મદેશના સાંભળી પ્રતિબોધ પામ્યા. વિરકત થયેલા સુદર્શન શ્રેષ્ઠીએ અર્થીજનોને મનવાંછિત દાન આપી પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી. પૂર્વના અભ્યાસને લઇ શ્રેષ્ઠી મુનિ ચૌદપૂર્વના સંપૂર્ણ પારગામી થયા. અત્યુગ્ર તપશ્ચર્યા કરી, પ્રાંતે સર્વ કર્મનો ક્ષય કરી અનુપમ, અક્ષય એવા મોક્ષ સુખને પામ્યા. આ રીતે હે ભવ્ય પ્રાણીઓ ! તમે પણ સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષસુખના ભોક્તા બનો.

# હળવી કલમે

## તલાટીનું ભાતું.

શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રાએ આવનાર પુણ્યાત્માઓને વર્ષોથી ભાતું આપવામાં આવતું હતું. પણ કહેવાય છે કે, સૌરાષ્ટ્ર સરકારના વટ-હુકમથી માગસર વદિ ૧૧ ના દિવસથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ બંધ કર્યું છે. જૈન જનતાની જીભે બોલાઇ રહ્યું છે કે, બીજા વિશ્વયુદ્ધની સખ્ત મોંઘવારીમાં અને પાલીતાણા નામદાર ઠાકોર સાહેબના રાજ્ય અમલમાં જે પગલું નથી ભરાયું તે સૌરાષ્ટ્ર સરકારે ભર્યું છે તેથી સરકાર પ્રત્યે અસંતોષ વધ્યો છે. ભાતું અપાતું હતું ત્યારે શ્રી શત્રુંજયની તળેટીનો દેખાવ જે તસ્વીર લેવા જેવો રહેતો તે આજે ઉજ્જડ દેખાય છે. ભાવુક યાત્રાળુઓ યાત્રા કરી નીચે આવી ભાતું વાપરી ધર્મશાળામાં સુખેથી આરામ લેતા. તલાટીના ભાતાથી બીજા ગરીબ વર્ગનો નિર્વાહ પણ સુખેથી થતો હતો. જૈન સિવાય ઈતર કોમ પણ બોલી રહી છે કે, આ ઘણું ખોટું થયું છે, પણ હવે તેને સુધારે કોણ? આ માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી કામ કરી રહી હશે. પણ તદ્દસંબંધિ અહેવાલ કાંઈ પ્રાપ્ત થયો નથી. સરકારને આ પગલું ભરવા પાછળ શું આશય હશે તે તો આપણે કોઈ કલ્પી શકીએ નહિ પણ અનુમાન થાય છે કે, આજે સૌરાષ્ટ્રમાં દુષ્કાળ જેવી પરિસ્થિતિ પ્રવર્તી રહી છે અને અનાજ વગેરેના ભાવો સખ્ત છે, તેને અટકાવવા ખાતર આ પગલું ભરાયું હોય તો પણ ના ન કહી શકાય અથવા તો ૫૦ ઉપરાંત માણસોને જમાડવા ઉપર જે પ્રતિબંધ છે તે આડે આવતો હોય તો પણ ના નહિ, ગમે તે કારણ હો પણ તલાટીમાં જે ભાતું અપાય છે તે કાંઈ જમણવાર તરીકે અપાતું નથી, અને એ ભાતાથી ઉલ્ટી દુષ્કાળની પરિસ્થિતિમાં કેટલાક ગરીબ લોકોને રાહત છે. એટલું જ નહિ પણ જ્યારે ૨૫ માણસ ઉપરાંત નહિ જમાડવાનો કાયદો હતો ત્યારે પણ આ ભાતું ચાલુ જ રહ્યું હતું તો અમારી નામદાર સૌરાષ્ટ્ર સરકારને નમ્ર અરજ છે કે, આથી જૈનોની ધાર્મિક લાગણી દુભાણી છે, તો સત્વર ભાતું આપવાની પરવાનગી આપવા મહેરબાની કરે.

## ગિરિરાજનો રસ્તો.

શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર જવાનો રસ્તો ઘણા વખતથી સાફ થઇ રહ્યો છે, ઘણી જગ્યાએ પગથીયાં પણ થઈ ગયાં છે. સપાટ જમીન ઉપરથી પત્થરાઓ ઉપડાવી લઇ રસ્તો સાફ કરાવ્યો છે. યાત્રાળુઓને ચડવામાં તકલીફ ઓછી રહે એ જાતની મહેનત લેવાઈ રહી છે. હજુ રસ્તાનું કામ બાકી છે, પણ પાણીના અભાવે કામ અટક્યું હોય એમ લાગે છે. ઉપરના એકાદ કુંડ સિવાય બધા કુંડો પાણી વિનાના પડ્યા છે, એટલે પાણીની તંગી વધારે છે છતાં દરેક વિસામાએ યાત્રાળુઓને પાણી પીવા મળી રહે એના માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ ઘટતી વ્યવસ્થા કરી છે.

## ધર્મશાળાઓનો પ્રશ્ન.

લાંબા સમયથી પાલીતાણાની ધર્મશાળાઓનો પ્રશ્ન ચકડોળે ચડ્યો છે. છાપાંઓમાં પણ તે સબંધિ ઘણો ઉહાપોહ થતો રહ્યો છે પણ યાત્રાળુઓની હાલાકી જરા પણ ઓછી થઈ નથી, બલ્કે વધી છે. ઘણી વખત ધર્મ-

શાળાની ઓરડીઓ ખાલી હોવા છતાં ધર્મશાળાના મુનીમો ઓરડીઓ આપવા આનાકાની કરે છે. કાર્તિક શુદ્ધિ ૧૫ જેવા દિવસોમાં ઘણા યાત્રાળુઓ એક ધર્મશાળેથી બીજી ધર્મશાળે આથડે છે પણ બધી જગ્યાએથી 'ના' કારો મળે ત્યારે નિરાશ થઈ કાંતો રડી પડે છે અને કાંતો કોઈ સારા માણસની સલાહ લેવા દોડી જાય છે. એ વખતે યાત્રાળુનું હૃદય દુઃખથી કેટલું વલોવાતું હશે એતો ખરેખર એનો આત્માજ જાણી શકે.

સિંધી નિર્વાસિતોએ ધર્મશાળાનો ઘણો ભાગ રોકયો છે અને એથી પણ યાત્રાળુઓની હાડમારીમાં વધારો થયો છે. જ્યારે નિર્વાસિતોને ધર્મશાળાઓમાં સ્થાન આપવાની વાત થઇ ત્યારે કાર્તિક પુનમ પહેલાં ખાલી કરાવી આપવાનું શેઠ કસ્તુરભાઇએ ધર્મશાળાના મુનિમોને જણાવ્યું હતું. એના બદલે નિર્વાસિતો માટે આસો મહિના પછી ધર્મશાળાની વધુ ઓરડીઓનો કબજો લેવામાં આવ્યો છે.

લાખો રૂા. ખર્ચી શ્રી શત્રુંજયની પુણ્યભૂમિ ઉપર આલીશાન ધર્મશાળાઓ ઉભી કરવા પાછળ એકજ શુભ ઉદ્દેશ રહેલો છે કે, યાત્રાએ આવનાર યાત્રાળુભાઇ–બહેનોને ઉતરવાની સગવડતા રહે અને બે દિવસ વધારે રહી સુખરૂપે યાત્રા કરી શકે; ત્યારે આજે ધર્મશાળાઓની પરિસ્થિતિનું એવું કોકડું ગુચવાયું છે કે, આવનાર યાત્રાળુઓને મુશ્કેલીનો પાર નથી. યાત્રાળુઓની સેવા ઉઠાવવા માટે અને પુણ્યને હાંસલ કરવા માટે શ્રીમંત મહાશયોએ ધર્મશાળાઓ બંધાવી છે. એ સારૂં કામ પણ સમય જતાં કેવું પરિવર્તન પામે છે, એ આના ઉપરથી દેખાઇ આવે છે. ધર્મશાળા બંધાવ્યા પછી પણ તેની પાછળ વ્યવસ્થા અને ઉપયોગ કેવો થાય છે તેની તકેદારીની જરૂર છે. તકેદારીનાં પગલાં નહિ ભરવાથી સગવડતાને બદલે અગવડતા ઊભી કરે છે. ધર્મશાળા ન હોય અને હાડમારી ભોગવવી પડતી હોય તો યાત્રાળુઓને આટલું વસમું ન લાગે. પણ ૩૫ થી ૪૦ ધર્મશાળાઓ હોવા છતાં જગ્યા માટે આમતેમ આથડવું પડે એ ખરેખર જૈનો માટે એક દુઃખદ ઘટના છે.

આજે બે ગંજાવર નવી ધર્મશાળા મારવાડી અને પંજાબીભાઇ તરફથી તૈયાર થઈ રહી છે. આમ એક બાજુ ધર્મશાળાંઓ વધતી જાય છે અને બીજી બાજુ યાત્રાળુઓની હાલાકી પણ વધતી જાય છે.

નિર્વાસિતોને જૈનોનીજ ધર્મશાળામાં શા માટે? બીજાં ધર્માદા મકાનો કયાં નથી? તેમાં પણ ભાગે પડતા ઉતારવામાં આવે તો ધર્મશાળાની ઘણી રૂમો ખાલી થઇ શકે તેમ છે. નિર્વાસિતભાઇઓને સહકાર આપવાની શું દરેકની ફરજ નથી?

જૈનોના આચારથી તદ્દન વિરુદ્ધ આચાર નિર્વાસિતોના હોવાથી જૈનોની ધાર્મિક લાગણી દુભાય છે. આ કહેવું ખોટું નથી.

ધર્મશાળાઓની રૂમો ખાલી કરાવવા માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ સ્થિરતાવાસ કરીને રહેલા સાધુ–સાધ્વીજી મહારાજોને વિહાર કરી જવાની સૂચના કરી છે, અને ઓરડીઓ ખાલી કરાવે છે પણ નિર્વાસિતોથી જે ઓરડીઓનો મોટો ભાગ રોકાએલો છે તેના માટે હજુ સક્રિય પગલું ભરાયું હોય એમ અમારી જાણમાં નથી. ૧–૧–૪૯

## ભાતું આપવાની શરૂઆત થાય છે.

હળવી કલમનું લખાણ પ્રેસમાંથી પેજ થઈને આવ્યા પછી પોષ શુદ્ધિ ૬ ના રોજ યાત્રાળુઓને ભાતું આપવાની શરૂઆત થાય છે. પરવાનગી મળી ગઈ લાગે છે.

# તમારા આરોગ્યને માટે આટલું ધ્યાનમાં રાખો!—શ્રી કાંતિ

૧ રંગ મિશ્રિત ખાદ્યો, પેયો, કેક, બિસ્કિટ્સપરના 'આઇસીંગ્સ' દેશી–પરદેશી બનાવટની મીઠાઈઓ અને 'એનિલિન' રંગોવાળી દરેક વસ્તુ નુકશાન કરે છે.

૨ ભેજવાળા અને પાણીને આધારે બનતા તમામ ખાદ્ય પદાર્થો ભયજનક છે; કારણ કે, જ્યાં જ્યાં પાણી ત્યાં ત્યાં સામાન્ય જંતુઓ, રોગ ફેલાવતાં જંતુઓનો ભય તથા ભેગ–ચટણીઓ, 'ક્રોશી બીસ,' રસવાળાં શાક, દૂધની બનાવટો અને કચુંબરો નુકશાન કરે છે.

૩ ઉઘાડાં પડી રહેલાં તમામ પ્રકારનાં ખાદ્યો–જેમાં કાપેલાં ફળો, ઉઘાડા રહેતા ફળના રસ [Fruit Juice] અને દૂધની વાનગીઓ, ગરમીમાં લાંબો વખત આ પદાર્થો ઉઘાડા રહ્યા હોય તોપણ તેટલાજ નુકશાનકારક છે.

૪ દેશી મીઠાઇ અને વિલાયતી ઢબે દેશમાં બનતી ટોફીલોજેન્જિસ, લોબીપોપ્સ. ઇત્યાદિ કે જે ચીકણા સફેદ પારદર્શક કાગળ [Butter paper] કે એવા કોઇમાં વીંટાળેલી મળે છે, આ બધી અત્યંત અનારોગ્ય ભર્યા વાતાવરણમાં તૈયાર કરવામાં આવે છે અને સામાન્યતઃ કાગળમાં પેક કરવામાં આવે તે પહેલાં જંતુશીલ બની ગઇ હોય છે,

૫ ભૂંજેલા દાણા અને કઠોળ વિસ્મય થાય એટલી હદે જંતુ વિમુક્ત હોય છે; પરંતુ ફેરિયાઓ દ્વારા મીઠું, મરચું, ડુંગળી અને બીજા પદાર્થોનું મિશ્રણ થયે ખાસ કરી પ્રવાહી આંબલીનું પાણી, ચટણીઓ, ઇત્યાદિની મેળવણીથી અત્યંત નુકશાનકારક પદાર્થો બની જાય છે.

૬ કોઈપણ ખાદ્ય પદાર્થ અથવા ખાદ્ય પદાર્થોનું મિશ્રણ જેમાં ફેરિયાની આંગળીઓનો [મિશ્રણ સારૂ] છૂટથી ઉપયોગ થતો હોય તે દોષ યુક્ત છે. આથી તે તે પદાર્થો ભ્રષ્ટ બને છે. 'ખાદ્ય પદાર્થોના વેચાણમાં વેપારી ફેરિયાઓ જે સ્વછંદી રીતો અખત્યાર કરે છે, તે વધુમાં વધુ નુકસાનકારક હોય છે.'

૭ આઇસક્રીમ ફાલુદા, દૂધ કોલ્ડડ્રિંક અને બીજાં પીણાઓ જેમાં દુધનો ઉપયોગ કરવામાં આવે છે—જો વાસી ખરાબ દૂધનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તો નુકસાનકારક છે. મલાઇ, છાશ શિખંડ, બાસૂદી, અને દૂધપાક એ ઉઘાડાં રહેલાં હોય તો તેમાં જંતુઓ પ્રવેશી ચૂકયા હોય છે, આંતરડાનાં દરદો અને અજિર્ણદ્વારા થતા ભયંકર રોગો બગડી ગયેલ દૂધ અને તેની બનાવટોમાંથી ઉત્પન્ન થાય છે.

---

## અમારાં પ્રચાર કેન્દ્રો.

૧. પ્રવીણચંદ્ર ભોગીલાલ શાહ
ઠે. બજાર પેઠ, મુ. મુરબાડ [જી. થાણા]

૨. શા ભીખાભાઇ છગનલાલ
૮૮/સી. જિતેકર ચાલ; ઠાકોરદ્વાર રોડ.
ત્રીજે માળે મુંબઇ. નં. ૨

૩. વોરા વેલજી લાલજી
ઠે. શાંતિનીકેતન દિગ્વિજય પ્લોટ
જામનગર [સૌરાષ્ટ્ર]

૪. સેવંતિલાલ છગનલાલ શાહ
મુ. શમશેરપુર વાયા સિન્નર જિ. નાસિક.

૫. શા અમૃતલાલ મોહનલાલ સંઘવી
ઠે. હઠીભાઇ શેઠની વાડીના દરવાજે
મુ. અમદાવાદ,

૬. જૈન પ્રગતિ સંઘ–મુ. ઈડર.
એ. પી. રેલ્વે. [મહિકાંઠા].

૭. રસિકલાલ જી. શાહ.
૮૮, અભ્યંકર બિલ્ડીંગ સ્લેટર રોડ.
મુંબઈ. નં. ૭

૮. ગુલાબ કાર્યાલય
ગારીઆધાર–વાયા દામનગર.

# એક લેખકનું મૃત્યુ–પત્ર

મારા મરણ વખતે બધાં પેપર અહીં પથરાવજો,
મારી નનામી પેન્સીલો ને પેનથી બંધાવજો,
'સ્વાન' જેવી શુદ્ધ શાહીને બધે છંટાવજો,
ડાઘુઓ સહુ ફેરીયા ને 'તંતરીઓ' આવજો,
કોક ઉકરડા પરે જઇ ખાંભી મારી ખોડજો,
એટલા અક્ષર કૃપાથી એની ઉપર ચોઢજો,
'રાત દિ' જોયા–વિના જે મરચું ખાઈને મચ્યો,
કોસભર કોલમ ભર્યાં' તાં, તોયે લેખક ના બચ્યો,'

ભૂત ના થાઉં મરીને એવું ચાહો આપ જો,
ઉતરેલા 'ટાઇપ' કેરૂં દાન પુઠે આપજો,
રોટરીના રાજીયા મારી પૂઠે ગવડાવજો,
બ્લોક, કાળી બોર્ડરોથી મૃત્યુ નોંધ છપાવજો,
કોલમોના કેદખાને જે રહ્યો નિત્યે રચ્યો,
લક્ષધા લેખો લખ્યા'તા તોયે લેખક ના બચ્યો.

હું મરી જાઉં મગર મૂકી હજારોની મુડી,
ફેંદજો, શાંતિ ધરીને એક મારી ઓરડી,
વેચજો, પસ્તિયે થાશે સાઠ દનિયાં સાંધવા,
કોક કંદોઇ લઇ જાશે, પડીકાં બાંધવા,
છોડ છું હું ત્યાં ખર્યો, કે જ્યાં ખીલ્યો ને
જ્યાં લચ્યો,
સેંકડો 'સ્ટોરી.' લખી'તી, તોયે લેખક ના બચ્યો!

સર્વ ભૂતોની નિશાએ, જાગતો હું સંયમી'
ઢીંચી ચ્હાનાં કોડીયાં ને બીડીનાં ઠુંઠા ચુમી,
ચંપલોની ચાર જોડી, વર્ષમાં ઘસતો ભમી,
યંત્રવત્ 'આપી રહ્યો' તો કામ, એવો આદમી,
હું દટાયો એ ઢગે, જે હાથથી મારા રચ્યો,
નવસો નવલિકા લખી'તી તો યે લેખક ના બચ્યો,

લાકડાં તો નામનાં લેજો ભલા સમશાનમાં,
હું જલ્યો છું જીંદગીભર પેટના પુરાણમાં,
હાડ કેશ માળખામાં શું હશે બાકી ભલા?
જીવવા જેવું નથી જીવન હવે લાગે બલા,
લુખ્ખો સુક્કો રોટલોયે કેટલાને ક્યાં પચ્યો?
કલ્પના–કાવ્યો વીંખાયાં, રાંક લેખક ના બચ્યો.

કોઈ કમભાગી જગે લેખક સમું પ્રાણી નથી!
પ્રેરણા દેનાર, પોતે પામતો પાણી નથી!
છે દરિદ્રી, એની પીડા કોઇએ જાણી નથી,
છો બદલતા બેલ પણ બદલાતી આ ઘાણી નથી!
વિશ્વ સહુ કાજળ ભર્યું એ એક 'કાળાથી બચ્યો,'
નેકીને પંથે હતો હા! તોયે લેખક ના બચ્યો.

એકદા એની કબર પર આપ આવી પહોંચજો,
ત્યાં લખાયેલું હશે, એ વ્યગ્રતાથી વાંચજો,
"હું ગયો પોઢી અહીં છું, આપ પુંઠે પોઢજો,
છો કફન પામો નહી, બસ એક કાગળ ઓઢજો,
માનવી મૂવો હતો જે જીંદગીભર ના જચ્યો,
કાવ્યનો ઢગલો રચ્યો'તો તોયે લેખક ના બચ્યો"

[પ્રજાબંધુ] —નારદ

---

## 'કલ્યાણ'ના ગ્રાહકોને જ

શ્રી લબ્ધિસૂરીશ્વરજી જૈન ગ્રંથમાળા તરફથી 'ગુલાબ' માસિક શરૂ થયું છે. તેનો ચાલુ અંક 'કલ્યાણ' ના સભ્યો અને ગ્રાહકોને દોઢ આનાના સ્ટેમ્પ નીચેના સીરનામે બીડવાથી ભેટ મળી શકશે. 'ગુલાબ' માસિક બાળકોને માટે અતીવ ઉપયોગી છે.

શાહ પ્રવિણચંદ્ર ભોગીલાલ
જી. દાણા : : મુરબાડ
[ જી. આઈ. પી રેલ્વે ]

Reg N. B. **4925**

# પાઠશાળા, લાઈબ્રેરી અને પ્રભાવના ઉપયોગી સુંદર પ્રકાશનો

## પાઠશાળા ઉપયોગી

| | | |
|---|---|---|
| બે પ્રતિક્રમણ મૂળ | ૧૦૦ના | ૩૫-૦-૦ |
| બે પ્રતિક્રમણ સાર્થ | ,, | ૧૭૫-૦-૦ |
| પંચ પ્રતિક્રમણ મૂળ | ,, | ૧૦૦-૦-૦ |
| પંચ પ્રતિક્રમણ મૂળ પોકેટ | ,, | ૧૫૦-૦-૦ |
| પંચ પ્રતિક્રમણ સાર્થ | ,, | ૩૫૦-૦-૦ |
| પંચ પ્રતિક્રમણ વિધિ સહીત | ,, | ૨૦૦-૦-૦ |
| જીવવિચાર સાર્થ | ,, | ૭૫-૦-૦ |
| નવતત્ત્વ સાર્થ | ,, | ૨૫૦-૦-૦ |
| કર્મગ્રંથ ભાગ ૨ જો | ,, | ૩૫૦-૦-૦ |
| તત્ત્વાર્થ ઉષા | ,, | ૫૦-૦-૦ |
| નિત્ય સ્વાધ્યાય સ્તોત્ર | ,, | ૨૫૦-૦-૦ |
| પ્રકરણ માળા | ,, | ૩૫૦-૦-૦ |
| દેવવંદન માળા | ,, | ૨૦૦-૦-૦ |
| વિવિધ પૂજા સંગ્રહ ભાગ ૧ થી ૯ | ,, | ૪૦૦-૦-૦ |
| સ્નાત્ર પૂજા | ,, | ૨૦-૦-૦ |
| રત્નાકર પચીસી | ,, | ૧૨-૦-૦ |
| સુધારસ સ્તવનાવલિ | ,, | ૪૦-૦-૦ |
| નૂતન સ્તવનાવલિ | ,, | ૩૦-૦-૦ |
| જિનેંદ્ર સ્તવનાદિ | ,, | ૩૦૦-૦-૦ |
| સજ્ઝાય માલા | ,, | ૨૦૦-૦-૦ |
| પહેલી બુક સંસ્કૃત | ,, | ૧૫૦-૦-૦ |
| બીજી બુક ,, | ,, | ૩૫૦-૦-૦ |
| સંસ્કૃત ચૈત્યવંદન ચોવીસી | ,, | ૫૦-૦-૦ |
| સંવાદ સંગ્રહ | ,, | ૧૫૦-૦-૦ |
| પ્રાચીન સ્તવનાવલિ પોકેટ | ,, | ૧૨૫-૦-૦ |
| નવ સ્મરણ | ,, | ૬૦-૦-૦ |
| મોટી સંગ્રહણી સાથ | ,, | ૨૫૦-૦-૦ |
| સવાસો ગાથાનું સ્તવન સાર્થ | ,, | ૬૦-૦-૦ |
| વિશ્વરચના પ્રબંધ | ,, | ૧૫૦-૦-૦ |
| દંડક-સંગ્રહણી સાર્થ | ,, | ૧૭૫-૦-૦ |
| આત્માનંદ સ્તવનાવલિ | ,, | ૨૫-૦-૦ |

## લાઈબ્રેરી ઉપયોગી

| | | |
|---|---|---|
| સ્થુલિભદ્ર | ૧ના | ૪-૮-૦ |
| વિક્રમાદિત્ય હેમુ | ,, | ૫-૦-૦ |
| ભાગ્ય-નિર્માણ | ,, | ૩-૪-૦ |
| પાટમદે | ,, | ૪-૦-૦ |
| દેવકુમાર | ,, | ૩-૦-૦ |
| વીરધર્મની વાતો | ,, | ૨-૮-૦ |
| સોળ સતી | ,, | ૧-૮-૦ |
| મહાદેવીઓ | ,, | ૩-૮-૦ |
| સુકૃત સાગર | ,, | ૬-૪-૦ |
| પ્રેમભક્ત જયદેવ | ,, | ૪-૦-૦ |
| અભયકુમાર | ,, | ૩-૦-૦ |
| જગડુશાહ | ,, | ૩-૦-૦ |
| ચંદનબાળા | ,, | ૩-૦-૦ |
| ડગમગતું સિંહાસન | ,, | ૪-૦-૦ |
| ઈલાચી કુમાર | ,, | ૨-૮-૦ |
| પુરુષાર્થ | ,, | ૪-૦-૦ |
| ભગવાન ઋષભદેવ | ,, | ૪-૮-૦ |
| નરકેશ્વરી વા નરકેશરી | ,, | ૪-૮-૦ |
| મેતારજ | ,, | ૪-૪-૦ |
| સુંદરીઓનો શણગાર | ,, | ૪-૦-૦ |
| નમસ્કાર મહામંત્ર | ,, | ૨-૮-૦ |
| મહિયારણ | ,, | ૩-૦-૦ |
| જયાનંદ કેવળી ચરિત્ર | ,, | ૪-૦-૦ |
| કંસવધ | ,, | ૩-૦-૦ |
| શાંતિનાથ ચરિત્ર | ,, | ૭-૮-૦ |
| સંઘપતિ ચરિત્ર | ,, | ૬-૮-૦ |
| બાલ ગ્રંથાવલિ પ્ર. શ્રેણી | ,, | ૩-૦-૦ |
| બાલ ગ્રંથાવલિ બી. શ્રેણી | ,, | ૩-૦-૦ |
| સૂરીશ્વર અને સમ્રાટ | ,, | ૪-૦-૦ |
| મંત્રી શકટાળ | ,, | ૪-૮-૦ |
| વીશસ્થાનક કથા | ,, | ૧-૪-૦ |
| શંખેશ્વર પાર્શ્વનાથ | ,, | ૧-૬-૦ |

રૂા. પચાસ ઉપરાંતનો માલ મંગાવનારને સવા છ ટકા કમીશન મળશે. લીસ્ટ મંગાવો !

**સોમચંદ ડી. શાહ** જીવનનિવાસ સામે—**પાલીતાણા** [સૌરાષ્ટ્ર]

: મુદ્રક : અમરચંદ બહેચરદાસ મહેતા. શ્રી બહાદુરસિંહજી પ્રીં. પ્રેસ—પાલીતાણા.